વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૫૦મું
જુન : ૨૦૨૫
અંક : ૫૬૫

મંગલ મંદિર ● જૂન-૨૦૨૫ ● ૧
(કુલ પાના : ૬૮)

શ્રી કચ્છી જૈન સેવા સમાજ

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર




: મુખ્ય કાર્યાલય :

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન** (કોડાય-સુપ્રીમવાલા)

**શ્રી કચ્છી જૈન ભવન**

૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬

ફોન : (079) 4890 6002, 4890 6003, 4890 6004, 4890 6005

Email : kjssmangalmandir@gmail.com • website : www.kjss.org

# વિશ્વસનીયતા અનુભવો




વી–ટ્રાન્સ (ઈન્ડિયા) લિ. સાથે સંચાલનની મજબૂત પ્રક્રિયાઓ, મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર આધાર, વૈજ્ઞાનિક પદ્ધતિ, અત્યાધુનિક નિયોજન સાધનો અને તાલીમબદ્ધ તથા કટિબદ્ધ વ્યાવસાયિકો સાથે અખંડ લોજિસ્ટિક્સ સેવાઓ અનુભવો.

- **વી– ટ્રાન્સ– ભારતભરમાં સરફેસ ટ્રાન્સપોર્ટ– પીટીએલ, એફટીએલ, ઓડીસી.**
- **વી– એક્સપ્રેસ– મલ્ટીમોડલ અને ઈ–કોમ એક્સપ્રેસ લોજિસ્ટિક્સ, જે 1 લાખથી વધુ સ્થળે સેવા આપે છે.**
- **વી– લોજિસ– સમર્પિત અને શેર્ડ ફેસિલિટીઝ સાથે પરિપૂર્ણ વેરહાઉસ સમાધાન.**

**મુખ્ય વાસ્તવિકતાઓ**

**1,00,000** સંતુષ્ટ ગ્રાહકો

**850 +** શાખા

વિવિધ ઉદ્યોગમાં **2.4** મિલિયન ટન

**1.2** મિલિયન ચો.ફૂટ વેર–હાઉસિંગ જગ્યા

**1500 +** જીપીએસ અભિમુખ ફ્લીટ

ISO **9001 : 2015** એક્રેડિટેશન

**3300 +** જોશીલા વ્યાવસાયિકો

વી–ટ્રાન્સ (ઈન્ડિયા) લિમિટેડ,
06, કોર્પોરેટ પાર્ક, વી એન પુરવ માર્ગ, ચેમ્બુર, મુંબઈ– 400 071.

9892644665 marketing@vtransgroup.com www.vtransgroup.com

V-TRANS®
Driving Excellence

Other Divisions: V-Xpress | V-Logis

JIVRAJ

DR. JIVRAJ MEHTA SMARAK HEALTH FOUNDATION

BAKERI MEDICAL RESEARCH CENTRE

NABL

# સાચી અને સારી સારવાર ની ચિંતા ના કરતા
# આધુનિક જીવરાજ છે ને




1 Lac+ Operations

20 Lac+ Patients Treated

200+ Hospital Beds

350+ Doctors

Celebrating **35 Years**

079 2663 6363 jivrajhealthcare.org info@jivrajhealthcare.org

ડૉ. જીવરાજ મહેતા હોસ્પિટલ, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર

મંગલ મંદિરને

સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવારની

# હાર્દિક શુભેચ્છાઓ

જિંદગી એ કિસ્મતનો ખેલ છે.
જો બુદ્ધિથી જિંદગી બનતી હોત
તો આજે વાણિયાના રજવાડા હોત
અને બધું મહેનતથી મળતું હોત તો
મજૂરોને પણ ઓડી ગાડી હોત.

દર્દ બધાના એક સરખા હોય છે
પરંતુ મનની મજબૂતાઈ
દરેકની અલગ અલગ હોય છે.
કોઈ હતાશ થઈને હારી જાય છે
તો કોઈ સંઘર્ષ કરીને તરી જાય છે.

**સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવાર**

(તલવાણા - ગાંધીનગર - યુ.એસ.એ.)

છેલ્લા ૪૮ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું

મુખપત્ર : **"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૨ થી ૬૦૦૫

ઈ-મેઈલ : kjssmangalmandir@gmail.com

વેબ-સાઈટ : www.kjss.org

**તંત્રી મંડળ**

- **અશોક મહેતા – મુખ્ય તંત્રી**
  **મો. ૯૮૭૯૦ ૬૩૧૦૦**
- **ફાલ્ગુની હિરેન – સભ્ય**
  **મો. ૯૮૨૫૦ ૧૬૬૭૭**
- **ચૌલા કુરૂવા – સભ્ય**
  **મો. ૯૩૨૭૦ ૭૫૪૮૮**
- **રસિક ખીમજી મહેતા – સભ્ય**
  **મો. ૯૩૨૮૨ ૪૯૦૬૯**
- **પ્રભુલાલ કપૂરચંદ સંઘવી – સભ્ય**
  **મો. ૯૭૯૭૮ ૮૧૭૨૦**

**કવર પેઇજ ડિઝાઈન**

**પ્રદીપ મહેતા : મો. ૯૮૨૫૦ ૬૧૧૬૦**

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## લેખકોને નમ્ર વિનંતી

'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.

એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.

ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.

*– મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા

## ભાગ-૧ : સંસ્થા સમાચાર તથા અન્ય

### તંત્રી લેખ

- ભારતમાં નૈતિકતા અને ભ્રષ્ટાચારી ...... **અશોક મહેતા** ...... ૭
- અંચલ ઠાકોર : હિંમત અને આશાની કહાની ...... **હિરેન શાહ** ...... ૧૩
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
  એન્યુઅલ સ્ટાફ મીટિંગ – ૨૦૨૫ ...... **વિશાલ એમ. શાહ** ...... ૧૫
- તા. ૨૭-૦૪-૨૦૨૫ના રોજની એન્યુઅલ સ્ટાફ મીટિંગ કાર્યક્રમના પ્રતિભાવ ...... ૧૬
- પુસ્તક પરિચય : "અંધકારમાં ઉજાસ" ...... **હસમુખ આચાર્ય** ...... ૧૭
- ઉડતી નજરે ...... ૧૮
- અતીતના ઓવારેથી : મણકો-૨૨ ...... ૨૦
- 'મંગલ મંદિર'નું લવાજમ ભરનારાઓના નામની યાદી ...... ૨૨
- સવાલ અમારો... જવાબ તમારો.. : મણકો-૨૬ ...... **સંયોજક : પ્રભુલાલ કે. સંઘવી** ...... ૨૩
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી ...... ૨૫
- દેશ - વિદેશ ...... **ચૌલા કુરૂવા** ...... ૨૮
- જ્ઞાન વિજ્ઞાન / વૈજ્ઞાનિક માહિતી ...... **સંકલન : રસીક ખીમજી મહેતા** ...... ૩૦
- સરનામા ફેરફાર ● અવસાન નોંધ ● સાભાર સ્વીકાર ...... ૩૨
- ***Nano Nine*** શબ્દ રમત-૨૧૯ ...... **સંકલન : રજનીકાંત પારેખ** ...... ૩૩
- ***Nano Nine Sudoku*** (ક્રમાંક-૧૧૭૭) ...... **સંકલન : રજનીકાંત પારેખ** ...... ૩૫
- પ્રતિભાવ ...... ૩૬
- અન્ય સંસ્થાના સમાચાર ...... ૩૮

## ભાગ-૨ : લેખ વિભાગ તથા અન્ય

### પ્રેરણાત્મક પ્રસંગો

- મણકો-૩૨ : ફાટેલી નોટ
  મણકો-૩૩ : માતા-પિતાનું ઘર ...... **સંકલન : ડૉ. આશિષ ચોક્સી** ...... ૩૯

### સ્વાતંત્ર્ય સંગ્રામના ૭૫ શૂરવીરો

- મણકો-૧૮ : રાની ચેન્નમ્મા ...... **રાજ ભાસ્કર / અનંત શુક્લ / મધુકાંત પ્રજાપતિ** ...... ૪૦

### એરિસ્ટોક્રેટ્સ

- પ્રકરણ-૧૫ : ઓસવાલ શ્રેષ્ઠી – ૮ ...... **દેવેન્દ્ર પટેલ** ...... ૪૧

### પાણી રીચાર્જ

- ગ્લોબલ કચ્છ સંસ્થા દ્વારા
  સમગ્ર કચ્છમાં બંધ બોરવેલ / કૂવા રીચાર્જનું અભિયાન ...... **મયૂર દેઢિયા** ...... ૪૪

### ટ્રાવેલીંગ

- કચ્છની મુસાફરી ...... **વસંત 'કચ્છ કેસરી'** ...... ૪૫

### ૧૯૭૧નું યુદ્ધ

- ૧૯૭૧ના યુદ્ધ વખતે દેવ ગઢવીનું કાર્ટુન વખણાયું હતું ...... **જગદીશચંદ્ર છાયા** ...... ૪૬

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના

**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**ઉપપ્રમુખ-૨**
શ્રી હિરેન કુંવરજી શાહ
મો. ૯૮૨૫૦ ૧૩૭૧૫

**માનદ્ મંત્રી**
શ્રી રજનીકાંત ધરમશી પારેખ
મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧

**સહમંત્રી**
શ્રી વિશાલ મહેન્દ્ર શાહ
મો. ૯૪૨૮૩ ૫૦૦૩૮

**ખજાનચી**
શ્રી વિમેશ ગુલાબચંદ શાહ
મો. ૯૮૭૯૧ ૧૦૪૬૭

**સહ ખજાનચી**
શ્રી દેવેશ દિલીપ દંડ
મો. ૯૩૨૭૯ ૧૮૫૭૭


**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kjss.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**


## સાઈબર ક્રાઈમ
● જાણકાર બનીએ... સતર્ક રહીએ... .......... **ડૉ. નાનક ભટ્ટ**..... ૪૭

## સંવેદનાના ફૂલ
● ગણતરીપૂર્વકની જ સેવા કરતી ઘણી વ્યક્તિ અને સંસ્થા .......... **મનીષ જોષી "મૌન"**..... ૫૨

## પુસ્તક સમીક્ષા
● ઐતિહાસિક પૃષ્ઠભૂમિ પર આધુનિક ખતરાની દિલધડક કહાની
"લવ યુ કચ્છ" .......... **ડૉ. પૂર્વી ગોસ્વામી**..... ૫૦

## ભીંત ચિત્રો
● "ગુજરાતનો વિસરાતો ભીંત ચિત્રોનો કલા વૈભવ" .......... **નરેશ અંતાણી**..... ૫૧

## વિશિષ્ટ દિવસ
● વિશ્વ સાઈકલ દિવસ .......... **ડૉ. મિહિર એમ. વોરા**..... ૫૨

## વિશિષ્ટ વ્યક્તિ
● ગુજરાતના રાજ્યપાલ અને ગાંધીવાદી રાજપુરુષ :
ડૉ. શ્રીમન નારાયણ અગ્રવાલ .......... **ભરત'કુમાર' પ્રા. ઠાકર**..... ૫૪
● સરસ્વતી પુત્ર "એકલવીર" ધીરજ છેડાની જીવનગાથા .......... **વસંત મારૂ**..... ૫૬

## તંદુરસ્તી
● માનસિક સ્ટ્રેસની શરીર પર અસર : ૫ .......... **ડૉ. મણિલાલ ગડા, સિનિયર મનોચિકિત્સક**..... ૫૮
**ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક**
● ડાયાબિટીસની આંખ પર આડઅસર (Diabetic Ratinopathy) ..... **ડૉ. કમલેશ એન. શાહ**..... ૬૦

## તીર્થ દર્શન
● દર્શન-૭૮ : શ્રી હસ્તિનાપુર તીર્થ (શ્રી શાંતિનાથ ભગવાન)
● દર્શન-૭૯ : શ્રી સૌરીપુર તીર્થ (શ્રી નેમિનાથ ભગવાન).......... **પ્રેષક : કે.ડી. શાહ**..... ૬૧

● લઘુકથા : જોઈએ છે...??? .......... **પ્રેષક : નવનીત પટેલ**..... ૬૨

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
★ **બાળવર્ગથી ઉપરના ઉત્તીર્ણ થયેલા તમામ વિદ્યાર્થીઓ માટેનું ગૂગલ ફોર્મ..... ૬૩**
★ **ઇતર પ્રવૃત્તિ માહિતીપત્રક : ગૂગલ ફોર્મ.......... ૬૪**

## આ અંકમાં સમાવિષ્ટ કરેલ કાવ્યો
● દિલની જલન .......... ૧૩
● મુક્તક .......... **અરવિંદ સોમૈયા**..... ૩૧
● હાઈકુ .......... **હસમુખ રામદેપુત્રા**..... ૪૮
● રાખું છું .......... **કેતના છેડા 'કેતુ'**..... ૪૯



Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**.
Printed at : **Gajanand Offset,** Amraiwadi, Ahmedabad.
Published at : **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. ● **Editor : Mr. Pratap Dand** ● **Yearly Subscription : Rs.150/-**

તંત્રી લેખ

# ભારતમાં નૈતિકતા અને ભ્રષ્ટાચારી

અશોક મહેતા

સદીઓ સુધી ભારત દેશ મોઘલો અને અંગ્રેજોના હાથ નીચે ગુલામી ભોગવતો રહ્યો. તેઓએ આ દેશની જનતાને ચૂસવામાં કંઈ કમી ના રાખી. ૧૯મી અને ૨૦મી સદીમાં ભારતે આઝાદી માટે લડત ચલાવી. દેશભક્તોએ અનેક સ્થળે જીવ સટોસટની બાજી ખેલી. પરિણામે અનેક દેશભક્તો આઝાદીના જંગમાં હોમાઈ ગયા. દક્ષિણ આફ્રિકાથી આવીને મોહનદાસ કરમચંદ ગાંધી પણ આઝાદીની લડતમાં જોડાઈ ગયા. તેઓએ દેશવાસીઓને અહિંસાનો મંત્ર આપ્યો. તેમની કાર્યવાહીના કારણે તેઓ જતે દહાડે 'મહાત્મા ગાંધી'નું બિરૂદ પામ્યા. જવાહરલાલ નહેરુ, સરદાર વલ્લભભાઈ પટેલ વગેરે અનેક દેશભક્તો તેમની સાથે જોડાઈ ગયા. પરિણામે ભારત દેશે ૧૯૪૭માં આઝાદી પ્રાપ્ત કરી.

એ સમયે લોકોના દિલમાં દેશદાઝ અને દેશભક્તિની આકાંક્ષાઓ જાગેલ હતી. દરેક દેશવાસીને પૂરતું કામ અને રોજી-રોટી મળી રહેશે. કોઈ પણ સ્થળે ભૂખમરાની પરિસ્થિતિ ઊભી નહીં થાય. દેશ આબાદી તરફ આગળ વધતો રહેશે. દેશમાં આપણે ચારેબાજુ સ્વર્ગીય વાતાવરણ ઊભું કરી શકીશું. સમાજમાં આદર્શ અને નીતિમત્તાના ઉચ્ચ ધોરણો સ્થપાશે. લોકો પ્રામાણિકપણે પોતાના કાર્યો કરતા રહેશે. ક્યાંય પણ ખરાબ - ખોટું આચરણ નહીં થાય. લોકો પ્રામાણિકતા નિભાવી તેમની જિંદગી આગળ ધપાવશે. લોકો શાંતિપૂર્વકનું જીવન વ્યતીત કરી શકશે.

એ સમયે દરેક ગામમાં યોગ્ય દિવસે પ્રભાત ફેરી નીકળતી હતી. વિદ્યાર્થીઓ તેમાં જોડાતા હતા અને 'જય ભારત'ના સૂત્રો પોકારાતા હતા. આ તંત્રીલેખ લખનારે પણ આ પ્રકારની પ્રભાત ફેરીમાં જોડાઈ આ પ્રકારના વિચારો વ્યક્ત કરેલ હતા અને અનુભવેલ પણ હતા. એ સમયે દરેક લોકોએ ભાઈચારાથી આગળ વધવાના સ્વપ્ન જોયેલ હતા.

આજે આઝાદી મેળવ્યાને ૭૫ વર્ષથી પણ વધુ સમય થઈ ગયો. આઝાદી પછીના સમયગાળાનું નિરીક્ષણ કરીએ તો ભારત દેશના લોકો શિક્ષણ ક્ષેત્રે અને ટેકનોલોજીમાં સારા એવા આગળ વધ્યા છે. વ્યાપાર ધંધામાં પણ સારું એવું કાઠું કાઢેલ છે. દરેક ક્ષેત્રમાં પ્રગિત તરફની કૂચ દેખાય છે. અનેક લોકો બે ટાઈમ રોજી-રોટી મેળવવામાં સફળ થયા છે. આજે આઈ.ટી., એ.આઈ. ટેકનોલોજી તથા બ્રહ્માંડની સફરોની વાતો કરી એ દિશામાં આગળ વધવા કોશિશ થઈ રહી છે. લોકો ઉત્સાહથી પણ આગળ વધી રહ્યા છે.

પરંતુ આપણે નીતિમત્તા અને પ્રામાણિકતાના ધોરણો ચૂકી ગયા છીએ. આપણા દરેક કાર્યમાં ભ્રષ્ટાચાર ખૂબ જ વ્યાપી ગયેલ છે. આપણે આ ક્ષેત્રે અધોગતિના કિનારે આવીને ઊભા છીએ.

સમગ્ર દેશમાં અત્યારે બે પ્રકારની પ્રક્રિયા અસ્તિત્વમાં આવેલ છે કે જે દરેકને સંપૂર્ણપણે સમજાઈ રહેલ છે અને દરેક તેનાથી વિસ્મયતા પણ પામે છે.

પ્રથમ પ્રકારની વાત કરીએ તો તે છે સામાજિક ક્ષેત્ર. દરેક જ્ઞાતિના સમાજની રચના થવા પામેલ છે. સમાજ રચનાના કાર્યકરો આજે પણ પ્રામાણિકતાથી અને હોંશપૂર્વક સમાજની આગેકૂચના કાર્યો કરે છે. જરૂર પડે તો પોતાના પૈસે કાર્ય કરી આગળ વધે છે પરંતુ સમાજમાંથી એક પણ પૈસો મેળવવાની આશા રાખતા નથી. અહીં નીતિમત્તાના ઉચ્ચ ધોરણો સ્થાપિત થયેલા કોઈને પણ દષ્ટિગોચર થઈ શકે છે. અહીં નીતિમત્તાપૂર્વક, પ્રામાણિકતાથી અને ઉત્સાહથી કાર્યો કરવામાં આવી રહેલ છે.

પરંતુ સમાજ સેવાના ક્ષેત્ર સિવાયની વાત કરીએ તો ભારતભરના એકે એક પ્રદેશમાંના લોકો જાહેર જીવન અને પ્રામાણિકતાના રસ્તેથી ફંટાઈ ગયેલ છે. નીતિમત્તા અને પ્રામાણિકતાના ધોરણોનું પુષ્કળ પ્રમાણમાં અવમૂલ્યન થયેલ છે. તદુપરાંત દરેક ક્ષેત્રમાં ભ્રષ્ટાચારનું પ્રમાણ ખૂબ જ વધી ગયેલ છે.

આજે પણ એ એક આશ્ચર્યજનક બીના બની રહે છે કે એક જ સ્થળે, એક જ સમયે, એક જ સમાજમાં ઉછરેલ

બે વ્યક્તિ – જ્ઞાતિ સમાજ કાર્યકર અને અન્ય રીતે જાહેર જીવન / રાજકારણના કાર્યકરની નીતિમત્તામાં આટલો તફાવત કેમ બની શકે છે?

શક્ય હશે કે આઝાદી પછી દેશના શિક્ષણશાસ્ત્રીઓએ ભૂતકાળના ઈતિહાસ અને કહાનીઓથી જ વિદ્યાર્થીઓના અને સમાજના લોકોનું ઘડતર કરેલ હશે. તેઓમાં પ્રામાણિકતા અને નીતિમત્તાના અંશ રગેરગમાં ફેલાઈ જાય તેવી શૈક્ષણિક વ્યવસ્થા પર ધ્યાન નહીં આપેલ હોય કે જેના પરિણામે આ દેશની પ્રજા ખૂબ જ અધોગતિ તરફ આગળ વધી રહેલ છે. સાથે સાથે ભ્રષ્ટાચારી પણ બની ગયેલ છે.

ચાલુ વર્તમાનપત્રોના દરરોજના પ્રસારિત થતા સમાચારોમાં કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, વિવિધ કોર્પોરેશનો, અધિકારીઓ, કર્મચારીઓ, જાહેર જીવનના સેવાભાવી સેવકો અને જનતાના અમુક પરિવારોના લોકોના દુર્વ્યવહાર અને અકર્તવ્યતાના સમાચારો આવતા રહે છે. તેમ છતાં આ દેશના શાસકો અને માંધાતાઓનું લોહી ઉકળી જતું નથી.

ભવિષ્યમાં શિક્ષણશાસ્ત્રીઓએ અને જ્ઞાતિ સમાજના કાર્યકરોએ / સેવકોએ આ દેશના વિદ્યાર્થીઓમાં નાનપણથી જ પ્રામાણિકતા અને નીતિમત્તાના બીજ રોપાય તેવી શિક્ષણપ્રથા લાવવી પડશે કે જેના વગર આ દેશને ભ્રષ્ટાચાર અને દુર્વ્યવહારના કળણમાંથી બહાર કાઢી શકવાનું શક્ય નહીં બને.

વાચકવર્ગના ધ્યાનમાં આવે એટલા માટે તાજેતરના સમયના વર્તમાનપત્રોમાં પ્રસારિત થયેલ અનૈતિક વ્યવહારોના સમાચારની કેટલીક નોંધ અત્રે મૂકેલ છે કે જેનું વાંચન કરીને આપણો દેશ, રાજ્ય અને સમાજ કેવી પરિસ્થિતિમાં જીવન વ્યતીત કરી રહેલ છે તેનો ખ્યાલ આવી શકે અને તેના ઉપાય તરીકે દરેકે દરેક વ્યક્તિ સજાગ થઈ આપણો દેશ નૈતિકતા તરફ કઈ રીતે ફંટાય તેના પ્રયત્નો જારી રાખી શકે.

ભારત દેશની જ્ઞાતિ સમાજની દરેક વ્યક્તિ આ ક્ષેત્રે કાર્ય આગળ વધારવાની જવાબદારી સ્વિકારશે તો જ ભારત દેશને અનૈતિકતા અને ભ્રષ્ટાચારના કળણમાંથી આપણે બહાર કાઢી શકીશું.

## તાજેતરના વર્તમાનપત્રોમાં પ્રસારિત થયેલ અનૈતિકતાના કેટલાક બનાવો

| તારીખ/વર્ષ | સ્થળ | સમાચારો / બનાવો |
|---|---|---|
| ૨૦૨૪-૨૫ | અમદાવાદ | ● અમદાવાદમાં બહુ ગાજેલો ખ્યાતિ હોસ્પિટલનો ખ્યાતિ કાંડ. |
| ૨૦૨૪-૨૫ | ગુજરાત | ● રાજકોટના ગેમ ઝોનમાં લાગેલી આગ. |
| ૨૦૨૪-૨૫ | ગુજરાત | ● ગુજરાતનો BJS કૌભાંડ. |
| ૨૦૨૪-૨૫ | અમદાવાદ | ● વી.એસ. હોસ્પિટલની ક્લિનિકલ ટ્રાયલની ગેરરીતિ. |
| ૧૯-૩-૨૫ | ભારત | ● મુંબઈથી કારોબાર ચલાવતા મેઘ શાહ અને પુત્ર મહેન્દ્ર શાહનો ૧૦૦ કરોડનો દલ્લો. પાલડીના તેમના ઘરમાં ૧૦૭ કિલો સોનું અને દાગીના મળ્યા. તેમાંનું ૫૨ કિલો સોનું દાણચોરીનું હતું. તેમનો ગુનો DRIમાં નોંધાયો. |
| ૨૫-૩-૨૫ | ગુજરાત | ● બીઝેડ કૌભાંડના સૂત્રધાર ભૂપેન્દ્રસિંહ ઝાલા સામે બાવીસ હજાર પાનાનું ચાર્જશીટ. ૯૮૯૬ રોકાણકારોના રૂા. ૧૭૨ કરોડ જેટલી રકમ ચૂકવવાની બાકી નીકળે છે. |
| ૨૫-૩-૨૫ | ગુજરાત | ● બેંકનું હાઈપીચ એસેસમેન્ટ કરનાર આવકવેરા અધિકારીને કોર્ટે રૂા. ૧ કરોડનો દંડ કર્યો. અસ્તિત્વ જ ન ધરાવતી 'ઓરીએન્ટલ બેંક ઑફ કોમર્સ'ને રૂા. ૬૪૮ કરોડની ડિમાન્ડ મોકલી આપી. અધિકારીએ મગજ વાપર્યા વગર ઓર્ડર કર્યો. વડોદરાના કમિશનરે વિચાર્યા વિના મંજૂર કર્યો કે જેની હાઈકોર્ટે ટીકા કરી. |

| તારીખ/વર્ષ | સ્થળ | સમાચારો / બનાવો |
|---|---|---|
| ૨૫-૩-૨૫ | ગુજરાત | • ગુજરાતમાં ઉદ્યોગની આડમાં ડ્રગ્સ બનાવવાનો વ્યાપાર ચાલુ. ડ્રગ્સના હપ્તા ગાંધીનગર તથા કમલમ સુધી પહોંચાડવામાં આવે છે. |
| ૨૬-૩-૨૫ | ભારત | • જસ્ટીસ યશવંત વર્માના ઘરે દિલ્હીમાં આગ લાગી ત્યારે બળી ગયેલી હાલતમાં તથા આખી રૂા. ૧૫ કરોડથી રૂા. ૨૫ કરોડની નોટો મળ્યાનો દાવો. |
| ૨૯-૩-૨૫ | ભારત | • આસામના સી.એમ. સાથે સંકળાયેલી બેંકમાં કથિત રૂા. ૫૦ કરોડના કૌભાંડથી વિવાદ. |
| ૨૯-૩-૨૫ | ગુજરાત | • ખુદ ધારાસભ્ય કિરીટ પટેલે પોતાના કામ માટે સરકારી અધિકારી સાથે નાણાંનો વ્યવહાર કરવો પડ્યો. તેમણે જણાવ્યું કે સરકારી કર્મચારીઓમાં 'વ્યવહાર' કર્યા વિના લોકોના કામો થતા નથી. ધારાસભ્ય કિરીટ પટેલે ગૃહમાં ઉભરો ઠાલવતા કહ્યું કે મારી NA ની ફાઈલમાં ૨૦ વાંધા રજૂ કરાયા હતા. પૈસા આપ્યા બાદ તરત જ કામ થઈ ગયું. |
| ૨૯-૩-૨૫ | ગુજરાત | ગુજરાતની તબીબી સેવામાં પોલંપોલ ચાલે છે : કેગ<br>• આરોગ્ય કેન્દ્રોમાં ૨૩ ટકા ડૉક્ટર્સ, ૬ ટકા નર્સ અને ૨૩ ટકા પેરા મેડિકલ સ્ટાફની અછત હોવાનું કેગનું તારણ. સ્પેશિયલ ડોક્ટરોની મંજૂર કરેલી જગ્યાઓમાં મેડિકલ કોલેજમાં ૨૮ ટકા, જિલ્લા હોસ્પિટલોમાં ૩૬ ટકા અને જિલ્લાની પેટા હોસ્પિટલોમાં ૫૧ ટકા ડૉક્ટરોની અછત.<br>• મહિલા અને બાળ વિકાસના મોરચે સરકારની નબળી કામગીરી. સહાયક પોષણ કાર્યક્રમના લાભથી ૬૪ લાખ બાળકો વંચિત રહ્યા. ૩૬૮૧ આંગણવાડીઓ ખુલ્લી જગ્યામાં ચાલતી હોવાનું કેગનું અવલોકન... ૩૭ લાખ બાળકો આંગણવાડીના લાભથી વંચિત.<br>• કેગના રીપોર્ટમાં આરોગ્ય વિભાગની સ્થિતિ પણ ઉજાગર કરવામાં આવી.<br>ગુજરાતમાં અયોગ્ય વેરહાઉસ પરિસ્થિતિ : ૫ વર્ષમાં ૪ કરોડ દવાઓ એક્સપાયર થઈ. |
| ૨-૪-૨૫ | ગુજરાત | • ડીસામાં ફટાકડાની ગેરકાયદે ચાલતી ફેક્ટરીમાં આગ. ૨૧ લોકોના મોત થયા. માત્ર ફટાકડા વેચવાની મંજૂરી હોવા છતાં અધિકારીઓની મીઠી નજર હેઠળ અહીં ફટાકડાનું ઉત્પાદન કરાતું હતું. |
| ૧૦-૪-૨૫ | ગુજરાત | • ભાવનગરના તત્કાલીન આરોગ્ય નિયામકની તરફેણમાં અભિપ્રાય આપવા માટે આરોગ્ય વિભાગના અધિક સચિવ દિનેશ પરમારે રૂા. ૩૦ લાખની લાંચ માંગી. અધિક સચિવ માટે વહીવટ કરવા સરકારી ડેન્ટલ કોલેજ - અસારવાના નિવૃત્ત ડીન ગિરીશ પરમાર રૂા. ૧૫ લાખની લાંચ લેતા રંગે હાથે ઝડપાયા. |
| ૧૮-૪-૨૫ | ગુજરાત | • રૂા. ૩૦ લાખની માંગણીના ચકચારભર્યા કેસમાં આરોગ્ય વિભાગના અધિક સચિવ દિનેશ પરમારની ધરપકડ. ડેન્ટલ વિભાગના નિવૃત્ત ડીન ગિરીશ પરમારના રીમાન્ડ બાદ જેલમાં. એ.સી.બી.ના સપાટાથી સરકારમાં ખળભળાટ. |
| ૨૦-૪-૨૫ | અમદાવાદ | • વી.એસ. હોસ્પિટલમાં ૪ વર્ષમાં વિવિધ પ્રકારના દર્દી પર ક્લિનિકલ ટ્રાયલ પરીક્ષણ કરાયા. ૫૮ ફાર્મા કંપનીઓએ માનવોના જીવની પ્રયોગશાળા બનાવી. ફાર્મા કંપનીઓ ટ્રાયલ દીઠ દર્દીઓને ૨૦૦ થી ૫૦૦ રૂપિયા ચૂકવતી હતી. |
| ૨૦-૪-૨૫ | કચ્છ | • જિંદાલ કંપનીને આર્થિક ફાયદો પહોંચાડવાનો કેસ. કચ્છના પૂર્વ કલેક્ટર પ્રદીપ શર્મા સહિત ૪ જણને ૫ વર્ષની સખ્ત કેદની સજા. અમદાવાદની ઈ.ડી. કોર્ટે અગાઉ ફટકારેલી ૫ વર્ષની સજાનો સમયગાળો પૂરો થયા બાદ આ સજાનો સમયગાળો શરૂ થશે. |

| તારીખ/વર્ષ | સ્થળ | સમાચારો / બનાવો |
|---|---|---|
| ૨૧-૪-૨૫ | ભારત | ● વિલફૂલ ડિફોલ્ટરોએ બેંકની કમર તોડી નાંખી. બેંકને ૧.૯૬ લાખ કરોડ રૂપિયાનો ચૂનો ચોપડ્યો. કારણભૂતમાં કડક પગલાનો દેખીતો અભાવ. |
| ૨૩-૪-૨૫ | ગુજરાત | ● ગુજરાતમાં ક્લિનિકલ ટ્રાયલનો એક હજાર કરોડનો કાળો કારોબાર. ગરીબ યુવાનો તથા બેરોજગાર યુવાનો ફાર્મા કંપનીઓના નિશાના પર. લોન લેવી તેના કરતાં ક્લિનિકલ ટ્રાયલમાં જઈ રૂા. ૧૦-૧૫ હજારની લાલચમાં યુવાનો જીવના સોદા કરે છે. |
| ૨૫-૪-૨૫ | અમદાવાદ | ● હેડ કોન્સ્ટેબલ વિજય માળી પાસે ૪ મકાન, ૩ કાર અને ૨૬ લાખની એફ.ડી. મળી આવી. અમદાવાદના જુદા જુદા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવી ચૂકેલા પોલીસકર્મી સવા કરોડથી વધુની અપ્રમાણસર મિલ્કતનો ACBમાં ગુનો નોંધાયો. |
| ૩૦-૪-૨૫ | અમદાવાદ | ● અમદાવાદના ચંડોળામાં 'મિની બાંગ્લાદેશ'નો સફાયો. તંત્ર એકદમ જાગ્યું. હડપ કરાયેલી ૧ લાખ ચો.મી. જગ્યા ખુલ્લી કરાઈ. 'લલ્લા બિહારી'ના ફાર્મ હાઉસ ખાતે ૧૫૦ ગેરકાયદે દબાણ સહિતની જગ્યાઓ પર બુલડોઝર ફેરવ્યું. ૨૫ વર્ષના ભાજપના શાસનમાં અ.મ્યુ.કો. નિદ્રાધીન રહેતાં ગેરકાયદે બંગલા, રીસોર્ટ અને હજારો ઝુંપડા ચંડોળા તળાવમાં બંધાતા રહ્યા. ટેરર નેટવર્ક, ડ્રગ્સ કારટેલ, ઘૂસણખોરી, વેશ્યાવૃત્તિ અને મની લોન્ડરીંગના કારણોસર ક્રાઈમ બ્રાંચે કાર્યવાહી કરી. |
| ૧-૫-૨૫ | ભારત | ● કલંકિત નેતાઓમાં મહિલાઓ પણ પાછળ નથી : એડીઆરનો રીપોર્ટ. દેશમાં કુલ ૧૪૩ મહિલા સાંસદો અને ધારાસભ્યો સામે ક્રિમિનલ કેસ ચાલે છે. |
| ૨-૫-૨૫ | ભારત | ● ૧૩ વર્ષના માસૂમ વિદ્યાર્થી દ્વારા શિક્ષિકાને ૫ માસનો ગર્ભ રહ્યો. પૂના પોલીસે શિક્ષિકાના એક દિવસના રીમાન્ડ મેળવ્યા. |
| ૨-૫-૨૫ | ગુજરાત | ● સુરત પોલીસના મહિલા PSI તથા રાઈટર રૂા. ૬૩ હજારની લાંચ લેતા ઝડપાયા. |
| ૧૭-૫-૨૫ | ભારત | ● ISI સાથે લિન્ક. એક વીડિયોના રૂપિયા ૫૦૦૦ મળતા હતા. હરિયાણામાં નૌમાન ઈલાહીના કરતૂત. નૌમાન ઈલાહી ભારતીય સૈન્યની ટ્રેનમાં થતી અવર જવર વિશે પાકિસ્તાનને જાણ કરતો હતો. |
| ૧૭-૫-૨૫ | ગુજરાત | ● રીઝર્વ પ્લોટ તથા ૧૮ મીટરના રસ્તા પર બાંધકામ થયા હતા. મકરબામાં રહેણાંક તથા કોમર્શિયલ સહિત ૨૯૨ બાંધકામ તોડવાની શરૂઆત. પહેલા દિવસે ૪૦૦૦ ચો.મી. જમીનના બાંધકામ હટાવાયા. |
| ૧૭-૫-૨૫ | અમદાવાદ | ● જુહાપુરા - ફતેહવાડીમાં રહેતા લોકો સાથે છેતરપિંડી કરાઈ. રોકાણ સામે મહિને બે ટકા વ્યાજની લાલચ આપી રૂા. ૬૯ લાખ પડાવી, યુવાન પલાયન. |
| ૧૮-૫-૨૫ | ગુજરાત | ● દાહોદ જિલ્લામાં ૭૧ કરોડનું મનરેગા કૌભાંડ. માત્ર કાગળ પર ચેક ડેમ - રસ્તા બનાવવાના કૌભાંડમાં કૃષિ મંત્રી બચુ ખાબડના પુત્ર બળવંતની ધરપકડ. તત્કાલિન ટી.ડી.ઓ. દર્શન પટેલની પણ ધરપકડ. મંત્રી બચુ ખાબડે સત્તાનો દુરુપયોગ કરી પુત્રોને ફાયદો કરાવી આપ્યો.<br>● કૂઆ - રેઢાણા ગામના ૩૩૯ ચેક ડેમ કાગળ પર રહ્યા. છતાંય મંત્રી પુત્રોની એજન્સીના લાખો રૂપિયાના બીલો પાસ કરાયા. ૨૦૧૯થી ૨૦૨૫ સુધી એક જ મોડસ ઓપરેન્ડીથી ભ્રષ્ટાચાર આચરાયો. |

| તારીખ/વર્ષ | સ્થળ | સમાચારો / બનાવો |
|---|---|---|
| ૧૯-૫-૨૫ | ગુજરાત | ● ૫૨૫ સરકારી શાળાઓને ખંભાતી તાળા લાગ્યા. સરકારી શાળાઓની સ્થિતિ કથળતા વિદ્યાર્થીઓના વાલીઓ ફરજિયાત ખાનગી શાળાઓના શરણે. ખાનગી શાળાઓની ઊંચી ફી હોવા છતાં ૮ વર્ષમાં રાજ્યમાં ૯૮૮ નવી ખાનગી શાળાઓ શરૂ થઈ. |
| ૨૦-૫-૨૫ | ભારત | ● કોનકાસ્ટ સ્ટીલ એન્ડ પાવર લિ.ના કેસમાં ઈ.ડી.ની કાર્યવાહી. ઈ.ડી.એ ૬૨૧૦ કરોડની લોન છેતરપિંડી કેસમાં યુકો બેંકના પૂર્વ ચેરમેનની ધરપકડ કરી. પી.એન.એલ.એ. કોર્ટમાં રજૂ કરાતાં કોર્ટે ૨૧ મે સુધી સૂર્યકુમાર ગોયલને કસ્ટડીમાં મૂક્યા. |
| ૨૦-૫-૨૫ | ભારત | ● કેરળમાં ઈ.ડી.ના અધિકારી સાથે ભ્રષ્ટાચારનો કેસ. ઈ.ડી. લોકોને નોટીસ મોકલે છે અને પછી સેટલમેન્ટ કરવાનું કહી કરોડો રૂપિયા વસૂલે છે : વી.ડી. સનીશન<br>● ઈ.ડી.માં ભ્રષ્ટાચારી અધિકારીઓની ટકાવારી બહુ ઊંચી : કોંગ્રેસ. |
| ૨૦-૫-૨૫ | ગુજરાત | ● ભાજપના ધારાસભ્યે નશાના બંધાણીઓને પાનો ચડાવ્યો. તેમણે નશાના બંધાણીઓને એવું કહેવા જણાવ્યું કે, 'અફીણનું લાઈસન્સ આપો નહિંતર સુરેન્દ્રનગર બેઠક જીતવા નહીં દઈએ. ચોટીલાના ભાજપના ધારાસભ્ય શામજી ચૌહાણે જાહેરમાં કહ્યું કે ૫૦૦ જણા ભેગા થાઓ, સરકાર આપોઆપ લાઈસન્સ આપી દેશે. |
| ૨૦-૫-૨૫ | ગુજરાત | ● રાજકોટમાં ૩૮ ગુનેગારોની ૩૦થી વધુ ગેરકાયદે મિલ્કતોનું ડિમોલિશન કરી ૨૬૧૦ ચો.મી. સરકારી જમીન ખુલ્લી કરાઈ. |
| ૨૦-૫-૨૫ | ગુજરાત | ● યુવતીને બેભાન કરી, સુરત ભાજપના વોર્ડ મહામંત્રી આદિત્ય ઉપાધ્યાય અને તેના મિત્ર ગૌરવ સિંઘનો જહાંગીરપુરાની ઓયો હોટેલમાં બળાત્કાર. |
| ૨૦-૫-૨૫ | ગુજરાત | ● મનરેગા યોજનાના ૭૧ કરોડના કૌભાંડમાં મંત્રી બચુ ખાબડના બીજા પુત્ર કિરણ સહિત પાંચની ધરપકડ. પુત્રોએ કરોડોનું કૌભાંડ કરતાં કૃષિ મંત્રી બચુ ખાબડ સંપર્ક વિહોણા. |
| ૨૨-૫-૨૫ | ભારત | ● પાકિસ્તાન માટે જાસૂસી કરતા માધુરી અને જ્યોતિકા સહિત ૧૧ લોકો ઝડપાયા. |
| ૨૨-૫-૨૫ | ગુજરાત | ● દાહોદ જિલ્લાના ભોંયણી પ્રાથમિક શાળાના ધોરણ-૧ ની વિદ્યાર્થિની પર દુષ્કર્મ અને હત્યાના ગુનામાં આચાર્યને ૧૦ વર્ષની સજા. |
| ૨૨-૫-૨૫ | ગુજરાત | ● વડોદરા તાલુકા પંચાયતમાં કોંગ્રેસમાંથી ચૂંટણી લડેલા આગેવાનના પુત્ર અને પૂર્વ ધારાસભ્યના પૌત્રએ બળાત્કાર કરી યુવતીને ધરાર ગર્ભપાત કરાવ્યો. આરોપી અનિરૂધ્ધ ગોહિલ પલાયન થઈ નાસી ગયો. |
| ૨૩-૫-૨૫ | ગુજરાત | ● રૂા. ૯૬,૫૦૦ના પગારદાર રેલવે અધિક્ષક રૂા. ૨૦૦૦ની લાંચ લેતા ઉકાઈ રેલવે સ્ટેશન નજીક ગાર્ડ રેસ્ટ હાઉસ ખાતે રંગે હાથ ઝડપાયા. |
| ૨૩-૫-૨૫ | અમદાવાદ | ● અમદાવાદની મેટ્રો ટ્રેનના શાહપુર સ્ટેશનથી જૂની હાઈકોર્ટ વચ્ચેના રૂટ પરથી કોપરના ૫૦૦ મીટર લાંબા કુલ નવ લાખ રૂપિયાની કિંમતના કેબલ ચોરાયા. થોડા કલાક માટે મેટ્રો વ્યવહાર ઠપ્પ રહ્યો. |
| ૨૪-૫-૨૫ | ભારત | ● ભંગાર અને દૂધવાળાના નામે કંપનીઓ બનાવી ૧૦૦ કરોડનું જી.એસ.ટી. કૌભાંડ આચરનાર આરોપી સાજીદ અહમદ શેખની સોલાપુરમાંથી ધરપકડ કરવામાં આવી. |
| ૨૪-૫-૨૫ | ભારત | ● જળ શક્તિ મંત્રાલયના ઓડિટમાં રૂા. ૭૦૯ કરોડની ગેરરીતિનો પર્દાફાશ થયો. |

| તારીખ/વર્ષ | સ્થળ | સમાચારો / બનાવો |
|---|---|---|
| ૨૪-૫-૨૫ | ગુજરાત | • દાહોદની જેમ પંચમહાલમાં પણ મનરેગા કૌભાંડ. જાંબુઘોડામાં માત્ર ૪૨ હજારની વસ્તી છતાં મનરેગાના કામના રૂા. ૩૦૦ કરોડ ચૂકવાયા. |
| ૨૪-૫-૨૫ | ગુજરાત | • 'રમશે ગુજરાત'માં કટકી કૌભાંડ. રમતના સાધનોની ખરીદી કર્યા વિના બીલ મૂકવાના કૌભાંડમાં તપાસ ચાલુ. રૂા. ૫૦ લાખથી પણ વધુ રકમના બીલ મૂકીને પૈસા ઓળવી જવાયા. |
| ૨૪-૫-૨૫ | અમદાવાદ | • અમદાવાદના ૩૬ તળાવમાં ખાનગી બાંધકામ ઊભા થઈ ગયા. સૈજપુર તળાવની જગ્યામાં ૪૦ દુકાન બાંધી દેવાઈ અને ઈમ્પેક્ટ હેઠળ તેને કાયદેસર બનાવવા અરજી પણ કરાઈ. |
| ૨૫-૫-૨૫ | ભારત | • દિલ્હીના રાઉઝ એવન્યુ કોર્ટના એક સ્પેશિયલ જજ અને કોર્ટના ક્લાર્ક સામે આરોપીઓને જામીન આપવા માટે લાંચ માંગવાનો આક્ષેપ થયેલ. ફરીયાદ પછી ACBએ કોર્ટના ક્લાર્કની સામે F.I.R. દાખલ કરી. જજને બીજી કોર્ટમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા. |
| ૨૫-૫-૨૫ | કચ્છ | • કચ્છ ભાજપના ભૂતપૂર્વ ધારાસભ્ય અને વિધાનસભાના ભૂતપૂર્વ અધ્યક્ષ નીમાબેન આચાર્યના પુત્ર મૌલીન આચાર્યની રીગલ શિપિંગ પ્રા.લિ. નામની કંપની સામે જામનગરની સિદ્ધિ મરીન સર્વિસ એલ.એલ.પી.એ રૂા. ૬.૯૫ કરોડ વસુલવા નેશનલ લૉ ટ્રીબ્યુનલમાં કેસ નોંધાવેલ છે.<br>• તદુપરાંત જામનગરની શ્રીજી શિપિંગ કંપનીએ પણ રૂા. સાડા આઠ કરોડ જેટલી લહેણાની વસુલાત માટે અલગથી કેસ કરેલ છે. |
| ૨૫-૫-૨૫ | કચ્છ | • કચ્છમાં પાકિસ્તાન માટે જાસૂસી કરતા દયાપર ખાતેના આરોગ્ય કર્મચારી સહદેવ સિંહને એ.ટી.એસ.એ પકડ્યો છે. તે સરહદી વિસ્તારના ફોટા - વીડિયો પાકિસ્તાનના એજન્ટને વૉટ્સએપથી મોકલતો હતો. |
| ૨૫-૫-૨૫ | અમદાવાદ | • અ.મ્યુ.કો.માં ટોઈલેટ રીપેરીંગ માટે રૂા. ૨ કરોડ વપરાયા. ટોઈલેટ બનાવવા એક જ સ્થળનો વારંવાર ઉલ્લેખ કરી અલગ અલગ કોન્ટ્રાક્ટરને પૈસા ચૂકવાયા. રાયખડમાં એક જ કામગીરી માટે બે કોન્ટ્રાક્ટરને પેમેન્ટ કરાયા. |


## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### અમદાવાદ પધારતા અતિથિઓની સગવડતા વધારાઈ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ત્રણે અતિથિ ભવન – પાલડી, શાહીબાગ અને ગીતા મંદિરનું બુકિંગ હવે ઓનલાઈન થઈ શકશે.

**www.kjss.org** પર બુકિંગ થઈ શકશે.

રજનીકાંત પારેખ
માનદ્ મંત્રી
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

પ્રતાપ દંડ
પ્રમુખશ્રી
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

# અંચલ ઠાકોર – હિંમત અને આશાની કહાની

હિરેન શાહ



અંચલ ઠાકોર ૨૩ વર્ષની યુવતી છે, જે પોતાની માતા અને બે નાના ભાઈઓ સાથે રહે છે. નવ વર્ષ પહેલા તેના પિતાનું અવસાન થયું હતું. તેની માતા પથ્થર તોડવાનું કામ કરે છે અને માસિક માત્ર રૂા. ૫,૦૦૦/- કમાય છે. એક ભાઈ ૧૦મા ધોરણમાં ભણે છે અને બીજો ઝેરોક્સ દુકાનમાં કામ કરે છે, જ્યાં તે રૂા. ૧૫,૦૦૦/- મહિને કમાય છે.

પારિવારિક જવાબદારીઓમાં મદદરૂપ થવા માટે અંચલ હોન્ડા શો રૂમમાં ટેલિ-કોલર તરીકે કામ કરતી હતી અને રૂા. ૧૦,૦૦૦/- મહિને કમાતી હતી. તે પોતાની કમાણીમાંથી ઘરના ખર્ચમાં મદદ કરતી અને ભાઈના ભણતરનો ખર્ચ ઉઠાવતી.

પણ અંચલ એટલાથી સંતોષ માનતી ન હતી. તેણે વધુ સારું જીવન જીવવાનો નિર્ણય કર્યો અને અદાણી સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટરમાં બ્યુટી થેરાપિસ્ટ કોર્સમાં દાખલ થઈ. આ કોર્સ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા સપોર્ટેડ હતો. કોર્સની ફી ઓછી હતી અને તાલીમ પણ ઉચ્ચ સ્તરની હતી.

હવે અંચલ પ્રમાણિત બ્યુટી થેરાપિસ્ટ બની ગઈ છે. તે લગ્નોત્સવ દરમિયાન બ્રાઇડલ અને પાર્ટી મેક-અપ કરે છે અને સાથે સાથે પાર્ટટાઈમ કામ પણ કરે છે. આ વધારાની આવકથી ઘરના આર્થિક બોજમાં ઘણો ઘટાડો થયો છે.

અંચલ ખુશીથી કહે છે : "હું હવે મારી જિંદગીમાં ખુશ છું. આ કોર્સ કરીને મેં મારા સપનાને હકીકતમાં બદલી દીધું છે."

અંચલની કહાની આજે અનેક યુવતીઓને પ્રેરણા આપે છે કે જો આત્મવિશ્વાસ અને મહેનત હોય તો કોઈ પણ સપનું દૂર નથી.

## ગીતામંદિર ખાતે કૌશલ્ય કેન્દ્રના સૂચિતાર્થ

કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ (KJSS) અને અદાણી સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટર (ASDC) મળીને ગીતા મંદિર ખાતે એક કુશળતા વિકાસ પહેલ ચલાવે છે. કેન્દ્ર મુખ્યત્વે બે કોર્સ ચલાવે છે : જનરલ ડ્યુટી અસિસ્ટન્ટ (GDA) અને બ્યુટી થેરાપિસ્ટ (BT). આ અહેવાલ કેન્દ્રના મુખ્ય કામગીરી ક્ષેત્રો જેમ કે જાગૃતિ, તાલીમ, રોજગાર અને તેનું દીર્ઘકાલીન લક્ષ્ય તપાસે છે.

ગીતામંદિર ખાતેનું કૌશલ્ય વિકાસ કેન્દ્ર, તેના સુસંરચિત અભ્યાસક્રમો, લક્ષિત ગતિશીલતાના પ્રયાસો અને મજબૂત આજીવિકા આધાર દ્વારા, હાંસિયામાં ધકેલાઈ ગયેલી પશ્ચાદભૂની મહિલાઓ માટે આશાના કિરણ તરીકે કામ કરે છે. વિકાસના વ્યક્તિગત અને વ્યવસાયિક બંને પાસાઓને સંબોધિત કરીને, કેન્દ્ર માત્ર મહિલાઓને રોજગાર યોગ્ય કૌશલ્યોથી સજ્જ કરતું નથી પણ સ્વતંત્રતા અને આત્મવિશ્વાસની ભાવનાને પણ ઉત્તેજન આપે છે, વધુ ન્યાયી સમાજ માટે માર્ગ મોકળો કરે છે.

***અમે પણ લાભાર્થીઓને ઘરે બેઠા તેમની સેવાઓ લઈને મદદ કરી શકીએ છીએ :***

***હોમ કેર / એટેન્ડન્ટનો સંપર્ક કરવા માટે : ૯૭૧૪૮ ૭૩૭૩૯***

***ઘરે બ્યુટી પાર્લર સેવા સંપર્ક કરવા માટે : ૮૪૬૯૪ ૩૪૫૭૪***

## દિલની જલન

સળગ્યું હોય ઘર તો નજરમાં આવે,
ધુમાડા કંઈ દિલની જલનના નથી હોતા.

પ્રેમ જ વરસે છે અહીં આંખમાંથી અનરાધાર,
અભ્ર હોય આભમાં એવા નયનમાં નથી હોતા.

અહીં તો ઊઠે ઘુંઘટ ને બધે ઉજાસ છવાઈ જાય,
જે ધરા પર ચાંદ એવા ગગનમાં નથી હોતા.

છે કાંટાનું સાંનિધ્ય છતાં કોમળતા રાખી છે,
ડંખવાના ભાવ કંઈ સુમનમાં નથી હોતા.

આ તો મોતનો લિબાશ એ કંઇ ચમકારા ન મારે,
'આભલા' ટાંકેલા કંઈ કફનમાં નથી હોતા.

# બાળકોને મોજ આપે એવાં પુસ્તકો

## બાળકથાઓ

| | | |
|---|---|---|
| સિંહનો મોબાઇલ | કિશોર વ્યાસ | 75 |
| લપસણીની મજા | કિશોર વ્યાસ | 90 |
| પતંગિયાની ઉડાન (પુરસ્કૃત) | ગિરિમા ઘારેખાન | 70 |
| બોરનો વરસાદ | રમેશ ત્રિવેદી | 200 |
| ટોલ્સ્ટોયની બાળકથાઓ | રશ્મિન મહેતા | 70 |
| બકાનાં ગતકડાં (બાળહાસ્યકથાઓ) | નિકેતા વ્યાસ કુંચાલા | 225 |
| સિકંદરનો ખજાનો અને બીજી બાળવાર્તાઓ | વરેણ્ય ત્રિવેદી | 170 |
| જલપરીના દેશમાં | નટવર પટેલ | 125 |
| પશુપંખીકથાઓ | મહેન્દ્ર ત્રિવેદી | 160 |
| અવનવી પ્રાણીકથાઓ | ડૉ. અરુણિકા મનોજ દરૂ | 120 |
| દેશ-દેશના બીરબલ | રવીન્દ્ર અંધારિયા | 225 |
| ઊડતો કાચબો | રવજીભાઈ કાચા | 125 |
| સોટી અને પોઢી (પુ. 5) | ધનંજય શાહ | 250 |
| ધ લિટલ પ્રિન્સ | અનુ. નીતિન ભટ્ટ | 100 |
| આવો, કહું એક વાર્તા | જીવતીબહેન પીપલિયા | 130 |
| ખિસકોલીઓનો ડાન્સ | સ્વાતિ મેઢ | 120 |
| મમ્મી, આઈ લવ યૂ | દિગ્ગજ શાહ | 120 |
| બાળવાર્તા (પુ. 5) | ગિજુભાઈ બધેકા | 500 |
| ગિજુભાઈનો બાળપ્રસાદ | સંપા. પ્રસાદ બ્રહ્મભટ્ટ | 110 |

## બાળકાવ્યો

| | | |
|---|---|---|
| બાળકાવ્યગ્રંથાવલિ પુ.5 | રમણલાલ સોની | 350 |
| આખી દીવાલ મારી પાટી | જિગર જોષી, 'પ્રેમ' | 60 |
| ચણચણ ચકલી ચણાની દાળ | હરિકૃષ્ણ પાઠક | 100 |
| મોજમજાનાં ગીતો | યશવંત મહેતા | 125 |
| ચોકલેટ ગીતો | યશવંત મહેતા | 125 |
| ચુનમુન ગીતો | યશવંત મહેતા | 125 |
| આનંદી ગીતો | યશવંત મહેતા | 125 |
| બાળ-કાવ્યકુંજ | અરુણિકા મનોજ દરૂ | 70 |
| ઝગમગ ઝગમગ 1-2 | મહેન્દ્ર ત્રિવેદી | 80 |
| મેઘધનુષ (અભિનય ગીતો) | મિત્તલ પટેલ | 60 |
| થનગનાટ (અભિનય ગીતો) | મિત્તલ પટેલ | 60 |
| આવો, દડૂલિયા | ભારતીબેન જી. બોરડ | 60 |

## જોડકણાં

| | | |
|---|---|---|
| બાળજોડકણાં ગ્રંથાવલિ પુ. 5 | રમણલાલ સોની | 325 |
| હસ હસ હસકણાં | ડૉ. નલિની ગણાત્રા | 120 |
| લોકજીભે રમતાં જોડકણાં | સુમન અજમેરી | 90 |
| બાળગીતો અને જોડકણાં | સંપા. જયંત શુક્લ | 50 |
| એન-ઘેન દીવાઘેન | સંપાદન | 180 |

# વર્ષ 2024-25માં પ્રકાશિત વિવિધ સ્વરૂપનાં વસાવવાં જેવાં પુસ્તકો








| | | |
|---|---|---|
| તિલોર (...લુપ્તયોગનું કલ્પવિધાન) (નવલકથા) | ધ્રુવ ભટ્ટ | 350 |
| જીનામ (નવલકથા) | હરેશ ધોળકિયા | 190 |
| દૂરનાં સગપણ (નવલકથા) | ધીરેન્દ્ર મહેતા | 200 |
| વામનરાવ નાઈટ્સ (નવલકથા) | રમેશ ર. દવે | 240 |
| જાણું છું ધર્મ પણ (નવલકથા) | ઇલા આરબ મહેતા | 230 |
| અગોચર મનની ભીતર (નવલકથા) | ભાવના હેમંત વકીલના | 150 |
| ભવચક્ર અને નેહબંધ (નવલકથા) | દીના પંડ્યા | 290 |
| એક મીઠી વંચના (નવલકથા) | જાગૃતિ ત્રિવેદી | 250 |
| ત્રીજી મુલાકાત (નવલકથા) | બાલેન્દુશેખર જાની | 300 |
| હીરો કુંભાર (નવલકથા) | રશ્મિન પ્રજાપતિ | 475 |
| પરગણું (નવલકથા) | કાશીરામ વિ. પ્રજાપતિ | 270 |
| એક ખોબો ઉજાસનો (નવલિકાઓ) | દીના પંડ્યા | 260 |
| મોકળાશ (નવલિકાઓ) | મોના આર. જોશી | 355 |
| ઊઘડતી દિશા (નવલિકાઓ) | સંજય ચૌધરી | 230 |
| એલીહાઉસ (નવલિકાઓ) | ગિરા પિનાકિન ભટ્ટ | 200 |
| મારામાં ક્યાંક તું (નવલિકાઓ) | નરેન્દ્રસિંહ મ. વાઘેલા | 145 |
| વહેતો પવન ખૂલતી દિશા (નવલિકાઓ) | યોગેશ પંડ્યા | 495 |
| અંજળપાણી (નવલિકાઓ) | વાસુદેવ સોઢા | 180 |
| આયામ (નવલિકાઓ) | વાસુદેવ સોઢા | 160 |
| ન હકાર ન નકાર (નવલિકાઓ) | ધર્મેશ ગાંધી | 200 |
| હૃદયરત્નો (ચરિત્રલેખો) | રોહિત શાહ | 400 |
| સાવ કોરો કાગળ (અછાંદસ-કાવ્ય) | લતા હિરાણી | 130 |
| ઊગ્યું રે અજવાળું (ગીતો) | લતા હિરાણી | 100 |
| તાકધિનાધીન (બાળનાટક) | લતા હિરાણી | 120 |
| વહાલનું વાવેતર (બાળ-ઘડતર) | લતા હિરાણી | 250 |
| ભાવધારા (જીવનપ્રેરક) | લતા હિરાણી | 140 |
| શ્વાસ સાથે સંવાદ (જીવનપ્રેરક) | ડૉ. ધર્માંશુ વૈદ્ય | 190 |
| કવન ભણી (કાવ્યો) | નીતા આવસ્થી | 490 |
| ભીતરની સમૃદ્ધિની અનુભૂતિ (લેખો) | રાજેશ વાત્તમકાર, અનુ. યોસેફ મેકવાન | 100 |
| કૈલાશના સાંનિધ્યમાં (કૈલાશ માનસરોવર, આદિ કૈલાશ, શ્રીખંડ કૈલાશ, કિન્નોર કૈલાશ અને મણિમહેશની યાત્રા) | શ્યામકુમાર ભાનુદાસ સોનાર | 350 |

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

આ પુસ્તકોનાં પ્રાપ્તિ-સ્થાનો

**ગૂર્જર સાહિત્ય ભવન**

રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ 380001

ફોન : 07922144663, 09227055777 e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**

102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, સીમા હૉલ સામે, પ્રહ્લાદનગર, અમદાવાદ-380015

ફોન : 26934340, 98252 68759 Email. : gurjarprakashan@gmail.com,

website : gspbooksmall.com

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## એન્યુઅલ સ્ટાફ મીટિંગ – ૨૦૨૫

રવિવાર, તા. ૨૭-૦૪-૨૦૨૫ના રોજ સંસ્થા તરફથી "એન્યુઅલ સ્ટાફ મીટિંગ (Staff Get together)"નું આયોજન કરવામાં આવેલ હતું. સંસ્થાના સૌ ટ્રસ્ટીશ્રીઓ (૧) શ્રી પ્રતાપ નારાણજી દંડ, (૨) શ્રી શાંતિલાલ સાવલા, (૩) શ્રી હિરેન કે. શાહ, (૪) શ્રી વિમેષભાઇ શાહ, (૫) શ્રી વિશાલભાઇ શાહ, (૬) શ્રી હસમુખભાઇ ગઢેચા, (૭) શ્રી કે. ડી. શાહ, (૮) શ્રી રમણિકલાલ ગોસર, (૯) શ્રી અશ્વિનભાઇ સાવલા, (૧૦) શ્રી લક્ષ્મીચંદભાઈ વીરા, (૧૧) શ્રી ચંદ્રેશભાઇ લોડાયા, (૧૨) શ્રી ગિરીશભાઇ દેઢિયા તથા (૧૩) શ્રીમતી લીલાબેન વીસરિયા હાજર રહેલ હતા. ઉપરાંત બધા જ ભવનોનાં HOD (હેડ ઓફ ધી ડિપાર્ટમેન્ટ) અને સ્ટાફ મેમ્બર સમયસર હાજર રહેલ હતા.

કાર્યક્રમની શરૂઆતમાં સૌ પ્રથમ સંસ્થાના ઉપપ્રમુખ શ્રી હિરેન શાહે HR Madam ખુશ્બુબેન શાહ દ્વારા તૈયાર કરવામાં આવેલ પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશનથી સંસ્થાની પ્રવૃત્તિઓની સંપૂર્ણ માહિતી આપેલ હતી.

શ્રી વિશાલભાઇ શાહે હાજરીના નિયમોને હળવા બનાવ્યા તે અંગેની સમજૂતી આપેલ હતી અને વર્ષ દરમિયાન સ્ટાફ મેમ્બરને ૧૨ રજાઓ આપવામાં આવશે તેની જાહેરાત કરેલ હતી. HR Madam ખુશ્બુબેન શાહે ૧૨ રજાઓ કેવી રીતે લઇ શકાશે, તેના નિયમો શું છે અને આ રજાઓનો ઉપયોગ એટેન્ડ્ન્ટ્સ સોફ્ટવેરથી કેવી રીતે કરવામાં આવશે તે અંગે વિગતવાર સમજૂતી આપેલ હતી.

સંસ્થાના ખજાનચી શ્રી વિમેષભાઇ શાહ, પૂર્વ ખજાનચી શ્રી કે. ડી. શાહ અને HR Madam ખુશ્બુબેન શાહની લગાતાર ત્રણ મહિનાની અથાગ મહેનતે તૈયાર કરવામાં આવેલ ઇન્ક્રિમેન્ટના માળખામાં સુધારો કરી, વર્ષ ૨૦૨૫થી સ્ટાફના વાર્ષિક ઇન્ક્રિમેન્ટમાં કરાયેલ વધારાની પ્રેઝન્ટેશન થકી શ્રી વિમેષભાઇ શાહે સૌ સ્ટાફને માહિતગાર કરેલ હતા.

ત્યારબાદ શ્રી અશ્વિનભાઇ સાવલાએ સંસ્થાના કાર્યરત જુદા-જુદા મેડિકલ સેન્ટરોની પ્રવૃત્તિઓ વિશે માહિતી આપેલ હતી.

ટ્રસ્ટીશ્રીઓના વક્તવ્ય બાદ સંસ્થાના સૌ સ્ટાફ મેમ્બરોમાંથી જે સ્ટાફ મેમ્બરે સંસ્થામાં પોતાની ૨૫ વર્ષની સર્વિસ પૂરી કરેલ હોય તેવા ૭ મેમ્બરોને ટ્રસ્ટીશ્રીઓના વરદ્ હસ્તે સન્માનપત્ર અને કવર એનાયત કરી સન્માનિત કરવામાં આવેલ હતા.

કાર્યક્રમમાં સૌ સ્ટાફ મેમ્બરને સરપ્રાઇઝલી ત્રણ-ત્રણ બેનિફીટ (સવલત) : (૧) વર્ષ દરમિયાન ૧૦ જાહેર રજાઓ ઉપરાંત ઓપ્શનલ ૧૨ રજાઓ મળશે. (૨) હાજરીનાં નિયમોમાં 'લેટ કમિંગ'ના નિયમો હળવા કર્યા અને (૩) વાર્ષિક ઇન્ક્રિમેન્ટમાં સમાનતા લાવી, વધારો આપવામાં આવેલ. આ ત્રણેય બેનિફીટ એક સાથે આપતાં સૌ સ્ટાફ મેમ્બરના ચહેરા ઉપર ખુશી છવાઇ ગયેલ હતી અને હર્ષની લાગણી અનુભવેલ હતી.

કાર્યક્રમના અંતમાં સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ શ્રી પ્રતાપ નારાણજી દંડે, રવિવાર હોવા છતાં સમય કાઢી હાજર રહેલ સૌ ટ્રસ્ટીશ્રીઓનો આભાર માન્યો હતો અને સૌ સ્ટાફ મેમ્બર માટે કહેલ કે, "તમે બધા આ સંસ્થાના કર્મચારી નહીં પણ KISS સંસ્થાના પરિવાર છો." આ વાતને સૌ સ્ટાફ મેમ્બરે તાળીઓના ગડગડાટથી વધાવી લીધેલ હતી.

કાર્યક્રમ પૂરો થયા બાદ સૌએ સાથે મળી મનભાવન ભોજનની મજા માણેલ હતી.

*કાર્યક્રમના રંગીન ફોટોગ્રાફ્સ માટે જુઓ પાના નંબર : ૬૫-૬૬*

**વિશાલ શાહ**
**સહમંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

*સ્વયંને એવા સફળ બનાવો કે જ્યાં તમે હો ત્યાં બધા તમને પ્રેમ કરે.*
*જ્યાંથી તમે ચાલ્યા જાઓ, ત્યાં બધા તમને યાદ કરે. જ્યાં તમે પહોંચવાના હો, ત્યાં બધા તમારી પ્રતીક્ષા કરે.*

# રવિવાર, તા. ૨૭-૦૪-૨૦૨૫ના રોજની સ્ટાફ મીટિંગ કાર્યક્રમના પ્રતિભાવ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા ચાલતી H.R. સમિતિ દ્વારા તા. ૨૭-૪-૨૦૨૫ના રોજ સ્ટાફ મીટિંગનો બીજો પ્રોગ્રામ (પ્રથમ પ્રોગ્રામ વર્ષ ૨૦૨૪ માં રાખેલ હતો) સવારે ૯.૦૦ કલાકે ખૂબજ ઉત્સાહપૂર્વક પાલડી ભવન ખાતેના સાંસ્કૃતિક હોલમાં ચાલુ થયેલ હતો.

એજન્ડા મુજબ સંસ્થાની માહિતી, સંસ્થાની કામગીરી વિશે માહિતી આપેલ. નવી નિમણૂંક પામેલ સ્ટાફ દ્વારા સાંભળેલ અને તેઓને પણ આ સંસ્થામાં કામ કરવાની તક મળેલ છે તેનો અહેસાસ થયેલ હતો.

ત્યારબાદ સંસ્થા દ્વારા જે કર્મચારીઓને નોકરીમાં ૨૫ વર્ષ પૂર્ણ થયેલ છે તેઓને સન્માન પત્ર અને રૂા. ૧૧,૦૦૦/- રોકડ પુરસ્કાર આપીને સંસ્થાના જુદા જુદા ટ્રસ્ટીઓ દ્વારા બહુમાન કરવામાં આવેલ હતું જેને સૌ સ્ટાફે વધાવી લીધેલ હતા અને સ્ટાફમાં પણ આવી રીતે સંસ્થા દ્વારા કર્મચારીના કામની કદર કરી બહુમાન કરવામાં આવે છે તેની આનંદની લાગણી પ્રવર્તેલ હતી.

ત્યારબાદ સંસ્થાના અધિકારી દ્વારા નકકી થયા મુજબ વાર્ષિક પગાર વધારો તથા અન્ય લાભોની વિગત આપવામાં આવેલ હતી. જેમાં જે દર વર્ષે કર્મચારીઓમાં પગાર વધારાનો અસંતોષ રહેતો હતો તેનું નિરાકરણ લાવવામાં આવેલ હતું. જેમાં સીનિયોરીટી મુજબ વધારો આપવામાં આવેલ ૧ + ૦.૫ વધારાનો પગાર તથા મુખ્ય ૧૨ રજાઓની જાહેરાત કરવામાં આવેલ તેને સર્વ સ્ટાફે ખૂબજ આનંદથી વધાવી લીધેલ હતો અને દરેક સ્ટાફે સંતોષ વ્યકત કરેલ હતો.

આમ, સંસ્થા દ્વારા સ્ટાફ પ્રત્યેની હમદર્દી, ઉદારતા તથા અધિકારી વર્ગ દ્વારા આપવામાં આવતો પ્રેમ, સ્નેહ ખૂબજ આવકારદાયક છે. આ માટે સંસ્થાનો, અધિકારી વર્ગ, H.R. સમિતિના સભ્યો દ્વારા માંગણીઓ એક પછી એક પૂર્ણ થાય છે અને ભવિષ્યમાં પણ આ રીતે સંતોષપૂર્વક કામગીરી થતી રહેશે તેવી આશા.

ત્યારબાદ મીટિંગ પૂર્ણ કરવામાં આવેલ હતી અને તમામ સ્ટાફ સભ્યો આલ્હાદક ભોજનનો સ્વાદ માણી છૂટા પડેલ હતા.

આવી રીતે ત્રણ માસિક, છ માસિક અને વાર્ષિક મીટિંગનું આયોજન કરવું જોઈએ જેથી સ્ટાફમાં આત્મિયતા જળવાઈ રહે.

ઉપરોકત મીટિંગના આયોજન બદલ અધિકારી વર્ગ, H.R. સમિતિના સભ્યો તથા સર્વે સ્ટાફે ખૂબજ જહેમત ઉઠાવી સફળ બનાવવાનો પ્રયત્ન કરેલ, તે સર્વેનો આભાર માનું છું.

*કિશોરભાઈ ઠક્કર*

*મેનેજર, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

રવિવાર, તા. ૨૭-૦૪-૨૦૨૫ના રોજ બીજીવારનું સ્ટાફ ગેટ-ટુ-ગેધરનું આયોજન કરવામાં આવેલ હતું. જેના માટે પ્રથમ હું HR Department (શ્રીમતી ખુશ્બુબેન શાહ) નો દિલથી આભાર માનું છું અને દર વર્ષે આવું આયોજન થાય જેનાથી દરેક બ્રાંચના HOD પાસેથી કંઇક નવું જાણવા મળે અને ટ્રસ્ટની સેવા વધારે સારી રીતે દર્દીને મળે તે અંગેની ચર્ચા થાય. અને સ્ટાફનો પરિચય પણ એક-બીજા સાથે થાય છે. જેનાથી એક પરિવારની ભાવના જાગે છે.

આ ગેટ-ટુ-ગેધરમાં ઉપસ્થિત સર્વ ટ્રસ્ટીગણ, પ્રમુખ, ઉપપ્રમુખ, કન્વીનર, ખજાનચી સર્વેનો પણ હું દિલથી આભાર માનું છું કે દરેક સ્ટાફને એક પરિવારના સભ્ય તરીકેનું જે માન સન્માન આપવામાં આવે છે તે ખૂબજ પ્રસંશાપાત્ર છે. જેનાથી દરેક સ્ટાફને વધારે સારી રીતે કામ કરવાની પ્રેરણા મળે છે.

આ દિવસે પ્રથમ દરેક બ્રાંચનાં HOD અને HR Committee તરફથી જે માહિતી આપવામાં આવી જેમાં સંસ્થા તરફથી દરેક સ્ટાફને વર્ષની ૧૨ રજા, લેટ કમિંગ અંગેના નિયમ, સ્ટાફનાં પગારનાં ગ્રેડમાં સુધારા-વધારા જેવી બાબતોની ખૂબજ સારી રીતે સમજણ આપવામાં આવી અને તેમના તરફથી કહેવામાં આવેલ વાક્ય "આપણે એક મેનેજમેન્ટ અને Employee નહીં પણ એક જ પરિવાર જેવા છે." જેનાથી દરેક HODને ખૂબજ પ્રેરણા અને હિંમત મળે છે અને વધારે જુસ્સાથી કામ કરવાનું પ્રેરકબળ મળે છે. દરેક સ્ટાફ વતી અમારી ૧૨ રજા માટેની રજૂઆત શ્રીમતી ખુશ્બુબેન તરફથી ટ્રસ્ટબોર્ડને કરવામાં આવી અને તેમનાં પ્રયાસ થકી સ્ટાફને આ લાભ મળેલ છે. જેનાં માટે દરેક સ્ટાફ વતી હું તેમનો આભાર માનું છું. પ્રોગ્રામની શરૂઆતમાં શ્રી પ્રતાપ સર, શ્રી હિરેન સર, શ્રી અશ્વિન સર, શ્રી વિમેષ સર, શ્રી વિશાલ સર, શ્રી કે. ડી. સાહેબ તથા અન્ય ઉપસ્થિત ટ્રસ્ટીશ્રીનો પરિચય આપવામાં આવ્યો તથા તેમના હોદ્દા અને કામગીરીથી માહિતગાર કરવામાં આવ્યા. જેનાથી દરેક સ્ટાફ, HOD ને સંસ્થા વિશેનો ઉંડાણથી પરિચય થયો.

સંસ્થા તરફથી, ૨૫ વર્ષ કે તેથી વધારે સમયથી સંસ્થામાં કામ કરતાં કર્મચારીનું પ્રમાણપત્ર અને કવર આપીને બહુમાન કર્યું છે તે ખૂબ પ્રસંશાપાત્ર છે. જેનાથી અન્ય સ્ટાફને પ્રેરણા મળે છે અને તે સંસ્થા અને સ્ટાફ વચ્ચેનો અતૂટ સંબંધ દર્શાવે છે.

આ સુંદર આયોજન પાછળની મહેનત માટે શ્રીમતી ખુશ્બુબેન અને ટ્રસ્ટીગણનાં સહયોગ બદલ હું તેમનો હૃદયપૂર્વક

આભાર માનું છું.

*પીન્ટુ એમ. પટેલ*
*મેડિકલ સેન્ટર, શ્રી કચ્છી જૈન ભવન - પાલડી*

★

On 27-04-2025, Programme was started with a nice Powerpoint presentation by Vice President Shri H.K. Shah, Shri Pratapbhai, Shri K.D. Shah, Shri Vimeshbhai, Shri Vishalbhai, Shri Ashwin Savla and all other Trustees falicitated the staff.

Shri Ashwin Savla has given detailed information about all the 4 Medical Centers & 3 Dialysis Centers. The staff whose service is of more than 25 years were to happy to receive the Certification & Cash Money as KJSS took notice of their hard work & loyalty.

All the staff members were so happy that they are shocked to hear about 12 leaves per year & a good rise of grade of increments.

Since a long time they were in demand of leaves. So they are very happy.

They have enjoyed nice lunch.

I myself and all the staff of KJSS - Paldi are grateful to all office bearers, conveners & HR Khushboo Shah for their efforts to evaluate each & every staff members.

***Dr. Daksha Ramavat***
***Medical Center, Shri Kuthhi Jain Bhavan - Paldi***

★

I am Pinky Patel. I work as lab in-charge. It was grateful that we gathered on 27th April, 2025 for meeting. We appreciate that you gave us 12 days off. I was not able to attend whole programme as my daughter had entrance examination of MSU - Vadodara. So I was with her but I have heard from my colleagues that whole programme was nice. We are very grateful for it. Thank you.

***Pinky Patel***
***Medical Center, Shri Kuthhi Jain Bhavan - Paldi***

★

તા. ૨૭-૪-૨૦૨૫ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે તમામ સ્ટાફ મેમ્બરની મીટિંગ યોજવામાં આવેલ હતી. જેમાં ટ્રસ્ટી મંડળ તેમજ તમામ બ્રાંચના સ્ટાફ મેમ્બરને મળ્યા. આનંદ થયો. નવું જાણવા મળ્યું. કામ કરવાની પદ્ધતિમાં શું ફેરફાર કરીએ તો વધારેમાં વધારે પેશન્ટ સેવાનો લાભ લઈ શકે. મારી આ બીજી વખતની મીટિંગ છે. જેમાં અગાઉની મીટિંગમાં કરવામાં આવેલ ચર્ચા મુજબ આ વખતે રજા આપવા બાબતે બધાએ જે નક્કી કર્યું તે બદલ હું KJSS ના ટ્રસ્ટી મંડળ અને HR Madam નો આભાર માનું છું. આ જ રીતે KJSS ના તમામ સેન્ટરના સભ્યો એકબીજાને મદદરૂપ થઈને KJSS ને આગળ લાવવામાં કાર્યશીલ રહીએ. જેથી ટ્રસ્ટી મંડળની મહેનત સફળ થાય એ જ મારી શુભ કામના. આભાર.

***પ્રતીક વ્યાસ***
***પરમકૃપા મેડિકલ સેન્ટર - ચાંગોદર***

---

## પુસ્તક પરિચય : “અંધકારમાં ઉજાસ”

પ્રા. પૃથ્વી શાહ દ્વારા લિખિત પુસ્તક “અંધકારમાં ઉજાસ”માં માનસિક દર્દીઓની સંવેદનશીલ કથાઓ અને ઘટનાઓનું આબેહૂબ વર્ણન કરવામાં આવ્યું છે. આ પુસ્તક દ્વારા આપણા સમાજની એક અંધારી દિશામાં ડોકિયું કરવાનો પ્રા. શ્રી પૃથ્વી શાહનો એક સ્તુત્ય પ્રયાસ છે.

સાંપ્રત સમાજમાં બનતી આવી અસંખ્ય ઘટનાઓ પૈકીની કેટલીક સત્ય ઘટનાઓનું વર્ણન કરીને શ્રી શાહે સમાજ સમક્ષ એક લાલ બત્તી ધરવાનો સંન્નિષ્ઠ પ્રયાસ કર્યો છે.

સંજોગો અને પ્રતિકૂળ પરિસ્થિતિને કારણે ઘર, માતા-પિતા, પરિવાર, ગામ અને સગાસંબંધીઓ તથા સમાજ દ્વારા તરછોડાયેલા માનવો એટલી હદે ડિપ્રેસ કે નાસીપાસ થઈ જાય છે કે તેઓ પોતાના અસ્તિત્વ અને ઓળખથી પણ વિમુખ થઈ જાય છે. ત્યારે આવા પાત્રોને યોગ્ય સારવાર દ્વારા, માનવતાભરી મમતા અને હૃદયની હૂંફ આપીને એમને તેઓની મૂળ સ્થિતિમાં લાવનારા સૌજન્યશીલ અને સ્નેહાળ સરકારી નોકરીમાં સામાજિક કાર્યકર્તા તરીકેની ફરજ બજાવનારાઓની કામગીરીને પણ આ પુસ્તકમાં સુપેરે ઉજાગર કરવામાં આવી છે. આ સાથે આ ઘટનાઓના દરેક પાત્રોને સારી સારવાર આપનાર એ સૌ ફરિસ્તાઓની મહેનત પણ કાબિલે-દાદ છે. માનસશાસ્ત્રના અભ્યાસુઓ માટે પણ આ પુસ્તક એક માર્ગદર્શિકાની ગરજ સારે તેવું છે.

સ્નેહી શ્રી પ્રા. પૃથ્વી શાહના આ પ્રયાસને હું બિરદાવું છું. આ પુસ્તક દ્વારા લોકો સમક્ષ એમણે જે માહિતી મૂકવાનો પ્રયાસ કર્યો છે તેને વાંચકો અને સમાજ જરૂર આવકારશે તથા સમાજ અને સેવાભાવી સંસ્થાઓ આ દિશામાં વધુ સક્રિય બનશે એ જ કામના સહ પ્રા.શ્રી પૃથ્વી શાહને મારા હાર્દિક અભિનંદન પાઠવું છું.

***હસમુખ આચાર્ય - ગાંધીનગર***

## ઉડતી નજરે.... | *માસ એપ્રિલ-૨૦૨૫ દરમિયાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ*

| ક્રમ | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|
| ૧. | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા<br>શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ**<br>*જેમાંથી –* ● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ ........ **૭૨૭**<br>● સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ........ **૫૨**<br>● બોડી ચેક-અપ ........ **૩૬૧**<br>● સોનોગ્રાફી ........ **૧,૨૮૧**<br>● ટી.એમ.ટી. ........ **૬૫**<br>● ઑપરેશન ........ **૪**<br>● ઈકો ........ **૨૯૪**<br>● અન્ય ........ **૭,૬૦૮** | **૧૦,૩૯૨** |
| ૨. | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન, પાલડી, અમદાવાદ**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ**<br>*જેમાંથી –* ● પુરુષો ........ **૩૫૦**<br>● સ્ત્રીઓ ........ **૧૨૩**<br>● બાળકો ........ **૧૮**<br>● કેન્ટીન ........ **૩,૭૬૦** | **૪,૨૫૧** |
| ૩. | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ**<br>*જેમાંથી –* ● પુરુષો ........ **૧૦૯**<br>● સ્ત્રીઓ ........ **૨૦**<br>● બાળકો ........ **૫** | **૧૩૪** |
| ૪. | **ડૉ. ચંદ્રકાંત દેઢિયા ડાયાલિસિસ સેન્ટર, ગીતા મંદિર, અમદાવાદ**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ** | **૧૫૩** |
| ૫. | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ**<br>*જેમાંથી –* ● શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - પેસેન્જર ........ **૧,૪૩૨**<br>● મ્યુઝિયમ ........ **૭૧૦**<br>● કેન્ટીન ........ **૩,૭૦૫**<br>● જલારામ અન્નક્ષેત્ર ........ **૩,૩૬૦**<br>● ડિસ્પેન્સરી ........ **૯૫** | **૯,૩૦૨** |
| ૬. | **શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટર, શાહીબાગ, અમદાવાદ**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ** | **૬૦૩** |
| ૭. | **નવનીત મેડિકલ સેન્ટર અને કંચનબેન નવીનચંદ્ર નાનજી શાહ ઓ.પી.ડી. સેન્ટર *તથા*<br>દીપ ફાઉન્ડેશન મેડિકલ ચેક-અપ સેન્ટર, બોપલ, અમદાવાદ**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ**<br>*જેમાંથી –* ● બોડી ચેક- અપ ........ **૨૫૬**<br>● સોનોગ્રાફી ........ **૫૬૨**<br>● ઑપરેશન ........ **૯**<br>● માઈનોર ઓ.ટી. ........ **૪**<br>● ફિઝિયોથેરાપી ........ **૨,૧૨૨**<br>● અન્ય ........ **૫,૨૭૧** | **૮,૨૨૪** |

| | | |
|---|---|---|
| ૮. | **નવનીત ડાયાલિસિસ સેન્ટર, બોપલ, અમદાવાદ**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ** ............ | **૩૦૩** |
| ૯. | **પરમકૃપા મેડિકલ સેન્ટર, ચાંગોદર, અમદાવાદ**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ** ............<br>*જેમાંથી* – ● એક્સ-રે ............ **૧૧૩**<br>● સોનોગ્રાફી ............ **૨૯**<br>● બોડી ચેક-અપ ............ **૧૦૭**<br>● ઈકો ............ **૪**<br>● અન્ય ............ **૬૨૯** | **૮૮૨** |
| ૧૦. | **નવનીત મેડિકલ સેન્ટર – જશોદાનગર, અમદાવાદ**<br>**કુલ લાભ લેનાર વ્યક્તિઓ** ............<br>*જેમાંથી* – ● એક્સ-રે ............ **૩૫૫**<br>● સોનોગ્રાફી ............ **૧૫૫**<br>● ફિઝિયોથેરાપી ............ **૬૧૨**<br>● ડેન્ટલ ............ **૨૦૦**<br>● બોડી ચેક-અપ ............ **૬૭**<br>● 2-D ઈકો ............ **૨૦**<br>● પેથોલોજી ............ **૨૮૭**<br>● ઇ.સી.જી. ............ **૫૬**<br>● ટી.એમ.ટી. ............ **૩૨**<br>● ઑપરેશન ............ **૨**<br>● અન્ય ............ **૬૭૧** | **૨,૪૫૭** |
| *માસ એપ્રિલ – ૨૦૨૫ દરમિયાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ* ............ | | **૩૬,૭૦૧** |

## મુંબઇ વિશે અવનવું

- ✦ મુંબઈમાં પહેલા કચ્છી ૧૮૪૧માં આવ્યા.
- ✦ ૧૮૦૬ સુધી મુંબઈમાં વાઘ-વરૂ-દીપડા ફરતા હતા.
- ✦ ૧૮૩૦માં ૩ આને શેર દૂધ અને આઠ આને શેર ઘી મળતું.
- ✦ બોરીબંદરમાં ૧૫ રૂપિયે મણ મીઠાઈ મળતી.
- ✦ પહેલું રેલવે સ્ટેસન કોલાબા હતું.
- ✦ બાંદ્રા સ્ટેશન ૧૮૮૮માં, માટુંગા ૧૮૦૨માં અને વિલેપાર્લે ૧૮૦૬માં બંધાયું.
- ✦ મુંબઈ સેન્ટ્રલ ટર્મિનસ ૧૮૩૦માં ખૂલ્યું. બાંધકામનો ખર્ચ રૂા. ૧૫૬ લાખ.
- ✦ ગીરગામમાં કેશવજી નાયકની ૧૬ ચાલીઓ હતી, જે રૂા. ૧૮ હજારમાં વેચાઈ.
- ✦ ૧૮૭૪-૭૫માં હરિચંદ્ર નાટક ધોબી તળાવમાં ૧૧૦૦ વાર ભજવાયું હતું.
- ✦ પહેલી ટ્રામ ૧૯૦૫માં શરૂ કરનાર વિઠ્ઠલદાસ હતા.
- ✦ મુંબઈ યુનિર્સિટીની સ્થાપના ૧૮૫૭માં થઈ.
- ✦ માતાને પ્રતિક્રમણ માટે સમયની ખબર પડે તે માટે શેરબજારના ઉસ્તાદ પ્રેમચંદ રાયચંદે રાજાબાઈ ટાવર રૂપિયા બે લાખમાં બંધાવેલ.
- ✦ ઈલેક્ટ્રિક ટ્રામની શરૂઆત ૧૯૦૭માં અને મોટર બસ સેવાની શરૂઆત ૧૯૨૬માં થયેલ.
- ✦ ભાત બજારનો ફુવારો શ્રી કેશવજી નાયકે રૂા. ૨૩ હજારમાં બંધાવેલ.
- ✦ પ્રથમ મુંબઈ બંધ એસ.એ. ડાંગેએ કરાવેલ.
- ✦ મહાનગરપાલિકા બિલ્ડિંગનો પાયો ૧૮૮૪માં નંખાયો હતો. ખર્ચ રૂપિયા તેર લાખ.
- ✦ ૧૮૩૧માં એવરેજ જમીનની કિંમત રૂા. ૧ પ્રતિ ચોરસ ફૂટ હતી.
- ✦ ૧૮૨૬માં મુંબઈમાં ૨૪૨૯ કૂવા તથા ૨૯૦ તળાવો હતા.
- ✦ મુંબઈમાં પહેલી કાર ચલાવનાર જે.આર.ડી. તાતાના માતાજી હતા.

***હીરાલાલ વેલજી ઉનડોઠવાલા - ચેમ્બુર, મુંબઈ***

# અતીતના ઓવારેથી.... : મણકો-૨૨

*'મંગલ મંદિર' એ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર છે કે જે સમાજના દરેક સભ્ય પરિવાર, ભારતના અન્ય શહેરોના મહાનુભાવો તથા વાચકવર્ગ, લેખક, વાર્તાકાર, કવિઓ, સમાજસેવકો વગેરેને એક તાંતણે બાંધી રાખે છે. લોકો તેનું પ્રેમપૂર્વક વાંચન કરે છે.*

*'મંગલ મંદિર'ની શરૂઆત ઓગસ્ટ-૧૯૭૫થી કરવામાં આવેલ હતી કે જ્યારે તેના પ્રથમ સંપાદક તરીકેની જવાબદારી શ્રી પ્રભુલાલ કપૂરચંદ સંઘવીએ સંભાળેલ હતી. આશરે ત્રણેક વર્ષ સુધી જવાબદારી નિભાવ્યા પછી એ જવાબદારી પ્રમીલાબહેન કુરૂવાને સુપ્રત કરવામાં આવેલ હતી કે જેમણે તેમના અંતિમ સમય સુધી એટલે કે ૬ વર્ષ લગી એ જવાબદારી અદા કરેલ હતી. જૂન ૧૯૮૪માં તેમનું નિધન થતાં જુલાઈ-૧૯૮૪થી એ જવાબદારી શ્રીમતી ચંદ્રિકાબેન દેઢિયાએ સંભાળી લીધેલ હતી. તેઓએ સતત ૨૨ વર્ષ સુધી આ જવાબદારી નિભાવી, ૧૮ પાનાના 'મંગલ મંદિર'ને ૫૦ પાના સુધી પહોંચાડેલ હતું. તેમના સમયમાં 'મંગલ મંદિર' દેશ વિદેશના મહાનુભાવોમાં સારી એવી નામના મેળવી ચૂકેલ હતું. જુલાઈ-૧૯૮૪થી ઓગસ્ટ-૨૦૦૬ના ૨૨ વર્ષના ગાળા બાદ તેમણે સ્વૈચ્છિક નિવૃત્તિ લીધેલ હતી.*

*૨૨ વર્ષની એકધારી લગન અને મહેનત પછી જ્યારે તેમણે ઓગસ્ટ-૨૦૦૬માં નિવૃત્તિ લીધી ત્યારે તેમણે જે તંત્રીલેખ – સંપાદિકાની કલમે... "અલવિદા – મંગલ મંદિર" લેખ પ્રસારિત કરેલ, તે લેખ આજે અત્રે અતીતના ઓવારેથી કોલમમાં શબ્દસહ પ્રસારિત કરીએ છીએ.*

*સાથે સાથે સપ્ટેમ્બર-૨૦૦૬માં નવા તંત્રી મંડળે જે જવાબદારી સ્વિકારી લીધેલ, તેઓએ તંત્રીલેખમાં ચંદ્રિકાબેનને યાદ કરી "શ્રીમતી ચંદ્રિકાબેન દેઢિયાના નિવૃત્તિના સમયે નત મસ્તકે વંદન" ના નામનો જે લેખ પ્રસારિત કરેલ, તેને પણ અત્રે શબ્દસહ રજૂ કરીએ છીએ.*

*બંને તંત્રીલેખનું વાંચન કર્યા પછી વાચકવર્ગ પૂરેપૂરા લાગણીમય વાતાવરણમાં આવી જશે તેની પૂરેપૂરી ખાત્રી રહે છે.*

*– તંત્રી મંડળ*

## સંપાદિકાની કલમે...

# અલવિદા.... મંગલ મંદિર

૧૯મી જૂન, ૧૯૮૪. 'મંગલ મંદિર'ના એ વખતના સંપાદિકા શ્રીમતી પ્રેમીલાબહેન ઉમરશીભાઈ કુરુવા. દીકરી હેમાબહેન સાસરેથી પિયર આવી હતી. ખૂબ જ ઉત્સાહમાં હતા. સવારે તો કૂકર મૂકવાથી કરી બધી રસોઈની જવાબદારી પૂરી કરી. દીકરીના માનમાં મનગમતી મીઠાઈ બનાવી. ઓચિંતા ચક્કર આવ્યા. બેડરૂમમાં પલંગ પર પહોંચતા સુધીમાં તો ફસડાઈ પડ્યા અને કોમામાં જતા રહ્યા. કેટલાક દિવસો કોમામાં રહ્યા બાદ ઉપરવાળાએ જે ધાર્યું હતું એ જ થઈને રહ્યું. પ્રેમીલાબહેનનું નિધન થયું. ત્યારે સમાજની વિવિધ મહિલા પ્રવૃત્તિમાં અચૂક ઉત્સાહથી ભાગ લેવાનું થતું. થોડા સમય પહેલાં જ શ્રીમતી પ્રેમીલાબહેને કચ્છી મહિલા સમાજની સ્થાપના કરેલી. એમાં પણ સક્રિય રીતે ભાગ લેવાનું થતું. અચાનક પ્રેમીલાબહેનની વિદાય. હવે એમના પછી કોણ? 'મંગલ મંદિર' કોણ સંભાળશે? ડૉક્ટર સાથે ચર્ચા કરી. મેં કહ્યું, 'હાલ પૂરતી તો જવાબદારી આપણે લઈ લેવી જોઈએ.' ત્યારબાદ કોઈ યોગ્ય વ્યક્તિ આગળ આવશે તો આપણે એના હાથમાં 'મંગલ મંદિર'નું સુકાન સોંપી દઈશું. એવી વાત કર્યા પછી 'મંગલ મંદિર' હાથમાં લીધું. આજે એ વાતને ૨૨ વર્ષના વહાણા વહી ગયા. આટલો બધો સમય ક્યારે વ્યતિત થઈ ગયો, ખબર પણ ન પડી. હજી તો જાણે આ બધું તાજેતરમાં જ બન્યું હોય એમ ભૂતકાળની સમગ્ર ઘટનાઓ નજર સમક્ષ તરવર્યા કરે છે કે જ્યારે હું પણ વાનગી સ્પર્ધામાંની એક સ્પર્ધક રહેતી. સાડી પહેરવાની હરીફાઈમાં ભાગ લેતી ને ઈનામો મેળવતી. એને બદલે ઓચિંતી કચ્છી મહિલા સમાજનું પ્રમુખપદ સંભાળવાની પણ જવાબદારી આવી પડી અને એ જવાબદારી નિભાવતા પણ ૨૨ વર્ષના વહાણા વહી ગયા. તો આ હતો અતીત.

આ ૨૨ વર્ષમાં ઘણું બધું શીખવાનું - જાણવાનું મળ્યું. શ્રી કચ્છી જૈન સેવા સમાજે જે વિશ્વાસ મારામાં મૂક્યો તેથી મારી હિંમત ઘણી બધી વધી ગઈ. મને લાગ્યું કે મારે ચીલાચાલુ સ્ત્રી નથી બનવું પણ કંઈક સામાન્ય સ્ત્રીથી વિશેષ બનવું છે. અને એ બનવામાં સૌથી મોટો ફાળો આપ્યો મારા જીવનસાથી ડૉ. દેઢિયાએ. આજે હું જે પણ છું - એમનો સાથ અને સહકાર ન હોત તો કદાચ આ જવાબદારી નિભાવી શકી ન હોત.

'મંગલ મંદિર' શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું મુખપત્ર છે અને એ રીતે, માત્ર અમદાવાદમાં વસતા સમાજના સભ્યોને જ નહીં, પરંતુ દેશ-વિદેશમાં વસતા અન્ય કચ્છીઓને, આ સંસ્થાના શુભેચ્છકો અને દાતાઓને પણ, સંસ્થાની પ્રવૃત્તિઓ અને પ્રગતિનો સંદેશો પહોંચાડવાનું એક માધ્યમ રહ્યું છે. છેલ્લા બે દાયકા દરમિયાન સંસ્થાએ પ્રગતિના જે સોપાનો સર કર્યા છે તેનું સ્પષ્ટ - સુરેખ ચિત્ર આપવાનો નમ્ર પ્રયાસ કરેલ છે. કચ્છ અને કચ્છ બહાર વસતા કચ્છીઓમાં સંસ્થાએ આજે જે ગૌરવભર્યું સ્થાન પ્રાપ્ત કરેલ છે તેમાં 'મંગલ મંદિર' યત્કિંચિત ફાળો આપી શક્યું છે જેનો મને આનંદ છે.

આજે મને સંતોષ એ વાતનો છે કે આટલાં વર્ષો બાદ 'મંગલ મંદિર' માટે એક યોગ્ય વ્યક્તિ સમાજને સાંપડી છે. શ્રી અશોકભાઈ 'મંગલ મંદિર' માટે પરફેક્ટ વ્યક્તિ છે. એમની લખવાની કેપેસિટી અદ્‌ભુત છે. મેં 'મંગલ મંદિર'ને ૧૮ પાનાથી આગળ વધારી ૪૦થી ૫૦ પાના સુધી પહોંચાડ્યું. પણ અશોકભાઈ એથી પણ આગળ નીકળી જશે એમાં જરાપણ શંકાને સ્થાન નથી. શ્રી અશોકભાઈને આ સ્થાનેથી મારી શુભ કામના વ્યક્ત કરું છું.

મારી આ ૨૨ વર્ષની યાત્રામાં મારા સહયોગી શ્રી સૂરજભાઈ મહેતા, શ્રી રોહિતભાઈ ગાંધી, મંગલ મંદિરના નિયમિત વિભાગોના સંકલનકર્તા શ્રી પોપટભાઈ ધરોડ, શ્રી ગુલાબચંદભાઈ રાંભિયા સૌનો ખૂબ જ સાથ અને સહકાર મળેલ છે જેને હું ક્યારેય નહીં ભૂલી શકું. એ માટે હું હંમેશાં એમની ઋણી રહીશ. સૌથી વિશેષ તો હું આ સમાજની ઋણી રહીશ કે જેણે મને આ તક આપી. આગળ વધવાની અને સાથે સાથે કંઈક કરી બતાવવાની.

અંતમાં હું ક્ષમાયાચના સાથે વિરમીશ. આ વર્ષો દરમિયાન મારાથી કોઈપણ વ્યક્તિનું દિલ દુભાયું હોય તો એ માટે મિચ્છામિ દુક્કડમ્.

*– ચંદ્રિકા દેઢિયા*

## શ્રીમતી ચંદ્રિકાબહેન દેઢિયાની
## નિવૃત્તિના સમયે તેમને નત મસ્તકે વંદન...



**શ્રીમતી ચંદ્રિકા દેઢિયા**

જેમણે છેલ્લા ૨૨ વર્ષ કરતાં પણ વધુ સમયથી એકધારી રીતે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મુખપત્ર 'મંગલ મંદિર'નું સફળ અને સરળ સંચાલન સફળતાપૂર્વક પાર પાડી યોગ્ય રીતે દીપાવેલ છે, જેઓએ તેમના લાંબા સમયગાળા દરમિયાન આ સમાજની વિવિધ પ્રવૃત્તિઓના સમાચારો નિયમિત રીતે પ્રસારિત કરવાની અને સમાજની સુવાસ ચારે દિશામાં રેલાવવાની જવાબદારી અદા કરેલ છે, જેમણે અનેક વર્ષોથી સમાજની કાર્યવાહીના અહેવાલો સરળ ભાષામાં પ્રસારિત કરી

સમાજની નામનામાં બેનમૂન વધારો કરાવેલ છે, જેમણે આ મુખપત્રને નિર્મળ અને સ્વચ્છ મુખપત્ર બનાવી તેને અવ્વલ દરજ્જે પહોંચાડવા તનતોડ પ્રયાસ કરેલ છે, તેવા શ્રીમતી ચંદ્રિકાબહેન દેઢિયા - હજુ પણ સક્ષમ હોવા છતાં ઓગસ્ટ-૨૦૦૬ના અંકના પ્રસારણ બાદ સ્વેચ્છાએ નિવૃત્તિ સ્વીકારી, જે આ સમાજના કોઈ પણ સભ્યને ઈચ્છનીય ના લાગે તેવી હકીકત હોવા છતાં તેમના આગ્રહને માન આપી આ સમાજે નાછૂટકે તેમને તેમની દીર્ઘ સેવામાંથી મુક્ત કરેલ છે. આ મુખપત્રની જવાબદારી હવે પછી અમારે અદા કરવી, તેવો સમાજે નિર્ણય લીધેલ છે.

જુલાઈ-૧૯૮૪થી ઓગસ્ટ-૨૦૦૬ના ૨૨ વર્ષથી પણ વધુ સમયગાળા દરમિયાન તેઓએ 'મંગલ મંદિર'ના ૨૬૬ અંકો સફળપણે પ્રસારિત કરેલ છે. તેટલું જ નહીં, પરંતુ એ સમયગાળા દરમિયાન વિવિધ પ્રસંગે, વિવિધ માહિતીસભર લગભગ પંદરેક જેટલા વિશેષાંકો બહાર પાડેલ છે. જેના લેખો અને માહિતીઓનું અવલોકન કરીએ તો તેમની કાર્યદક્ષતાની સૂઝ નજર સમક્ષ તરી આવે. સફળતાપૂર્વક અદા કરેલ ૨૨ વર્ષની દીર્ઘ સેવાને એક અનેરી સિધ્ધિ તરીકે મૂલવી શકાય.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મુખપત્રની શરૂઆત ઓગસ્ટ-૧૯૭૫થી કરવામાં આવેલ છે. જે સમયે શરૂઆતના લગભગ ત્રણ વર્ષ સુધી તેના સંચાલનની જવાબદારી શ્રી પ્રભુલાલ કપૂરચંદ સંઘવીએ સંભાળેલ હતી. ત્યારબાદ લગભગ ૬ વર્ષ સુધી આ જવાબદારી સ્વ. પ્રમીલાબહેન કુરુવાએ અદા કરેલ અને ત્યાર પછીના એટલે કે જુલાઈ ૧૯૮૪થી તે આજ દિન સુધી આ મુખપત્રનું સફળ અને સરળ સંચાલન શ્રીમતી ચંદ્રિકાબહેન દેઢિયાના નેજા હેઠળ કરવામાં આવેલ છે. તેમની દીર્ઘ દૃષ્ટિ અને વિશાળ અનુભવે ''મંગલ મંદિર''ને વિકાસની ટોચ પર પહોંચાડી દીધેલ છે. તેઓની સેવાને નત મસ્તકે વંદન કરીએ.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કાર્યોના અહેવાલો તેમજ અન્ય વિવિધ વિભાગોના સમાચારો વાંચ્યા પછી આપણને વિશિષ્ટ જાણકારી મળે તેવા લેખો તેમજ વિવિધ માહિતીઓથી સભર અંકો જે રીતે શ્રીમતી ચંદ્રિકાબહેને બહાર પાડ્યા તે ક્ષમતાએ પહોંચવાની સક્ષમતા કદાચ આ સમાજના બીજા કોઈ પણ સભ્યમાં હોવી મુશ્કેલ છે, તેમ છતાં તેમના વિશાળ અનુભવના માર્ગદર્શન હેઠળ તેમના રાહે ચાલવાની જરૂરથી કોશિશ કરીશું. અમે ઈચ્છીએ કે પરમ કૃપાળુ પરમાત્મા અમને તેમના જેટલી જ શક્તિ અર્પે.

કોઈ પણ સમાજના વિકાસ માટે અને તેનાં કાર્યોને અવિરતપણે ધબકતા રાખવા માટે, તેના પ્રવાહોને બંધિયાર ના બનાવી, તેને વહેતા રાખવા માટે તેમાં સમય અને સંજોગો અનુસાર પરિવર્તન લાવવા જરૂરી બની રહે છે. આ નાતે અમે આ પરિવર્તનને સ્વીકારી શ્રીમતી ચંદ્રિકાબહેને ચીતરેલ ચીલા પર ચાલવા જરૂરથી કોશિશ કરીશું. કદાચ તેઓશ્રીની પ્રેરણા અમને સાચી દિશા પર ચાલવા પ્રેરતી રહેશે.

*અશોક મહેતા*
*સૂરજલાલ મહેતા*
*મનુભાઈ શાહ*

---

*રૂપિયાના ઢગલા પર*
*ઊંઘની હડતાળ છે.*
*માટીના ઓટલા પર*
*નીંદર મહેરબાન છે!*
*સુખની બે ચાવી છે*
*ખડખડાટ અને ઘસઘસાટ*
*કેટલું મેળવી શકો છો...*
*એના પર નહીં, પણ...!*
*કેટલું માણી શકો છો*
*એના પર*
*સુખનો આધાર રહેલો છે.*

*પ્રેષક : નવનીત પટેલ*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### તા. ૧૫-૦૪-૨૦૨૫થી તા. ૧૭-૦૫-૨૦૨૫ સુધી
### 'મંગલ મંદિર'નું લવાજમ ભરનારાઓના નામની યાદી

| | | | |
|---|---|---|---|
| **૧ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | | |
| ૧. | ભારતી ભવાનજી ચાંપશી લોડાયા | ગાંધીનગર | ૦૧-૦૫-૨૫ |
| ૨. | નીલેશ કાંતિલાલ રણશી શેઠિયા | અમદાવાદ | ૦૮-૦૫-૨૫ |
| **૫ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | | |
| ૧. | દામજી પ્રેમજી દેઢિયા | મુંબઈ | ૦૯-૦૫-૨૫ |

# સવાલ અમારો... જવાબ તમારો.....

મણકો ૨૯

સંકલન - સંયોજક : પ્રભુલાલ કે. સંઘવી – અમદાવાદ
(સમાજના ભૂતપૂર્વ મંત્રી, 'મંગલ મંદિર'ના પ્રથમ ભૂતપૂર્વ તંત્રી તથા પ્રવર્તમાન મંગલ મંદિર તંત્રી મંડળના સભ્ય)

*અહીં ૧૦ પ્રશ્નો આપવામાં આવેલા છે. તે તમામના સાચા જવાબ આપવાના છે. સાચા જવાબો આપનાર વાચકોમાંથી લક્કી ડ્રો કરી પાંચ વાચકોને યોગ્ય ઈનામ આપવામાં આવશે. વધુમાં વધુ સંખ્યામાં ભાગ લેવા વિનંતી.*

*તો આવો, આ એક નવીનતમ શ્રેણીના જવાબ આપવા થઈ જાઓ તૈયાર... ઉઠાવો કલમ...*

★ **આપે આટલું કરવાનું છે :**

- *આપના જવાબો, અંક મળ્યેથી ૧૦ દિવસમાં સમાજના પાલડી ભવન કાર્યાલયે મોકલી આપવાના છે.*
- *કવર ઉપર "સવાલ અમારો – જવાબ તમારો" સ્પર્ધા લખવાનું છે.*
- *જવાબના પત્ર ઉપર આપનું નામ, સરનામું, મોબાઈલ નંબર લખવો.*
- *આ એક ઉત્તમ પ્રયાસ છે. થોડી મહેનત કરશો. શોધખોળ કરશો... પ્રયત્ન કરશો... આપના જાણીતા અને અનુભવેલા પ્રશ્નો છે. આપને જરૂર આવડશે... આપનું નામ પ્રસિધ્ધ થશે... આપને આનંદ આવશે. સમાજ પ્રત્યે દિલચશ્પી વધશે.*

*તો આવો, તૈયારી કરીએ... જવાબ લખવાની...*

## • આ અંકના સવાલો •

૧. ખગોળશાસ્ત્રીઓએ સહિયારું સંશોધન કરી સૌર મંડળમાં શનિના વધુ ________________ ચંદ્ર શોધી કાઢ્યા. (૧૨૮, ૧૩૨, ૧૯૩)

૨. ગુજરાતની અદાલતોમાં ________________ લાખથી વધુ કેસો પેન્ડિંગ છે. (૧૧.૧૨ / ૧૪.૨૭ / ૧૬.૬૨)

૩. વિશ્વમાં વૃક્ષોની સૌથી વધુ જાત ________________માં જોવા મળે છે. (ભારત, ચીન, જાપાન)

૪. માણસના શરીરના વજનનો ૧૫ ટકા ભાગ ________________ રોકે છે. (હાડકા, ચામડી, લોહી)

૫. શોધશો તો જ ________________ મળશે. બાકી મંઝીલને ટેવ નથી સામે ચાલીને આવવાની... (પૈસો, રસ્તો, બંગલો)

૬. અમદાવાદમાં નવી નવી કળાઓ ________________ નિઃશુલ્ક શીખવાડશે. (ચંદ્રિકાબેન દેઢિયા, પ્રભાબેન સાવલા, અલ્પાબેન મારૂ)

૭. નવનીત મેડિકલ સેન્ટર - જશોદાનગરમાં માર્ચ માસમાં બોડી ચેક-અપમાં ________________ વ્યક્તિઓએ લાભ લીધો હતો. (૪૯, ૮૩, ૯૬)

૮. સંસ્થાની શૈક્ષણિક સહાય કેળવણી ફંડના ફોર્મ સ્વિકારવાની છેલ્લી તારીખ ________________ છે. (૧૫-૭ / ૩૧-૬ / ૧૫-૬)

૯. વિશ્વસનીયતાના અનુભવો ________________ ટ્રાન્સપોર્ટમાં જોવા મળે છે. (સવાણી ટ્રાન્સપોર્ટ, લાલજી મૂળજી ટ્રાન્સપોર્ટ, વી-ટ્રાન્સ)

૧૦. આપણે આપણા ________________ જેવા વિચારોનું વાવેતર કરીશું એવું જ ઉગી નીકળશે. (ઘરમાં, મનમાં, પરિવારમાં)

## • મણકા–૨૫ ના સવાલોના સાચા જવાબો •

૧. કચ્છ સંસ્કૃતિ મ્યુઝીયમ - શાહીબાગ જોઈને કોને આનંદ આનંદ થઈ ગયો? **પ્રવીણચંદ્ર ઠક્કર**
૨. અમદાવાદની કઈ હોસ્પિટલમાં એક દિવસના રૂા. ૫૦૦/- લેવામાં આવે છે? **સદ્‌વિચાર**
૩. સંસ્થાના સ્ટાફને **તા. ૨૨-૩-૨૦૨૫**ના દિવસે ફાયર સેફ્ટી અંગે ટ્રેનિંગ આપવામાં આવી.
૪. વડીલો બને ઘર કેરો વડલો, **આશ્રય** દાતા
૫. વિરોધ એટલે આપણે **સાચા** માર્ગે હોવાનું સર્ટીફિકેટ.
૬. જીવરાજ હોસ્પિટલ **૩૫** વર્ષની ઉજવણી કરી રહ્યું છે. (૨૫, ૫૧, ૩૫)
૭. શ્રીમતી હર્ષાબેન બિપીનચંદ્ર શાહે રૂા. ૫૧,૦૦૦/-નું દાન કર્યું. **વૈયાવચ્ચમાં**
૮. અમદાવાદમાં જૈન રીક્ષા પકડવા કયા રીક્ષા ચાલક લીડરને ફોન કરવો? **રાહુલ જૈન**
૯. બોપલ ડાયાલિસિસ સેન્ટરમાં ફેબ્રુઆરી માસમાં **૨૫૩** વ્યક્તિઓએ લાભ લીધો.
૧૦. ગુજરાતમાં સૌથી વધુ મેન્ગ્રોવ વિસ્તાર **કચ્છ**માં છે.

***મણકા-૨૫ (મંગલ મંદિર મે-૨૦૨૫ અંકમાં પૂછાયેલા પ્રશ્નો)ના સાચા જવાબ આપનાર ભાગ્યશાળીઓના નામ નીચે મુજબ છે.***

૧. દિશા પટેલ – પાલડી, અમદાવાદ
૨. અમરીષ કે. સંઘવી – પાલડી, અમદાવાદ
૩. મિત્તલ પટેલ – પાલડી, અમદાવાદ
૪. નેહા પારેખ – પાલડી, અમદાવાદ
૫. ઝરણા પારેખ – પાલડી, અમદાવાદ
૬. મીનાક્ષી રજનીકાંત પારેખ – પાલડી, અમદાવાદ
૭. રોનકબેન આઈ. શેખ – કાલુપુર, અમદાવાદ
૮. અજય અશ્વિનભાઈ રાણા – પાલડી, અમદાવાદ
૯. સ્મિતા વી. શાહ – પ્રહલાદનગર, અમદાવાદ
૧૦. ડૉ. લુબના આઈ. શેખ – કાલુપુર, અમદાવાદ
૧૧. નરેન્દ્રકુમાર પ્રજાપતિ – પાલડી, અમદાવાદ
૧૨. નીરવ મહેન્દ્રભાઈ જાદવ – વેજલપુર, અમદાવાદ
૧૩. નીલોફર આઈ. શેખ – કાલુપુર, અમદાવાદ
૧૪. ચંદ્રા મહેન્દ્ર શાહ – પાલડી, અમદાવાદ
૧૫. નવનીત ત્રિકમલાલ પટેલ – બોપલ, અમદાવાદ
૧૬. રીધ્ધિ પરીખ – પાલડી, અમદાવાદ
૧૭. અવ્વાબરાજ એ. શેખ – કાલુપુર, અમદાવાદ
૧૮. નીલેશ દીપકભાઈ કારાણી – પાલડી, અમદાવાદ
૧૯. ક્રિષા નીલેશ કારાણી – પાલડી, અમદાવાદ
૨૦. દમયંતી દિલીપ દંડ – નારાણપુરા, અમદાવાદ
૨૧. ફાલ્ગુની ડી. શાહ – નવરંગપુરા, અમદાવાદ
૨૨. અરવિંદ જે. ભટ્ટ – બોપલ, અમદાવાદ
૨૩. અશોક વી. શાહ – ગાંધીનગર
૨૪. નરેશ શાહ – ગાંધીનગર
૨૫. હેમાબેન જે. શાહ – પાલડી, અમદાવાદ
૨૬. કામિની સ્નેહલભાઈ શેઠ – નવા વાડજ, અમદાવાદ

***ઉપરોક્ત નામોમાંથી ડ્રો કરવામાં આવતા નીચે મુજબના ૫ ભાગ્યશાળીઓ ઈનામને પાત્ર થયેલ છે.***

| | | | |
|---|---|---|---|
| ૧. | **અરવિંદ જે. ભટ્ટ** | **– બોપલ, અમદાવાદ** | **મો. ૯૦૯૯૯ ૫૩૨૧૧** |
| ૨. | **ચંદ્રા મહેન્દ્ર શાહ** | **– પાલડી, અમદાવાદ** | **મો. ૯૪૨૬૩ ૬૭૮૦૯** |
| ૩. | **ફાલ્ગુની ડી. શાહ** | **– નવરંગપુરા, અમદાવાદ** | **મો. ૯૪૨૯૮ ૧૩૬૬૭** |
| ૪. | **અવ્વાબરાજ એ. શેખ** | **– કાલુપુર, અમદાવાદ** | **મો. ૯૨૭૬૭ ૫૨૨૩૫** |
| ૫. | **નવનીત ત્રિકમલાલ પટેલ** | **– બોપલ, અમદાવાદ** | **મો. ૯૮૨૪૧ ૫૯૨૨૧** |

***આ ભાગ્યશાળીઓએ પોતાના ઈનામ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી, અમદાવાદ ખાતેથી મેળવી લેવા વિનંતી કરવામાં આવે છે.***

★ **નોંધ :** (૧) આ પ્રશ્નો સમાજ, સમાજની પ્રવર્તમાન પ્રવૃત્તિ અને સમાજને લગતા પૂછવામાં આવ્યા છે. સમાજના મુખપત્ર તથા સમાજના સાહિત્યનો અભ્યાસ કરવાથી જવાબો મળી જશે. (૨) સૌને સમાજની કાર્ય પ્રવૃત્તિમાં જોડવા અને ઓતપ્રોત કરવા સમાજને સ્પર્શતા પ્રશ્નો પૂછવામાં આવ્યા છે. (૩) આ કોલમ / મણકા સંબંધી આપનાં કોઈ સૂચન હોય તો આવકાર્ય છે.

*સફળ વ્યક્તિના હોઠ પર બે વસ્તુ હંમેશાં રહેતી હોય છે – "મૌન" અને "સ્મિત."*
*મૌન સમસ્યાઓ ટાળવા માટે અને સ્મિત સમસ્યાઓ ઉકેલવા માટે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી

## શ્રી કચ્છી જૈન ભવન - પાલડી

**તા. ૨૦-૫-૨૦૨૫**

- આજ રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે ડૉ. હિતેન્દ્ર શાહે રૂમ નં. ૨૦૧થી ૨૦૫ના રીનોવેશનની કામગીરીનું નિરીક્ષણ કરેલ હતું.

## શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ

**તા. ૨-૪-૨૦૨૫**

- આજ રોજ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર, શ્રી કે.ડી. શાહ, શ્રી રજનીકાંત પારેખ, શ્રી રાજેન્દ્રભાઈ દોશી, શ્રી લક્ષ્મીચંદભાઈ વીરા – બધાએ ભવન અને ડાયાલિસિસ સેન્ટરની વિઝીટ અને ફાયર સેફટી નવી બનાવી તેની વિઝીટ કરેલ હતી.

**તા. ૧૧-૪-૨૦૨૫**

- ડૉ. કેતન શાહે ભવનના રૂમોની અને કેન્ટીનની મુલાકાત લીધેલ હતી.

**તા. ૧૭-૪-૨૦૨૫**

- શ્રી રજનીકાંત પારેખ અને શ્રી કે.ડી. શાહે ભવનના રૂમોની વિઝીટ અને કેન્ટીન તેમજ ડાયાલિસિસ સેન્ટરની મુલાકાત લીધી હતી.

**તા. ૩-૫-૨૦૨૫**

- શ્રી રજનીકાંત પારેખ અને શ્રી કે.ડી. શાહ ભવનની મુલાકાતે આવેલ હતા અને રૂમો અને ડાયાલિસિસ સેન્ટરના નવા સ્ટોરની મુલાકાત લીધેલ હતી અને જરૂરી સૂચનો આપેલ હતા.

**તા. ૧૩-૫-૨૦૨૫**

- શ્રી લક્ષ્મીચંદભાઈ વીરા અને શ્રી રજનીકાંત પારેખે ડાયાલિસિસ સેન્ટર અને નવા સ્ટોર તેમજ સ્ટોકના ઓર્ડર મંજૂર કરેલ હતા.
- ભવન પરનો બૉરવેલ બગડતાં ડૉ. કેતન શાહે ભવનની વિઝીટ લીધી હતી.

**તા. ૧૫-૦૫-૨૦૨૫**

- ડાયાલિસિસ સેન્ટર ખાતે PMJAY નું એમડી ઈન્ડિયામાંથી વિઝીટે આવેલ. ડૉ. જય શાહ, ડૉ. દિલીપ રામાવત, શ્રી કૃષ્ણકાંત મોદી અને શ્રી જાવેદ શેખે યોગ્ય ડોક્યુમેન્ટ્સ પૂરા પાડી ઓડિટ પૂરું કરાવેલ હતું.

## મેડિકલ સેન્ટર – પાલડી

**તા. ૨૯-૪-૨૦૨૫**

- શ્રી વિશનજી કેશવજી શાહ (લાખણિયા - અમદાવાદ) તરફથી મેડિકલ સેન્ટર માટે રૂા. ૫,૦૦૦/-નું ડોનેશન મળેલ છે.

**તા. ૩૦-૪-૨૦૨૫**

- દાંત વિભાગમાં ડૉ. માધુરી ગાંધીએ રાજીનામું આપેલું હતું. તેઓએ તેમની સેવા બંધ કરેલ છે. ડૉ. હિતેન્દ્ર શાહને અન્ય ડૉક્ટરની નિમણુંક કરવા માટે જણાવેલ છે.

**તા. ૧૦-૫-૨૦૨૫**

- તા. ૧૧-૫-૨૦૨૫ના રોજ "મધર્સ ડે" હોવાથી મેડિકલ સેન્ટરમાં બેનર લગાડવામાં આવ્યા કે સોમવાર, તા. ૧૨-૫-૨૦૨૫ના રોજ દરેક માતાને મેડિસીન વિભાગ, ઈ.એન.ટી. વિભાગ, આંખ વિભાગ, જનરલ સર્જરી વિભાગ, સ્ત્રી રોગ વિભાગ, દાંત વિભાગ, સ્કીન વિભાગ અને હાડકા વિભાગનું રૂા. ૧૦૦/-નું કન્સલ્ટેશન ફ્રી માં આપવામાં આવશે.

**તા. ૧૨-૫-૨૦૨૫**

- મધર્સ ડે નિમિત્તે જે ફ્રી કન્સલ્ટેશન આપવામાં આવેલ હતું તેનો ૬૩ બહેનોએ લાભ લીધેલ હતો.

**તા. ૧૬-૫-૨૦૨૫**

- એક સદ્‌ગૃહસ્થ તરફથી વૈયાવચ્ચ ખાતે રૂા. ૫૦૦/-નું ડોનેશન મળેલ હતું.

**તા. ૨૦-૫-૨૦૨૫**

- મેડિકલ સેન્ટરના સ્પિરીટ લાઈસન્સ રીન્યુ કરવાની ઓનલાઈન પ્રોસીજર ઘણા દિવસોથી કર્યા બાદ આજરોજ ૭ બોટલનું ઓરીજીનલ લાઈસન્સ નશાબંધી ઓફિસથી મેળવવામાં

આવ્યું. જે તા. ૧-૪-૨૦૨૫થી તા. ૩૧-૩-૨૦૩૦ – પાંચ વર્ષ માટે મળેલ છે.

## નવનીત મેડિકલ સેન્ટર - બોપલ

**તા. ૧૯-૪-૨૦૨૫**

- આજ રોજ ડૉ. મિત પટેલ દ્વારા મોતિયાના બે ઑપરેશન તથા ડૉ. ચાંદની અને ડૉ. પ્રકૃતિ દ્વારા મોતિયાના બે ઑપરેશન કરવામાં આવેલ હતા.

**તા. ૨૦-૪-૨૦૨૫**

- આજ રોજ 'સીટી લાઇન' ન્યુઝ પેપરમાં સ્ટાફ અંગે જાહેરાત આપવામાં આવેલ.

**તા. ૨૨-૪-૨૦૨૫**

- આજ રોજ ડાયાલિસિસના એ.સી.માં PCB Damage રીપેર કરાવવામાં આવેલ હતું.

**તા. ૩૦-૪-૨૦૨૫**

- આજ રોજ ડૉ. શ્વેતા (ફિઝીયોથેરાપિસ્ટ) આ સેન્ટર સાથે જોડાયેલ છે.

**તા. ૧-૫-૨૦૨૫**

- ડૉ. મનીષા ત્રિપાઠી (ડેન્ટીસ્ટ) આજ રોજ આ સેન્ટર સાથે જોડાયેલ છે.

**તા. ૨-૫-૨૦૨૫**

- ડૉ. રવિ બોકરવાડિયા (ગેસ્ટ્રોલોજિસ્ટ) આજ રોજ આ સેન્ટર સાથે જોડાયેલ છે.

## પરમકૃપા મેડિકલ સેન્ટર - ચાંગોદર

**તા. ૨૨-૪-૨૦૨૫**

- આજ રોજ MBR Flexible Co. માથી બે કર્મચારીઓ સેન્ટર ઉપર આવ્યા અને તેમને ડૉ. કિશન માળી દ્વારા ફર્સ્ટ એઇડ ટ્રેનિંગ આપવામાં આવી.
- આજ રોજ ધોળકા નિવાસી શ્રી અશ્વિનભાઈ રાઠોડ, જે વીરમગામ એસ.આર.પી. ક્વાર્ટર્સમાં રાઈટરની ફરજ બજાવે છે, તેમણે ચાંગોદર સેન્ટર ખાતે મેડિકલ ફિટનેસ કરાવ્યું અને પ્રતીક વ્યાસ સાથે ચર્ચા કરીને બાકીનાં પોલીસ કર્મચારીઓનું મેડિકલ ફિટનેસ આપણી સંસ્થાના ચાર મેડિકલ સેન્ટરોની નજીક જે સ્ટાફ રહેતો હશે તેમને પણ માહિતગાર કરશે તેમજ સંસ્થાને પેશન્ટ બાબતે મદદરૂપ થશે તે બાબતે ચર્ચા કરી.

**તા. ૨૫-૪-૨૦૨૫**

- આજ રોજ ચાંગોદર ગામ ખાતે પ્રતીક વ્યાસ અને દીપકભાઈ – બંનેએ કેનોપી ટેન્ટ લગાવીને ગામના રહેવાસીઓને સેન્ટરના પેમ્ફલેટ આપ્યા હતા અને સેન્ટરમાં થતી તમામ પ્રકારની સારવારની માહિતી આપી હતી.

**તા. ૩૦-૪-૨૦૨૫**

- આજ રોજ શ્રી રજનીકાંત પારેખ, શ્રી હિરેન શાહ, ડૉ. હિતેન્દ્ર શાહ, ડૉ. સૂચિબેન શાહ તેમજ શ્રી જયેશભાઈ મજમુદારે સેન્ટરની મુલાકાત લીધી હતી અને ડૉ. કિશન માળી અને પ્રતીક વ્યાસ સાથે મીટિંગ કરીને બધાએ સેન્ટરને ચોવીસ કલાક ચલાવવા તેમજ પેશન્ટને દાખલ કરવા બાબતે સેન્ટરમાં શું ફેરફાર કરવા તે બાબતે ચર્ચા કરેલ હતી.

**તા. ૨-૫-૨૦૨૫**

- આજ રોજ ડૉ. હિતેન્દ્ર શાહ અને શ્રી જયેશભાઈ મજમુદારે સેન્ટરની મુલાકાત લીધી અને ડૉ. કિશન અને પ્રતીક વ્યાસ સાથે સેન્ટર ખાતે દર્દીને ચોવીસ કલાક દાખલ કરવા બાબતે શું જરૂરિયાત પડશે તે બાબતે ચર્ચા કરી અને કામ આગળ વધારવા બાબતે માર્ગદર્શન આપ્યું.

**તા. ૮-૫-૨૦૨૫**

- શ્રી હિરેન શાહના કહેવાથી આજ રોજ શ્રી નિખિલભાઈ સેન્ટરની મુલાકાતે આવ્યા અને એડવર્ટાઇઝમેન્ટના બોર્ડમાં ચેન્જિસ કરવા બાબતે પ્રતીક વ્યાસ સાથે ચર્ચા કરીને ચોવીસ કલાક ચાલુ રાખવા બાબતની સંપૂર્ણ વિગત મેળવેલ.

**તા. ૧૦-૫-૨૦૨૫**

- આજ રોજ 'ચાંગોદર ટુડે' મેગેઝીનમાં મેડિકલ સેન્ટરની જાહેરાત આપવા બાબતે શ્રી જયેશભાઈ મજમુદારના રેફરન્સથી 'ચાંગોદર ટુડે' મેગેઝીનના સેક્રેટરી શ્રી કિરીટભાઈ જાનીને પ્રતીક વ્યાસ મળ્યા અને જાહેરાત આપવા બાબતની સંપૂર્ણ વિગત સમજીને ડૉ. હિતેન્દ્ર શાહને જાણકારી આપેલ.

**તા. ૧૪-૫-૨૦૨૫**

- આજ રોજ ડૉ. હિતેન્દ્ર શાહ સેન્ટરની મુલાકાતે આવ્યા અને ડૉ. કિશન માળી અને પ્રતીક વ્યાસ સાથે સેન્ટરને ચોવીસ કલાક ચાલુ રાખવા બાબતે કામ કેટલું આગળ વધ્યું તે બાબતે

ચર્ચા કરી અને જશોદાનગર મેડિકલ સેન્ટરના PRO દીપકભાઈ ત્રિવેદીએ ચાંગોદર સેન્ટરમાં કામમાં મદદરૂપ થવા માટે આવવાનું શરૂ કર્યું.

**તા. ૧૭-૫-૨૦૨૫**

- આજ રોજ નિખિલભાઈએ સેન્ટરની મુલાકાત લીધી અને તેમણે નવા સાઈન બોર્ડનું કામ પૂરું કરેલ છે. ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલ તથા ચોવીસ કલાક સારવારના નવા સાઈન બોર્ડ લગાવી દીધેલ છે.
- તા. ૨-૫-૨૦૨૫થી તા. ૫-૫-૨૦૨૫ સુધી ૧૯ કંપનીના એપ્રિલ ૨૦૨૫ના બીલો આપવાનું કામ પૂરું થયેલ છે.

## નવનીત મેડિકલ સેન્ટર - જશોદાનગર

**તા. ૧૭-૪-૨૦૨૫**

- આજ રોજ ડૉ. હર્ષલ પટેલ દ્વારા મોતિયાના બે સફળ ઑપરેશન થયા.
- આજ રોજ પૂર્વ અમદાવાદના લોહાણા સમાજના અગ્રણી કાર્યકર્તા પરેશભાઈ ઠક્કરે સેન્ટરની મુલાકાત લીધી.

**તા. ૨૩-૪-૨૦૨૫**

- આજ રોજ જશોદાનગર સેન્ટર પર સંસ્થાના ઉપપ્રમુખ શ્રી હિરેન શાહ તથા પાલડી મેડિકલ સેન્ટરના એડમિન શ્રી પીન્ટુભાઈએ મુલાકાત લીધી. એમણે સેન્ટરના એડમિન સ્નેહલભાઈ તથા દર્શનાબેન સાથે સોફટવેર કામગીરી અંગે ચર્ચા કરી.

**તા. ૨૫-૪-૨૦૨૫**

- આજ રોજ વિશ્વ હિંદુ પરિષદના સહ સેવા પ્રમુખ તથા ઈસરોના રીટાયર્ડ સાયન્ટીસ્ટ યોગીનીબેન મેણીકર, વિશ્વ હિંદુ પરિષદના કાર્યકર ભરતભાઈ સંઘવી તથા શાંતિલાલ પટેલે સેન્ટરની મુલાકાત લીધી.

**તા. ૨૭-૪-૨૦૨૫**

- આજ રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે દરેક સેન્ટરના સ્ટાફ મેમ્બરોની મીટિંગ રાખવામાં આવેલ હતી તથા સ્વરૂચિ ભોજનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

**તા. ૨૮-૪-૨૦૨૫**

- આજ રોજ ડૉ. હિતેન્દ્ર શાહે સેન્ટરની મુલાકાત લીધી. તેમણે રીસેપ્શન-૧ ઉપર કાચ લગાવવાનું સૂચન કર્યું. ઉપરાંત તેમણે ડૉ. હિતેશ શાહ (ઈ.એન.ટી. સર્જન) સાથે મુલાકાત કરી.

## દેશ – વિદેશ...

**(અનુસંધાન : પાના નં. – ૨૯ ઉપરથી ચાલુ)**

વિનાશ વેર્યો. એર સ્ટ્રાઇકમાં આ રીતે ટાર્ગેટનો સફાયો બોલાવ્યો. ૨૫ મિનિટ, ૯ ટાર્ગેટ અને ૧૦૦થી વધુ આતંકવાદીઓનો ખાત્મો. *(તા. ૭-૫-૨૦૨૫)*

★ ***મહેસાણાના પરિવારે અમેરિકામાં ગેરકાયદે ઘૂસવા જતાં બે સંતાન ગુમાવ્યા.***

મેક્સિકોથી સેન ડિએગોના દરિયાઈ માર્ગે બોટ પલટી. માતા-પિતા બચી ગયા, બાળકોના મોત. *(તા. ૭-૫-૨૦૨૫)*

★ ***રોબર્ટ ફ્રાન્સના પ્રીવોસ્ટ નવા પૉપ બન્યા.***

અમેરિકાથી પૉપ બનનારા પહેલા કાર્ડિનલ; પોપ લીયો-૧૪ના નામે ઓળખાશે. ૬૯ વરસની ઉંમર. *(તા. ૮-૫-૨૦૨૫)*

★ ***પાકિસ્તાની સેનાની પ્રેસ કોન્ફરન્સ.***

કહ્યું : ભારતે પહેલા અમારા પર હુમલો કર્યો. અમે સ્વબચાવમાં જવાબ આપ્યો. ગઈકાલે શાહબાઝ શરીફે પણ આ જ વાત કહી હતી. યુદ્ધ વિરામ પછીની વાત. *(તા. ૧૦-૫-૨૦૨૫)*

★ ***IMF એ પાકિસ્તાનને ૧૨ હજાર કરોડની લોન આપી. ભારતે કહ્યું : આતંકવાદને ફન્ડિંગ આપવું જોખમી. વોટીંગમાં સામેલ ન થયા.*** *(તા. ૧૦-૫-૨૦૨૫)*

★ ***પાકિસ્તાનના પરમાણુ અડ્ડામાં તબાહી : કિરાણા હિલ્સમાં કંઈક મોટું થયાની અટકળો. મોદી - ઍરફોર્સનો સ્પષ્ટ સંદેશ.*** *(તા. ૧૦-૫-૨૦૨૫)*

★ ***ટ્રમ્પે ફરી એકવાર ભારત-પાકિસ્તાન યુદ્ધ વિરામનો શ્રેય લીધો. કહ્યું : મેં બિઝનેસનો ઉપયોગ કર્યો. આજે કતાર પ્રવાસે.*** *(તા. ૧૩-૫-૨૦૨૫)*

★ ***મેક્સિકન નેવીનું જહાજ બ્રિજ સાથે અથડાયું.***

૧૯ લોકો ઘાયલ, ૨નાં મોત. ન્યુયોર્કમાં ફ્રેન્ડલી ટુર માટે આવ્યું હતું. શિપમાં ૨૫૦થી વધુ લોકો સવાર હતા. *(તા. ૧૭-૫-૨૦૨૫)*

★ ***નવા પોપ લીઓ-૧૪નો શપથગ્રહણ સમારોહ.***

શપથ લીધા બાદ પોપે લોકોનું અભિવાદન કર્યું. કાર્ડિનલે વીંટી પહેરાવી. તેનો ઉપયોગ મહોર તરીકે કરશે. ૨૦૦ વર્લ્ડ લીડર હાજર રહ્યા. *(તા. ૧૮-૫-૨૦૨૫)*

★ ***સેન્ટ્રલ અમેરિકામાં ભયંકર વાવાઝોડું.***

૨૭ના મોત. ૬.૫૦ લાખ ઘરોમાં વીજળી ડૂલ. કેન્ટકી અને મિઝોરી સહિત ૧૨ રાજ્યોમાં અસર. *(તા. ૧૮-૫-૨૦૨૫)*

*દરેક પ્રયત્નના કારણે કદાચ સફળતા ન મળે*
*પરંતુ સફળતાનું કારણ પ્રયત્ન જ હોય છે.*

દેશ વિદેશ

# દેશ – વિદેશ...

ચૌલા કુરૂવા

## દેશના સમાચાર

★ *આતંકવાદનો હુમલો... પહેલગામમાં ૨૭ પર્યટકોને નામ ને ધર્મ પૂછીને ગોળી મારી હત્યા કરી.*

તેમાં ૩ ગુજરાતી હતા. *(તા. ૨૨-૪-૨૦૨૫)*

★ *ગુજરાતે UPSCમાં ડંકો વગાડ્યો.*

જૈન સહિતના સમાજની મહેનતને સફળતા. અત્યાર સુધીમાં સરદારધામના ૨૭ પરીક્ષાર્થી ચમક્યા.

અત્યાર સુધી એવું હતું કે સૌથી વધુ IAS - IPS અધિકારીઓ યુ.પી.-બિહારમાંથી બને છે. પરંતુ ધીરે ધીરે આ ચિત્ર બદલાઈ રહ્યું છે. હવે આમાં ગુજરાતનું નામ પણ ઉમેરાયું છે. તાજેતરમાં જાહેર થયેલા UPSCના ફાઈનલ રીઝલ્ટમાં ગુજરાતમાંથી ૨૬ ઉમેદવાર પાસ થયા છે. *(તા. ૨૪-૪-૨૦૨૫)*

★ *ગુજરાતના પ્રથમ ગોલ્ડ ATMનો સુરતમાં પ્રારંભ.*

હવે ૨૪ કલાકમાં ગમે ત્યારે ૧ ગ્રામથી ૨૦ ગ્રામ સોનાની ખરીદી કરી શકાશે. ૬૦૦ કિલોના મશીનમાં જડબેસલાક સુરક્ષા. *(તા. ૨૬-૪-૨૦૨૫)*

★ *જમ્મુ-કાશ્મીરમાં ૫ વર્ષમાં ૮૪ હજાર કરોડનું રોકાણ થયું. પ્રવાસનથી ૧૮ હજાર કરોડ કમાયા. ૩૫ વર્ષમાં આતંકવાદને કારણે ૪૦ હજાર લોકોના મોત.*

ઉપરાંત, લાખો લોકોને સ્થળાંતર કરવાની મજબૂરી પડી હતી. આના કારણે રાજ્યની ડેમોગ્રાફી બદલાઈ ગઈ. રાજ્યમાં થયેલી હિંસા અને અસ્થિરતાની વિકાસ પર સૌથી વધુ અસર પડી.

૨૦૧૯માં કલમ ૩૭૦ દૂર કર્યા પછી રાજ્યમાં પરિસ્થિતિ સુધરી રહી હતી. પરંતુ પહેલગામ હુમલાને કારણે રાજ્યના વિકાસ પર લાંબા સમય સુધી અસર પડે તેવું લાગે છે. મોટાભાગના પ્રવાસીઓ પાછા ફરવા લાગ્યા છે. લગભગ ૯૦% લોકોએ તેમના પ્રવાસ બુકિંગ રદ કર્યા છે. *(તા. ૨૬-૪-૨૦૨૫)*

★ *૨૦૧૯ પહેલા આતંકવાદને કારણે ખેતી અને પર્યટનનો નાશ થયો હતો.*

જમ્મુ અને કાશ્મીરનું અર્થતંત્ર પર્યટન, ફળોના વેપાર અને હેન્ડિક્રાફ્ટ પર આધારિત છે. ૧૯૯૫ પછીના ૧૦ વર્ષમાં ડ્રાય ફ્રુટની નિકાસમાં ૬૭.૧૪%નો ઘટાડો થયો. ૨૦૦૭ પછી હસ્તકલા ઉત્પાદનમાં ૮૦%નો ઘટાડો થયો. *(તા. ૨૬-૪-૨૦૨૫)*

★ *ભારતે સિંધુ જળ સંધિ રદ કરી. પાકિસ્તાનને પત્ર લખીને જાણ કરી.*

ભારતે ૨૪ એપ્રિલે પહેલગામ હુમલા માટે પાકિસ્તાનને જવાબદાર ઠેરવીને સિંધુ જળ સંધિને સ્થગિત કરી દીધી હતી. ભારતે પાકિસ્તાનને પત્ર લખીને કહ્યું કે આ સંધિ સારા સંદર્ભમાં કરવામાં આવી હતી.

પૂર્વીય નદીઓ રાવી, બિયાસ અને સતલજના પાણી પર ભારતનો સંપૂર્ણ અધિકાર છે. ભારત પશ્ચિમી નદીઓ સિંધુ, ચિનાબ અને ઝેલમનું ૨૦% પાણી રોકી શકે છે. ૧૯૬૦માં આ સમજુતી કરાર થયા હતા. *(તા. ૨૬-૪-૨૦૨૫)*

★ *ચારધામ યાત્રા ૩૦ એપ્રિલથી શરૂ થશે.*

કેદારનાથ - બદ્રીનાથ - ગંગોત્રી - યમુનોત્રી...

*(તા. ૨૭-૪-૨૦૨૫)*

★ *પૂર્વ કેન્દ્રિય મંત્રી ડૉ. ગિરિજા વ્યાસનું નિધન.*

અમદાવાદની ઝાયડસ હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા. એક મહિના પહેલાં ૯૦% શરીર દાઝી ગયું હતું.

*(તા. ૧-૫-૨૦૨૫)*

★ *ટ્યુશન વગર ગુજરાતીમાં ભણેલા અમદાવાદીની યુ.એસ.માં કમાલ. 'હેરી પોટર'ની બુક વાંચી અંગ્રેજી શીખ્યા. ડૉ. જ્યોતે બેક્ટેરિયા પર રીસર્ચ કરી ડંકો વગાડ્યો. (તા. ૧-૫-૨૦૨૫)*

★ *૨૨૦ ગુજરાતીએ કેદારનાથ મંદિર ફૂલોથી શણગાર્યું. ચાર દેશમાંથી ૪૫ પ્રકારનાં ૧૦,૦૦૦ કિલો ફૂલ મંગાવ્યા. કાલે કપાટ ખૂલશે. અત્યારથી ૭ લાખ લોકોનું રજિસ્ટ્રેશન.*

*(તા. ૧-૫-૨૦૨૫)*

★ *૩૦ જૂનથી કૈલાસ માનસરોવર યાત્રા. ૧૩ મે સુધી રજિસ્ટ્રેશન. (તા. ૧-૫-૨૦૨૫)*

★ *ચોર આંબા પરથી ૨૦૦૦ મણ કેરીઓ ચોરી ગયા.*

નવસારીમાં ૧૫ ગામની આંબાવાડીઓમાંથી કેરીઓ ચોરાઈ. ખેડૂતોએ કલેક્ટરને આવેદન પત્ર આપી સુરક્ષા માંગી.

*(તા. ૨-૫-૨૦૨૫)*

★ *નર્મદા પરિક્રમાને મળ્યું રાષ્ટ્રીય સ્તરે સન્માન. યુનેસ્કોની નોડેલ એજન્સીએ અમૂર્ત સાંસ્કૃતિક વારસાની યાદીમાં કર્યો સમાવેશ. આવનારા વર્ષોમાં આંતરરાષ્ટ્રીય યાદીમાં પણ થઈ સકે છે સામેલ. (તા. ૩-૫-૨૦૨૫)*

★ *ઈંદોરમાં ૩ વરસની જૈન બાળકીને સંથારો અપાયો. વિયેના જૈનના માતા-પિતા આઈ.ટી. પ્રોફેશનલ છે. વિયેના બ્રેઈન ટ્યુમરથી પીડિત હતી. (તા. ૩-૫-૨૦૨૫)*

★ *ભારતે ચિનાબનું જળ રોક્યું. પાકિસ્તાનમાં જળ સંકટ.*

ભારતે બે ડેમ બંધ કર્યા. પાકનાં ૨૪ શહેરમાં ૩ કરોડ

લોકોને અસર. યુદ્ધ વિના જ તૂટી ગઇ પાકિસ્તાનની કમર. (તા. ૪-૫-૨૦૨૫)

★ *પાકિસ્તાન સાથેના તણાવ વચ્ચે કેન્દ્રનો મોટો નિર્ણય. ૭મે ના રોજ મોકડ્રિલનો આદેશ.*

છેલ્લે ૧૯૭૧માં ભારત-પાકિસ્તાન યુદ્ધ દરમિયાન થઈ હતી. (તા. ૪-૫-૨૦૨૫)

★ *અમરનાથ યાત્રા શરૂ થાય એ પહેલા કરો બાબા બર્ફાનીના દર્શન.*

સામે આવી પહેલી તસવીર. આ વખતે ૭ ફુટના શિવલિંગનાં દર્શન માટે લાખો ભક્તો આવશે. ૩ જુલાઈથી યાત્રા શરૂ. (તા. ૫-૫-૨૦૨૫)

★ *અદાણી પાવર ઉત્તર પ્રદેશમાં નવો પાવર પ્લાન્ટ બનાવશે.*

રાજયએ ૧૫૦૦ MW વીજ પુરવઠાનો ઓર્ડર આપ્યો. એક વર્ષમાં બીજો મોટો પ્રોજેક્ટ મળ્યો. (તા. ૯-૫-૨૦૨૫)

★ *યુદ્ધવિરામ બાદ સેન્સેક્સે ઈતિહાસ રચી દીધો. પહેલીવાર ૨૯૭૫ પોઈન્ટ ઊંચકાયો. ૫ મહિના બાદ ૮૨ હજાર પાર.* (તા. ૧૨-૫-૨૦૨૫)

★ *ઑપરેશન સિંદૂર : ૫૯ સભ્યોનું ડેલિગેશન પાકિસ્તાનની પૉલ ખોલશે.*

૫૧ સાંસદો-નેતા અને ૯ રાજદૂત ૩૩ દેશોની મુલાકાત લેશે. શશી થરૂરને અમેરિકાની કમાન. (તા. ૧૭-૫-૨૦૨૫)

★ *પૂછપરછ પછી યુ-ટ્યુબર જ્યોતિને NIAએ કસ્ટડીમાં લીધી.*

આતંકવાદી હુમલા પહેલા પહેલગામ અને પાકિસ્તાન ગયેલી. જાસૂસીનો આરોપ. ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ બૅન. (તા. ૧૯-૫-૨૦૨૫)

## વિદેશના સમાચાર

★ *પોપના અંતિમ સંસ્કાર : ૧૭૦ દેશોના પ્રતિનિધિઓ પહોંચ્યા. ૨.૫૦ લાખથી વધુ લોકોએ અંતિમ દર્શન કર્યા.*

ખ્રિસ્તી કેથોલિક ધાર્મિક નેતા પોપ ફ્રાન્સિસના અંતિમ સંસ્કાર શનિવારે રોમના સાન્ટા મારિયા ખાતે કરવામાં આવ્યા હતા. તેમના શરીરને સાન્ટા મારિયા મેગીઓરના બેસિલિકામાં દફનાવવામાં આવ્યું હતું. પોપનું ૨૧ એપ્રિલના રોજ ૮૮ વર્ષની વયે સ્ટ્રોક અને હૃદયરોગના હુમલા બાદ અવસાન થયું. (તા. ૨૨-૪-૨૦૨૫)

★ *ઇઝરાયલે ૭ ઓક્ટોબરના હુમલાનો બદલો લીધો.*

હમાસના ચીફ ઈસ્માઇલ હાનિયાને ઢાળી દીધો. તહેરાનમાં જ્યાં છુપાયો હતો તે ઘરને બોમ્બથી ઉડાવી દીધું. (તા. ૨૪-૪-૨૦૨૫)

★ *પીઓકે માં ઝેલમ નદીના પાણીનું સ્તર અચાનક વધ્યું : ભયનો માહોલ.*

મસ્જિદોમાંથી એલર્ટ જારી. ભારત પર જાણી જોઈને વધુ પાણી છોડવાનો આરોપ. (તા. ૨૬-૪-૨૦૨૫)

★ ***PM મોદીએ UAEમાં પ્રથમ હિંદુ મંદિરનું લોકાર્પણ કર્યું.***

કહ્યું : આ મંદિર દુનિયા માટે એક ઉદાહરણ છે. આમાં સૌથી મોટો ફાળો મારા ભાઈ શેખ જાયેદનો છે. (તા. ૨૮-૪-૨૦૨૫)

★ *યુરોપમાં ભારે અંધારપટ. જનજીવન ખોરવાયું.*

ફ્રાન્સ-સ્પેન-પોર્ટુગલમાં વીજળી ડૂલ. એરપોર્ટ - મેટ્રો બંધ. મોબાઈલ નેટવર્ક ઠપ્પ. હોસ્પિટલમાં સર્જરી રદ. (તા. ૨૮-૪-૨૦૨૫)

★ *કેનેડામાં સામાન્ય ચૂંટણી માટે મતદાન. પીએમ કાર્નીની પાર્ટી અને કન્ઝર્વેટીવ પાર્ટી વચ્ચે સ્પર્ધા.*

કાર્ની વિજેતા. (તા. ૨૮-૪-૨૦૨૫)

★ *કેનેડામાં ગુજરાતીનું સન્માન. હિરેન શાહને વિનિપેગના મેયરો વોલેન્ટિયર ઍવોર્ડથી સન્માનિત કર્યા.*

મૂળ ભારતીય અને કેનેડાના જાણીતા બિઝનેસમેન હેમંતભાઈ શાહના દીકરા હિરેન શાહને હાલમાં જ વિનિપેગના મેયર સ્કોટ ગિલેનહામ તરફથી વોલેન્ટિયર ઍવોર્ડથી ૧લી મે, ૨૦૨૫ના રોજ સન્માનિત કરવામાં આવ્યા હતા. હિરેનભાઈ શાહ વિનિપેગની બાળકોની હોસ્પિટલ તથા હેલ્થ સાયન્સ સેન્ટરનું સંચાલન કરે છે. (તા. ૨-૫-૨૦૨૫)

★ *પ્રિન્સ હેરીએ કહ્યું : હું પરિવાર સાથે સમાધાન કરવા માગું છું. હવે લડવા માંગતો નથી, ખબર નહીં કે મારા પિતા પાસે કેટલો સમય રહ્યો છે.* (તા. ૩-૫-૨૦૨૫)

★ *ઓસ્ટ્રેલિયાની ચૂંટણીમાં લેબર પાર્ટીનો વિજય. ૨૧ વર્ષમાં બીજી વખત પી.એમ. બનનારા અલ્બેનીઝ પ્રથમ નેતા બનશે. વિપક્ષી ઉમેદવારે પોતાની બેઠક ગુમાવી.* (તા. ૩-૫-૨૦૨૫)

★ *સિંગાપોરની સામાન્ય ચૂંટણીમાં પી.એમ. વોંગ અને પીએપીનો વિજય. પાર્ટીએ ૯૭માંથી ૮૭ બેઠકો જીતી. ૧૯૬૫થી સત્તામાં.* (તા. ૪-૫-૨૦૨૫)

★ *ઈઝરાયલમાં મિસાઈલ હુમલાથી એર ઈન્ડિયાની ફ્લાઈટ ડાઈવર્ટ.*

૩૦૦ મુસાફરો સાથે અબુધાબીમાં લેન્ડિંગ. ૬ મે સુધી તેલ અવીવની ફ્લાઈટ્સ રદ. નેતન્યાહુની ઈમરજન્સી બેઠક. (તા. ૪-૫-૨૦૨૫)

★ *ઓપરેશન સિંદૂર : હાફિઝના ગઢમાં હાહાકાર.*

૨૦૦ એકરનો અડ્ડો ૨ મિનિટમાં ખંડેર. મરકઝમાં ઍરફોર્સે

**(અનુસંધાન : જુઓ પાના નં.– ૨૭ ઉપર)**

જ્ઞાન વિજ્ઞાન

# જ્ઞાન વિજ્ઞાન – વૈજ્ઞાનિક માહિતી

• સંકલન •
રસીક ખીમજી મહેતા

## કેલ્ક્યુલેટરની શોધનો રસપ્રદ ઇતિહાસ

આજે આપણી પાસે ગણતરી કરવા માટે શક્તિશાળી કોમ્પ્યુટર અને કેલ્ક્યુલેટર છે. આ ઈલેક્ટ્રોનિક સાધનો વીજળી વડે ચાલે છે. પરંતુ વીજળીના ઉપયોગની શોધ નહોતી થઈ ત્યારે પણ કેટલાક વિજ્ઞાનીઓએ ગણતરીઓ કરવા માટે સાધનો બનાવેલા અને યાંત્રિક કેલ્ક્યુલેટરનો પાયો નાંખેલો. વીજળી વિના ચાલતા આ સાધનોની વાત પણ રસપ્રદ છે.

ઈ.સ. ૧૬૧૭માં વિશ્વનું પ્રથમ કાર્યક્ષમ કેલ્ક્યુલેટર જહોન નેપિયર નામના વિજ્ઞાનીએ બનાવેલું. કહેવાય છે કે આ માણસ પાગલ હતો. તેણે લાકડાના લાંબા ટુકડા પર વિવિધ આંકડા લખીને એવી ગોઠવણી કરી કે લાકડાને આઘા પાછા કરીને સંખ્યાના ગુણાકાર, ભાગાકાર, સરવાળા, બાદબાકી ઝડપથી કરી શકાય. આ સાધનને લોગેરીધમ કહેતા. આ સાધનના ઉપયોગ માટે તાલીમ લેવી પડતી. તેના જેવું જ બીજું સાધન લાંબા સળિયા પર ગોળા પરોવેલું એબોક્સ હતું. આ બંને શોધના કારણે ગણતરીઓ સરળ બનાવવાની દિશા મળેલી. વિલ્હેમ શિકોર્ડ નામના જર્મન વૈજ્ઞાનિકે ઈ.સ. ૧૬૨૩માં ઘડિયાળ જેવું કેલ્ક્યુલેટર બનાવેલું. તેના ચંદાઓ ફેરવીને વિવિધ આંકની ગોઠવણીથી ગણતરી થઈ શકતી. ઈ.સ. ૧૬૪૨માં બ્લેઝ પાસ્કલે ૮ આંકડાની રકમના સરવાળા બાદબાકી થઈ શકે તેવું યંત્ર બનાવેલું. તેમાં વિવિધ ચક્રો હતા. એક ચક્ર ફેરવવાથી તેના પ્રમાણમાં બીજા ચક્રો ફરે અને તેની ઉપર લખેલા આંકડા તે મુજબ ગોઠવાઈ ને જવાબ મળે. વિલ્કેમ લીબનિઝે ૧૦ ભૂંગળીઓ વારાફરતી ખસી શકે તે રીતે ગોઠવેલી. દશાંસ પદ્ધતિની શરૂઆત આ યંત્રથી થયેલી. આ બધા મશીનોમાં વીજળીનો ઉપયોગ નહોતો. હાથ વડે સંચાલન થતું. આજે આ મશીન રમકડાં જેવા લાગે પરંતુ કમ્પ્યુટર અને કેલ્ક્યુલેટરની શોધોના પાયામાં આ રમકડાંની જ ભૂમિકા હતી.

## હિમાલયના ટોપ ટેન શિખર

હિમાલયમાં વિશ્વનું સૌથી ઊંચું શિખર એવરેસ્ટ જાણીતું છે. હિમાલય એટલે ઊંચા શિખરોવાળી પર્વતમાળા. તેમાં એવરેસ્ટ જેવા ૧૧૦ જેટલા શિખરો છે. તે બધા ૭૦૦ મીટર કરતાંય ઊંચા છે. એવરેસ્ટ સહિત અન્ય ટોપ ટેન શિખરો પણ જોવા જેવા છે.

| | શિખર | ઊંચાઈ (મીટર) | પર્વતમાળાનું નામ |
|---|---|---|---|
| ૧. | એવરેસ્ટ | ૮૮૪૮ | મહાલંગુર હિમાલય |
| ૨. | કે-૨/ગોડવિન ઓસ્ટીન | ૮૬૧૧ | બાલાતોરી કારાકૂરમ |
| ૩. | કાંચનજંઘા | ૮૫૮૬ | કાંચન જંઘા |
| ૪. | લહોત્સે | ૮૫૧૬ | મહાલંગૂર |
| ૫. | મકાલુ | ૮૪૮૫ | મહાલંગૂર |
| ૬. | ઓ.ઓ.યુ. | ૮૧૮૮ | મહાલંગૂર |
| ૭. | ધવલગીરી | ૮૧૬૭ | ધવલગીરી |
| ૮. | માનરલુ | ૮૧૬૩ | માનરલુ |
| ૯. | નંગાપર્વત | ૮૧૨૬ | નંગાપર્વત |
| ૧૦. | અન્નપૂર્ણા | ૮૦૯૧ | અન્નપૂર્ણા |

## સાયક્લોન, હરિકેન વગેરે નામ કેવી રીતે પડ્યા?

વરસાદ અને પવનના તોફાનને વાવાઝોડું કહેવાય છે અને વંટોળિયાને ચક્રવાત. આ સામાન્ય નામ છે પરંતુ વિજ્ઞાનીઓએ વાવાઝોડાના ઉદ્‌ભવ, અસર અને તીવ્રતાના આધારે વિવિધ નામ પાડ્યા છે.

રેડ ઈન્ડિયન લોકો તોફાનના દેવને હુરેકન કહેતા. તેનો અર્થ વિરાટ પવન હતો. સ્પેનના લોકોએ પવનના તોફાનને ‘હરિકેન’ નામ આપ્યું. ચીનમાં તાઈફુંગ એટલે ટકરાતો પવન. તેથી તેણે કુદરતી તોફાનને ટાયફુન નામ આપ્યું.

મેઘાડંબર સાથેની આંધીને સ્પેનિશ ભાષામાં ‘ત્રિનાદા’ કહે છે. તે ગણતરીની મિનિટોમાં વ્યાપક નુકસાન કરનાર ચક્રવાત છે. તેનું નામ ટોર્નેડો પડ્યું. ટોર્નેડો ચક્રાકાર ફરતી હવાનો ૫૦ મીટર વ્યાસનો સ્તંભ બનાવે છે. તેમાં હવાની ગતિ માપવાના સાધનો પણ ઉડી જાય છે. અમેરિકામાં ટેક્સાસથી કેનેડા સુધીનો ભૌગોલિક પટ્ટો ટોર્નેડોગ્રસ્ત છે. જ્યાં ગમે ત્યારે ગમે તે ઋતુમાં અચાનક ટોર્નેડોનું તોફાન થાય છે. ચક્રાકાર ફરતાં વંટોળિયાનું વૈજ્ઞાનિક નામ સાયક્લોન છે. તેની તીવ્રતા પ્રમાણે ટ્રોપિકલ સાયક્લોન, પોલર સાયક્લોન, મેસા સાયક્લોન જેવા નામ છે. ટોર્નેડોને અમેરિકામાં ટ્વિસ્ટર પણ કહે છે.

તોફાનના બીજા નામો પણ જાણવા જેવા છે. ૧૦ મીટર પહોળા અને ૧૦૦૦ મીટર ઊંચા ઓછી તીવ્રતાના વંટોળ ધૂળને ઘૂમરી લઈને ઉપર ફંગોળે છે. તેને ડસ્ટડેવિલ કહે છે. સમુદ્રકાંઠે વંટોળિયામાં પાણી પણ ઊંચે ચડે છે. તેને વોટર સ્પાઉટ કહે છે.

જંગલમાં દાવાનળ ફાટી નીકળે ત્યારે ગરમ થયેલી હવા પણ ચક્રવાત સર્જે છે. આ ચક્રવાતમાં સળગતા અંગારા અને રાખ ચક્રાકાર ફરતી ઉપર ચડે છે. તેને ફાયર ટોર્નેડો કે ફાયરનાડો કહે છે.

## આપણે જુદા જુદા શબ્દો કઈ રીતે બોલીએ છીએ?

આપણો અવાજ ગળામાં રહેલી સ્વરપેટીમાં ઉત્પન્ન થાય છે. સ્વરપેટીના ઝીણા તાંતણા સમાંતર ગોઠવાયેલા હોય છે. તેમાંથી હવા પસાર થાય ત્યારે તે ઝણઝણે છે અને અવાજ પેદા કરે છે. આ અવાજને જુદા જુદા સ્વરૂપોનું રૂપ આપવામાં જીભ, દાંત અને તાળવું ઉપયોગી થાય છે. આપણી માતૃભાષા ગુજરાતી. એટલે આપણે શબ્દો બોલવા માટે કક્કો અને બારાખડીનો ઉપયોગ કરીએ છીએ. કક્કાનો દરેક અક્ષર બોલવામાં જીભ મદદરૂપ થાય છે. ક, ખ, ગ જેવા મૂળાક્ષરો મોં ખુલ્લુ રાખીને ગળામાંથી બોલાય છે. જ્યારે ચ, છ જેવા અક્ષરો બોલતી વખતે જીભ, દાંત, તાળવાની વચ્ચે સ્પર્શ કરે છે. આ સ્થળને મૂર્ધન્ય કહે છે. પ, ર, બ જેવા મૂળાક્ષરો હોઠ બંધ રાખીને બોલાય છે અને ત, થ, દ જેવા શબ્દો બોલતી વખતે જીભ દાંતને સ્પર્શે છે. ભાષા સમજવા, બોલવા અને શીખવા માટે મગજમાં ખાસ કેન્દ્ર હોય છે. શબ્દો બોલવાની રીત મોંની રચના સાથે સંબંધ ધરાવે છે.

## મજબૂત અને સૌથી વધુ કામ : આંખના પોપચાં

માણસ સહિત તમામ પ્રાણીઓની આંખ પલકારા મારતી હોય છે. આંખ ઉપરના પોપચાં આપણને ખબર ન પડે તેમ સૌથી વધુ કામ કરતા અવયવ છે. આપણી આંખ સરેરાશ પાંચ સેકંડે એક – એમ મિનિટમાં બાર વખત પલકારા મારે છે. જાગતા હોઈએ ત્યારે આંખ કેટલી વાર પલકારા મારે તેનો આંકડો નવાઈ લાગે તેટલો મોટો થાય. પોપચાંને આટલું કામ કરવું જરૂરી પણ છે. આંખનો ડોળો એક જાતનો લેન્સ છે. તેને રક્તવાહિનીઓ હોતી નથી. એટલે લોહી કે ઓક્સિજન મળતા નથી. વાતાવરણમાં ઉડતા ધૂળના રજકણો આંખની કીકી પર ચોંટે તેને સાફ કરવા જરૂરી છે. આંખના પોપચાં આ કામ કરે છે. પોપચાંની નીચે પ્રવાહીનું પાતળું પડ હોય છે, જે કીકીઓને સતત ભીની રાખે છે. તેથી તે વાતાવરણમાંથી સીધો ઓક્સિજન મેળવી શકે. આંખના પલકારા સ્વૈચ્છિક ક્રિયા છે. આંખ ઉપર જોખમ ઉભું થાય તો આપણી ઈચ્છા ન હોય તો પણ આંખ બંધ થઈ જાય છે. આમ પોપચાં સતત જાગૃત રહી આંખોનું રક્ષણ કરે છે.

## ઓક્ટોપસનું અવનવું

આઠ પગવાળા ઓક્ટોપસ અજાયબ જળચર જીવ છે. સમુદ્રમાં ઓક્ટોપસની ૩૦૦ જેટલી જાતો જોવા મળે છે. સમુદ્રના ઊંડા પાણીમાં માછલી જેવી પાંખોવાળા અને છીછરા દરિયા કિનારે કે પરવાળાના ટાપુમાં પાંખ વિનાના ઓક્ટોપસ હોય છે. ઓક્ટોપસના શરીરમાં હાડકાં હોતાં નથી. ઓક્ટોપસના ગોળાકાર માથામાં બે આંખો હોય છે. તેનું મોં પક્ષી જેવી સખત ચાંચનું બનેલું હોય છે. ઓક્ટોપસને ત્રણ હૃદય હોય છે.

ઓક્ટોપસ જળચર જીવોમાં બુદ્ધિશાળી જીવ ગણાય છે. ઓક્ટોપસ ભયભીત થાય ત્યારે છૂપાઈ જવા માટે શરીરનો રંગ બદલી શકે છે. ઘણા ઓક્ટોપસ શાર્કથી બચવા માટે પૂંછડીમાંથી ભૂરા રંગના પ્રવાહીનો ફુવારો છોડે છે અને આસપાસ ભૂરા રંગનું વાદળ રચી નાસી છૂટે છે.

ઓક્ટોપસ ગરોળીની પૂંછડીની જેમ ભયભીત થાય ત્યારે તેના આઠ પગ છૂટા ફેંકી દે છે. શિકારી શાર્ક તે પગની પાછળ દોડે છે અને ઓક્ટોપસ ભાગી જાય છે. તેના આઠ પગ ફરીવાર ઉગે છે. ઓક્ટોપસની દૃષ્ટિ ઘણી તીવ્ર હોય છે.

ઓક્ટોપસની માદા બે લાખ જેટલા ઈંડાં એક સાથે મૂકે છે. તેમાંથી થોડાક જ બચ્ચા જન્મે છે. ઓક્ટોપસ દોઢેક વર્ષનું આયુષ્ય ભોગવે છે.

વિશ્વમાં સૌથી મોટું ઓક્ટોપસ જાયન્ટ પેસિફિક એન્ટરોક્ટોપસ છે. તેના પગ ૧૪ ફૂટ લાંબા હોય છે અને ૧૫ કિલો વજનના હોય છે. ■

*આજે*
*જે રકમમાં આવે છે,*
*એક 'કુલ્ફી',*
*એક સમયે,*
*એટલી રકમમાં*
*ભરાઈ જતી*
*સ્કૂલની વાર્ષિક*
*'કુલ્લ ફી.'*

**અરવિંદ સોમૈયા – નખત્રાણા, કચ્છ**

## સરનામા ફેરફાર

- **શ્રીમતી ભારતી ભવાનજી ચાંપશી લોડાયા (શાહ)**
  એ-૪૦૧, શ્રી હરિ ડિવાઈન એપાર્ટમેન્ટ,
  આર.જે. પ્રાઈમ એપાર્ટમેન્ટની બાજુમાં,
  એસ.પી. રીંગ રોડ, ઝુંડાલ,
  ગાંધીનગર-૩૮૨ ૪૨૧.
  મો. ૮૨૦૦૮ ૪૭૭૫૦, ૯૪૦૮૨ ૩૯૪૨૭
- **દિગંત ભાઈલાલ ગોપાલજી શાહ**
  ૧૯, રાજવી સફાયર બંગ્લોઝ, ગાલા જીમખાના રોડ,
  બોપલ પોલીસ સ્ટેશન પાસે, ઉપવન વિલા પાસે,
  સાઉથ બોપલ,
  અમદાવાદ-૩૮૦ ૦૫૮.
  મો. ૯૮૨૫૦ ૪૯૬૪૪, ૯૮૨૫૦ ૪૯૬૪૦
- **ધ્રુવ હેમંતભાઈ લહેરચંદ મોમાયા**
  ૧, ગ્રાઉન્ડ ફ્લોર, નવનીત ભવન, બ્લોક-સી,
  આણંદજી કલ્યાણજી જૈન કમ્પાઉન્ડ,
  બહેરામપુરા પોલીસ ચોકીની સામે,
  બહેરામપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
  મો. ૮૭૮૦૪ ૧૧૪૨૮, ૯૯૧૩૮ ૪૧૦૮૦
- **જયેશ રમણિકલાલ ઝવેરીલાલ મહેતા**
  ઈ-૪૦૧, પર્લ ૧૬૭, કેનાલ રોડ,
  સિલ્વર બ્રુકની સામે, શીલજ,
  અમદાવાદ-૩૮૦ ૦૫૯.
  મો. ૯૩૭૬૧ ૫૧૩૮૧, ૯૩૭૬૧ ૫૭૩૮૧
  મો. ૯૪૨૭૦ ૩૧૪૧૫

## અવસાન નોંધ

- *રવિવાર, તા. ૧૮-૫-૨૦૨૫*
  'કચ્છ રચના'ના સ્થાપક તંત્રી **શ્રી ભવાનજી રામજી ગાલા (અમદાવાદ - ફરાદી)** (ઉં.વ. ૮૭)નું આજ રોજ અમદાવાદ ખાતે દુઃખદ અવસાન થયેલ છે.
- *સોમવાર, તા. ૧૯-૫-૨૦૨૫*
  **કુ. તપસ્વી સંજીવભાઈ સૂર્યકાંત શાહ (અમદાવાદ - મુંદ્રા)** (ઉં.વ. ૨૨)નું આજ રોજ દુઃખદ અવસાન થયેલ છે.

*સદ્‌ગતશ્રીઓના આત્માને*
*પરમ કૃપાળુ પરમાત્મા શાંતિ અર્પે એ જ અભ્યર્થના.*

## સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબના દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

### મેડિકલ રીલીફ ફંડ

રૂા. ૫,૦૦૦/- શ્રી વી. કે. શાહ - અમદાવાદ

### જનરલ ડોનેશન

રૂા. ૫,૦૦૦/- સ્વ. વિમળાબેન ચુનીલાલ શાહના સ્મરણાર્થે - અમદાવાદ

રૂા. ૫,૦૦૦/- સ્વ. નરેશભાઈ શેઠની પુણ્યતિથિ નિમિત્તે - અમદાવાદ

### વૈયાવચ્ચ ફંડ

રૂા. ૧,૧૦૦/- શ્રી મનીષ વિજયભાઈ છાડવા

*સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

## સુધારો

'મંગલ મંદિર'ના મે-૨૦૨૫ના અંકમાં "સાભાર સ્વીકાર"ની વિગતમાં વૈયાવચ્ચ ફંડ ખાતે રૂા. ૫,૦૦૦/- સુશ્રી ચૌલાબેન કુરૂવા - અમદાવાદને બદલે **રૂા. ૫,૦૦૦/- ઉમરશીભાઈ જેઠાભાઈ કુરૂવા** એમ સુધારીને વાંચવું.

## સત્ત્વ ચિલ્ડ્રન હોસ્પિટલનું ઉદ્‌ઘાટન

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સક્રિય કાર્યકર અને 'મંગલ મંદિર'ના સંપાદક મંડળના સભ્ય શ્રી રસિક ખીમજીભાઈ મહેતાના સુપુત્ર ડૉ. વિવેક મહેતા, M.D. (Pediatrics) ની હોસ્પિટલ "સત્ત્વ ચિલ્ડ્રન હોસ્પિટલ"નું રવિવાર, તા. ૧૮-૫-૨૦૨૫ના રોજ ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. આ પ્રસંગે શ્રી કચ્છી સમાજના વિભિન્ન ઘટકોના લોકોએ સારી સંખ્યામાં હાજરી આપી હતી.

સત્ત્વ ચિલ્ડ્રન હોસ્પિટલ – ભુલાભાઈ પાર્ક ચાર રસ્તા પાસે, કાંકરીયા રોડ પર આવેલ સરોવર પ્લેટીનમના ચોથા માળે આવેલી છે. તેમાં ઓ.પી.ડી., ઈન્ડોર ફેસિલિટીઝ, રસીકરણ અને NICUની સુવિધા ઉપલબ્ધ છે.

*માત્ર લોહીના સંબંધોને કારણે કોઈ આપણા નથી બની જતાં. પ્રેમ, સહયોગ, વિશ્વાસ, નિષ્ઠા, વ્યવહાર, સુરક્ષા, સહાનુભૂતિ અને સન્માન એ એવા ભાવ છે કે જે અન્યોને પણ પોતાના બનાવી શકે છે.*

# NanoNine® શબ્દ રમત-૨૧૯

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | | ૨ | ૩ | | ૪ | ૫ | | ૬ | | |
| ૭ | | | ૮ | | ૯ | | ૧૦ | ૧૧ | | | ૧૨ |
| ૧૩ | ૧૪ | ૧૫ | | | ૧૬ | ૧૭ | | | | ૧૮ | |
| | ૧૯ | | | ૨૦ | | | | ૨૧ | ૨૨ | | |
| ૨૩ | | ૨૪ | ૨૫ | | | | ૨૬ | | ૨૭ | | ૨૮ |
| ૨૯ | | | ૩૦ | ૩૧ | | ૩૨ | | ૩૩ | | | |
| | | ૩૪ | | | | | ૩૫ | | | ૩૬ | |
| ૩૭ | ૩૮ | | | | | ૩૯ | | ૪૦ | ૪૧ | | |
| | ૪૨ | | ૪૩ | | ૪૪ | | | | ૪૫ | ૪૬ | |
| ૪૭ | | | ૪૮ | ૪૯ | | | | ૫૦ | | | ૫૧ |
| | | ૫૨ | | | | ૫૩ | ૫૪ | | | | |
| | ૫૫ | | | ૫૬ | | | | ૫૭ | | | |

શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો તા. ૩૦-૦૬-૨૦૨૫ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

## આડી ચાવીઓ

૧. કેરીનો રસ (૪)
૨. ______ ગયા ને લીસોટા રહ્યા (૨)
૬. ઈતની ______ હમે દેના દાતા (૨)
૮. દમવું, પીડવું તે (૩)
૧૦. રૂપાનું (૩)
૧૩. પારકું, સંબંધી નહીં એવું (૪)
૧૬. વનમાં રહેવું તે (૪)
૧૮. ______ પેટ કા સવાલ (૨)
૧૯. શરીર, દેહ (૨)
૨૦. ઘાટ, આકૃતિ (૩)
૨૧. તાલાવેલી, ઉત્કટ ઈચ્છા (૩)
૨૪. ચા ______ રકાબીમાં પીવાય (૨)
૨૭. પાકો રસ્તો (૩)
૨૯. નાશ પામેલું, પાયમાલ (૨)
૩૦. એક વિદેશી દારૂ (૨)
૩૨. કારીગરી, કસબ (૪)
૩૪. ______અઠ્ઠી, ખર્ચા રૂપૈયા (૪)
૩૫. પરવાનગી (૨)
૩૬. દીકરી ને ______ દોરે ત્યાં જાય (૨)
૩૭. શહેર (૩)
૪૦. પીડા, ઉપાધિ (૨)
૪૨. લખેલું ભૂંસવા માટેનો પદાર્થ (૩)
૪૪. ઉનું, ઉષ્ણ (૩)
૪૫. રાજન, રાજા (૨)
૪૭. નવ ______ના નમસ્કાર (૨)
૪૮. સુરક્ષિત (૪)
૫૦. ભેંસ આગળ ______ (૪)
૫૨. સત્તા, અધિકાર (૩)
૫૩. કેડ, કટિ (ફા.) (૩)
૫૫. વિષયી, વિષયાસક્ત, કામુક (૨)
૫૬. ______ તે સૌને ગમે (૨)
૫૭. હેતુ, આશય (૪)

## ઊભી ચાવીઓ

૨. દાંત (૩)
૩. કસમ, સોગંદ (૨)
૫. તમા, દરકાર (૩)
૬. સો, ૧૦૦ (૨)
૭. પિતા (૨)
૯. જૈનોનો એક પવિત્ર મંત્ર (૪)
૧૧. એક ધાતુ (૩)
૧૨. કોઈની ______ કોઈના માથે (૨)
૧૪. લીન, આસક્ત (૨)
૧૫. સીતાના પિતા (૩)
૧૭. સંતોષી ______ સદા સુખી (૨)
૧૮. ______તોડ પહેલવાન (૩)
૨૨. લસતું હોય એમ (૩)
૨૩. કેસર (૪)
૨૫. ઉત્તમ પદ (૩)
૨૬. કબૂલાત, ઠરાવ (૩)
૨૮. લશ્કરી તાલીમ, પરેડ (૪)
૩૧. હિંમતે મર્દા તો ______ ખુદા (૩)
૩૩. તાકાત, હિંમત (૩)
૩૪. અરબસ્તાનનો વતની (૩)
૩૮. ખપ, સ્વાર્થ (૩)
૩૯. વિક્રમ સંવતનો પહેલો મહિનો (૪)
૪૧. ફૂલમાંની રજ (૩)
૪૩. રીત, રિવાજ (૩)
૪૪. કમ ખાના, ______ ખાના, નમ જાના (૨)
૪૬. એક ધાન્ય (૨)
૪૭. ઉડતી વાત, અફવા (૨)
૪૯. લાડ લડાવવા તે (૩)
૫૦. ______ હમકો જાન સે પ્યારા હૈ (૩)
૫૧. અનુમાન, કલ્પના (૨)
૫૨. અમૃત (૨)
૫૪. બાળ ભાષામાં ખાવાનું (૨)

## સફેદ વરૂ

દસ હજાર વર્ષ પહેલા નામશેષ થયેલા સફેદ વરૂને અમેરિકાની કોલોસલ બાયોસાયન્સીઝ કંપનીના વિજ્ઞાનીઓએ જનીન ઈજનેરી દ્વારા સજીવ કર્યા.

આ ત્રણ સફેદ વરૂ દેખાવમાં તેમના પૂર્વજો સમાન લાગે છે પણ તેમની શિકાર કરવાની ક્ષમતા અંગે વિજ્ઞાનીઓને શંકા રહે છે.

કોલોસલ કંપનીએ લાલ વરૂને નામશેષ થતા અટકાવવા તેમનું ક્લોનિંગ કર્યું.

## NanoNine® શબ્દ રમત-૨૧૮નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| હ | રા | જી | | ન | શો | | લા | ગ | ણી | વ | શ |
| ર | | વ | ડી | | ક | ર | વ | ત | | | ય |
| ખ | ત | | લ | ક્ષ | | | ણી | | મ | મ | તા |
| | ન | ખી | | મા | ર | ગ | | ગ | જા | ન | ન |
| સુ | | ર | ફ | | જા | વ | ક | | ક | પ | |
| હા | થ | | લ | વ | | લી | લા | શ | | સં | ત |
| ગ | ન | | ક | ર | મ | | ક | ર | | દ | ર |
| | ક | થા | | ખ | લા | સી | | દી | પ | | જ |
| દ | | પ | તિ | | ઇ | મા | ન | | ય | મ | |
| બ | ફા | ટ | | બ | | | મે | સ | | ના | ક |
| દ | | | વા | જા | પે | ટી | | ઢ | બ | | મ |
| બો | રી | બં | દ | ર | | પ | ગ | | દી | વા | લ |

*એપ્રિલ-૨૦૨૫ના અંકમાં છપાયેલ નેનો શબ્દ-રમત ૨૧૭ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલા શાહ – અમદાવાદ
૨. ચંદ્રા શાહ – અમદાવાદ
૩. સ્મિતા શાહ – અમદાવાદ
૪. રીદ્ધિ પરીખ – અમદાવાદ
૫. કામિની શેઠ – અમદાવાદ
૬. દમયંતી દંડ – અમદાવાદ
૭. મીનાક્ષી પારેખ – અમદાવાદ
૮. ઝરણા પારેખ – અમદાવાદ
૯. નેહા પારેખ – અમદાવાદ
૧૦. શાંતિલાલ લાલકા – હુબલી (કર્ણાટક)
૧૧. તૃપ્તિ સાવલા – અમદાવાદ
૧૨. અરવિંદ ભટ્ટ – બોપલ, અમદાવાદ
૧૩. પ્રભા શેઠિયા – વલસાડ
૧૪. કંચનબેન સંઘવી – અમદાવાદ
૧૫. જ્યોતિ શાહ – અમદાવાદ
૧૬. લક્ષ્મી ખત્રી – અમદાવાદ
૧૭. લીના લોડાયા – વડોદરા
૧૮. ધનલક્ષ્મી મોતા – મુંબઈ
૧૯. મહેન્દ્ર પુજ – અમદાવાદ
૨૦. ગુણવંતી ડાઘા – અમદાવાદ
૨૧. હંસકુમાર છેડા – મુંબઈ
૨૨. પારૂલ સાવલા – અમદાવાદ
૨૩. ઉષા સંઘવી – રાઉરકેલા (ઓરીસ્સા)
૨૪. મણિલાલ રૂઘાણી – રાણાવાવ (પોરબંદર)

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારમાંથી લક્કી ડ્રૉ કરતાં ત્રણ વિજેતાઓના નામ નીચે પ્રમાણે છે. તેમણે પોતાના ઈનામ સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

***વિજેતા :***

(૧) સરલા શાહ – અમદાવાદ
(૨) કંચનબેન સંઘવી – અમદાવાદ
(૩) લીના લોડાયા – વડોદરા

**એપ્રિલ-૨૦૨૫ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૭૫ના બધા સાચા ઉકેલ મોકલનારનાં નામ**

૧. નીરવ જાદવ – અમદાવાદ
૨. અજય રાણા – અમદાવાદ
૩. રોકનબેન શેખ – અમદાવાદ
૪. લુબનાબેન શેખ – અમદાવાદ
૫. અવ્વાબરાજ શેખ – અમદાવાદ
૬. નીલોફર શેખ – અમદાવાદ
૭. ચંદ્રા શાહ – અમદાવાદ
૮. સ્મિતા શાહ – અમદાવાદ
૯. આશિષ પરીખ – અમદાવાદ
૧૦. કામિની શેઠ – અમદાવાદ
૧૧. અશોક શાહ – ગાંધીનગર
૧૨. નરેશ શાહ – ગાંધીનગર
૧૩. મીનાક્ષી પારેખ – અમદાવાદ
૧૪. ઝરણા પારેખ – અમદાવાદ
૧૫. નેહા પારેખ – અમદાવાદ
૧૬. અવંતિ દંડ – અમદાવાદ
૧૭. અરવિંદ ભટ્ટ – બોપલ, અમદાવાદ
૧૮. પ્રભા શેઠિયા – વલસાડ
૧૯. નયના કારાણી – અમદાવાદ
૨૦. જ્યોતિ શાહ – અમદાવાદ
૨૧. જ્યોતિ ગડા – અમદાવાદ
૨૨. મહેન્દ્ર પુજ – અમદાવાદ
૨૩. મીનાબેન ખરીદીયા – અમદાવાદ
૨૪. ઈંદુબેન પટેલ – અમદાવાદ
૨૫. અમી સંઘવી – ગાંધીનગર
૨૬. ઉષા સંઘવી – રાઉરકેલા (ઓરીસ્સા)

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રૉ અનુસાર ત્રણ વિજેતાઓના નામ નીચે જણાવેલ છે. તેમણે પોતાનું ઈનામ પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

***વિજેતા :***

(૧) નરેશ શાહ – ગાંધીનગર
(૨) અવંતિ દંડ – અમદાવાદ
(૩) જ્યોતિ ગડા – અમદાવાદ

## મ્યુનિ.માં જન્મ - મરણની નોંધણી

*જન્મ અને મરણની નોંધ કરાવવા અત્યાર સુધી જે રૂા. ૨/- લેવામાં આવતા હતા તેના હવેથી રૂા. ૨૦/- લેવામાં આવશે. ૩૦ દિવસથી એક વર્ષ સુધીમાં જે રૂા. ૫/- ચાર્જ તરીકે વસુલાતો હતો તેના હવે નોંધણી કરાવવાના રૂા. ૫૦/- લેવાશે.*

## NanoNine™ Sudoku

**એપ્રિલ-૨૦૨૫ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૭૫ના બધા સાચા ઉકેલ મોકલનારનાં નામ તથા વિજેતાઓના નામ માટે જુઓ**
**પાના નંબર – ૩૪**

## વીમા ક્લેઇમ નકારવા વીમા કંપનીનું અજબ બહાનું

અકસ્માત વીમા ક્લેઈમ નિવારવા માટે નાગપુરમાં વીમા કંપનીનું અજબ બહાનું!

ડ્રાઈવિંગ લાઈસન્સ વિના સાઈકલ ચલાવતા હતા એટલે વીમો નહીં મળે.

જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ પંચે અકસ્માતમાં મૃત્યુ પામેલા સાઈકલ ચાલકના પરિવારને વિમાની રૂા. ૩ લાખની રકમ ચૂકવી દેવા કંપનીને આદેશ આપ્યો.

## જાપાનમાં સરેરાશ આયુષ્ય

*લેન્સેટ પબ્લિક હેલ્થના રીસર્ચનું તારણ:*

જાપાની નાગરિકોનું સરેરાશ આયુષ્ય ૧૯૯૦માં ૭૯.૪ વર્ષ હતું. હાલે ૨૦૨૫માં જાપાનના નાગરિકોનું સરેરાશ આયુષ્ય ૫.૮ વર્ષ વધીને ૮૫.૨ વર્ષ થયું છે.

તંદુરસ્ત જીવનથી આયુષ્યની એવરેજ વધી.

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૧૭૭અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૦-૦૬-૨૦૨૫ સુધીમાં મોકલી આપવા વિનંતી.*

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

### ક્રમાંક - ૧૧૭૭

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 4 | 8 | | | 1 | 5 | |
| | 7 | | | 3 | 2 | | | |
| 6 | | 1 | | 5 | | | 2 | 7 |
| 9 | | | | | 7 | 8 | | 2 |
| | 2 | | 5 | | 9 | | | |
| 7 | | 6 | 2 | | | | 1 | 5 |
| 3 | | | | 2 | | 5 | | 1 |
| | 6 | | 3 | 9 | | | 7 | |
| | 1 | 2 | 7 | | | 4 | | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 6 | 2 | 3 | | | | 8 | |
| | | 9 | 1 | | 6 | | | 2 |
| 5 | | | | 9 | | 6 | | 1 |
| | 9 | | | 3 | | 1 | 2 | |
| 3 | | | 6 | | 9 | | | 4 |
| | 2 | 8 | | 4 | | | 9 | |
| 8 | | 5 | | 6 | | | | 7 |
| 2 | | | 8 | | 5 | 9 | 6 | |
| | 7 | | | | 3 | 2 | | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | | | | 2 | | | 4 | |
| | 8 | | | | | 9 | | |
| | | 9 | 6 | 5 | 3 | 8 | 7 | |
| 3 | | | 2 | | 4 | | | 8 |
| | 1 | 4 | | | | | 2 | |
| 6 | | | 7 | | 9 | 4 | | 5 |
| | 9 | | 3 | | 1 | 2 | | |
| | | 2 | | 9 | | | 1 | 7 |
| | 6 | 1 | | 7 | | | | 9 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 7 | | 4 | | 3 | 1 | | |
| | | 3 | 2 | 9 | | | 6 | |
| 6 | 9 | | | | | 2 | | 3 |
| | | | 9 | | | 6 | | 7 |
| 8 | 2 | | | 1 | | | | 9 |
| 1 | | 9 | | 5 | 4 | | 3 | |
| 7 | | 5 | | | | | | 1 |
| | 8 | | | 3 | 9 | 5 | 7 | |
| | | 6 | 8 | | 5 | | 2 | |

### ઉકેલ : ક્રમાંક - ૧૧૭૬

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 9 | 8 | 1 | 7 | 5 | 3 | 4 | 2 |
| 2 | 3 | 7 | 6 | 9 | 4 | 1 | 8 | 5 |
| 1 | 4 | 5 | 2 | 8 | 3 | 6 | 9 | 7 |
| 8 | 2 | 3 | 4 | 5 | 1 | 7 | 6 | 9 |
| 4 | 7 | 9 | 8 | 2 | 6 | 5 | 1 | 3 |
| 5 | 1 | 6 | 7 | 3 | 9 | 4 | 2 | 8 |
| 7 | 8 | 4 | 5 | 1 | 2 | 9 | 3 | 6 |
| 3 | 6 | 2 | 9 | 4 | 7 | 8 | 5 | 1 |
| 9 | 5 | 1 | 3 | 6 | 8 | 2 | 7 | 4 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 4 | 8 | 3 | 2 | 9 | 7 | 5 | 1 |
| 7 | 3 | 9 | 1 | 4 | 5 | 8 | 2 | 6 |
| 5 | 2 | 1 | 7 | 8 | 6 | 4 | 9 | 3 |
| 4 | 7 | 5 | 2 | 1 | 8 | 6 | 3 | 9 |
| 8 | 9 | 2 | 6 | 3 | 7 | 5 | 1 | 4 |
| 1 | 6 | 3 | 5 | 9 | 4 | 2 | 7 | 8 |
| 2 | 8 | 6 | 9 | 7 | 3 | 1 | 4 | 5 |
| 3 | 5 | 7 | 4 | 6 | 1 | 9 | 8 | 2 |
| 9 | 1 | 4 | 8 | 5 | 2 | 3 | 6 | 7 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 9 | 7 | 4 | 5 | 1 | 8 | 6 | 3 |
| 4 | 6 | 5 | 3 | 2 | 8 | 7 | 9 | 1 |
| 1 | 3 | 8 | 9 | 6 | 7 | 5 | 4 | 2 |
| 7 | 8 | 2 | 1 | 9 | 3 | 4 | 5 | 6 |
| 6 | 5 | 9 | 2 | 8 | 4 | 3 | 1 | 7 |
| 3 | 4 | 1 | 6 | 7 | 5 | 9 | 2 | 8 |
| 5 | 7 | 6 | 8 | 4 | 2 | 1 | 3 | 9 |
| 8 | 2 | 3 | 5 | 1 | 9 | 6 | 7 | 4 |
| 9 | 1 | 4 | 7 | 3 | 6 | 2 | 8 | 5 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 2 | 5 | 7 | 9 | 8 | 1 | 3 | 4 |
| 3 | 9 | 7 | 5 | 4 | 1 | 2 | 6 | 8 |
| 8 | 1 | 4 | 6 | 2 | 3 | 9 | 7 | 5 |
| 9 | 6 | 8 | 1 | 5 | 7 | 4 | 2 | 3 |
| 5 | 4 | 1 | 8 | 3 | 2 | 6 | 9 | 7 |
| 2 | 7 | 3 | 4 | 6 | 9 | 8 | 5 | 1 |
| 1 | 8 | 6 | 2 | 7 | 5 | 3 | 4 | 9 |
| 7 | 3 | 2 | 9 | 1 | 4 | 5 | 8 | 6 |
| 4 | 5 | 9 | 3 | 8 | 6 | 7 | 1 | 2 |

Nano 9® kitchenware in new avatar
NanoNine® INNOVATIVE KITCHENWARE Bana De Life Aasaan!
Mfg By: Shree Balaji Metal Industries, Vasai.
: (+91) 88792 99950 | E: care@nanonine.in | W: www.nanonine.in
AHMEDABAD: Authorised Distributors: Devam Enterprises : M. 96385 21024, 97245 00513
MUMBAI: Authorised Distributors: Vasant Marketing: (+91) 98206 72501 / KK Associates: (+91) 93234 04736

# પ્રતિભાવ

**ઓપરેશન સિંદૂરમાં છલોછલ વ્યક્ત થયેલ રાષ્ટ્રવાદ, શૌર્ય, વીરતા, બલિદાનના વિવિધ રંગોની જેમ વિવિધ રંગોથી મંગલ મંદિર ઝળહળી ઉઠે છે**

'મંગલ મંદિર'ના મુખપૃષ્ઠ પર ગુજરાતના નકશામાં દેશી રાજ્યોનાં એકત્રીકરણમાં સિંહફાળો આપનાર સરદાર પટેલ, ગુજરાતનો વનરાજ સિંહ તથા ગુજરાતની સંસ્કૃતિનું ધરોહર ગરબાના સ્થાનને યોગ્ય મહત્ત્વ અપાયું છે. તંત્રીલેખમાં કચ્છમાં બ્રહ્માંડની સફર કરાવતી ઓબ્ઝર્વેટરી ભવિષ્યમાં કક્ષમાં આકાર લેનાર છે, જાણી આનંદ થયો. કચ્છના પ્રવાસન સ્થળોમાં દિવસે દિવસે વધારો થતો જોવા મળે છે. રીતુ પાટીદારની પ્રેરણાદાયી યાત્રામાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તથા અદાણી તાલીમ કાર્યક્રમનું યોગદાન દર્શાવે છે. ચૌલા કુરૂવાના દેશ વિદેશ કોલમમાં અમદાવાદથી ઓસ્ટ્રેલિયા સુધીના સમાચારોનો સમાવેશ થયેલ છે. જ્ઞાનવિજ્ઞાન - વૈજ્ઞાનિક માહિતીમાં હિમાચલ પ્રદેશનો પ્રાચીન મઠ, જમ્બો હાથી, ગુરૂનો ગ્રહ તથા માનવ શરીરની જાણવા જેવી સૂક્ષ્મ તથા મહત્ત્વની જાણકારી કહી શકાય. પર્વતો, વૃક્ષ તથા વનસ્પતિની વિગતો પણ નોંધનીય છે. જ્ઞાન વિજ્ઞાનનો એનસાયક્લોપીડિયા કહી શકાય. ડૉ. આશિષ ચોક્સી દ્વારા પ્રેરણાત્મક પ્રસંગો સુંદર રીતે રજૂ થયેલ છે. શ્રીલંકાના ક્રિકેટર માનવાર અટ્ટાપટ્ટુની આત્મવિશ્વાસથી સભર સંઘર્ષકથા વાંચતા જ ભારતીય ક્રિકેટર મોહિન્દર અમરનાથની યાદ આવી જાય. તેઓ પણ અનેકવાર સંઘર્ષ કરી વિશ્વકપ વિજેતા ટીમમાં સ્થાન પામેલા હતા. ક્ષમા : પીડાદાયક ભૂતકાળમાંથી મુક્તિનો પ્રસંગ – ક્ષમાનું મહત્ત્વ દર્શાવતી હૃદયસ્પર્શી ઘટનાકથા છે. સ્વાધીનતા સંગ્રામની શ્રેણીમાં મેડમ કામાની કથા રોચક છે. ભારતીય સ્વતંત્રતાનો ઝંડો લહેરાવનાર તથા વંદે માતરમ્ અખબાર શરૂ કરનાર અનેક ક્રાંતિવીરોના સંપર્કથી પોતાનું જીવન રાષ્ટ્રીય લડતમાં ન્યોચ્છાવર કરનાર કહી શકાય. ડૉ. મિહિર વોરા દ્વારા ઇમિગ્રેશન બિલ ૨૦૨૫ સાંપ્રત પ્રશ્ન અંગેનો માહિતીલેખ છે. એરિસ્ટોક્રેટ્સ શ્રેણીમાં શાહજહાંના સમયમાં શંખેશ્વર ગામ તથા પાલિતાણા ગામ શાંતિદાસ ઝવેરીને ઇનામ તરીકે આપવામાં આવેલ. કટ્ટર ગણાતા ઔરંગઝેબે શેત્રુંજય પર્વત શાંતિદાસ ઝવેરીને ઇનામ તરીકે આપે છે. શાહજહાંએ મયૂરાસન રૂા. ૬ કરોડના ખર્ચે તૈયાર કર્યો તેમાં શાંતિદાસ ઝવેરીએ ઘણું યોગદાન આપેલું. આવી મહત્ત્વની રસપ્રદ ઐતિહાસિક હકીકત જાણવા આ શ્રેણી વાંચવી જ રહી. ભવેન કચ્છીનો 'ટેરીફ વૉર નહીં, ચીનની વધતી તાકાત ચિંતાજનક' – લેખ સુંદર છે. ડૉ. કમલેશ શાહનો જીવન જીવવાની મજા વાંચવા યોગ્ય છે. આ જ સંદર્ભમાં પૃષ્ઠ-૬૩ પર સુખી અને સમૃદ્ધ થવાની ૩૬ ટીપ્સ આપેલ છે તે વાંચવા તથા અપનાવવા યોગ્ય છે. શ્રી જેસલમેર તીર્થ તથા શ્રી જમ્મુ તીર્થ શ્રેણી માહિતીપ્રદ છે. ઑપરેશન સિંદૂરમાં છલોછલ વ્યક્ત થયેલ રાષ્ટ્રવાદ, શૌર્ય, વીરતા તથા બલિદાનના વિવિધ રંગોથી રંગાયેલ સમાજની જેમ વિવિધ વિષયોના રંગોથી 'મંગલ મંદિર' ઝળહળી ઉઠે છે.

*અશોક વી. શાહ - ગાંધીનગર*
*મો. ૯૩૨૮૯ ૨૬૮૫૯*

★

**Navneet Medical Center – Bopal**

We consulted Dr. Jyotin Shah (MD) for my wife's health. Indeed, it was a best treatment and guidelines suggested to us is felt very happy and very useful to patient with treatment.

We wish a grand success more & more to this Organization in serving humanity.

Thanks & best wishes.

*V. N. Upadhyay*

★

**નવનીત મેડિકલ સેન્ટર – બોપલ**

મારું નામ મહિપતકુમાર પદમાણી છે. હું અહીં તા. ૨૬-૫-૨૦૨૫ના બતાવવા આવ્યો હતો. મને બેલ્સ પાલ્સીની અસર છે એવું મને લાગતું હતું જેથી હું અહીં બતાવવા આવ્યો અને મને અહીં દવા આપવામાં આવી અને ત્રીજા દિવસથી મારા મોઢાની કસરત શરૂ કરવામાં આવી. આજે આઠ દિવસ થયા છે. મારી બીમારીમાં ફૂલ રીકવરી આવી ગઈ છે. અહીં બધા ડૉક્ટર અને સ્ટાફ ફૂલ સપોર્ટીવ છે અને રાઈટ ટાઈમ પર રાઈટ ટ્રીટમેન્ટ મળે છે.

મારી ટ્રીટમેન્ટ ફિઝીયોથેરાપીમાં ડૉ. નીરાલીબેન કરતા હતા. એમની સારવારને કારણે હું ફૂલ રીકવર થયો છું અને ત્યાંનો બધો જ સ્ટાફ પણ બહુ સપોર્ટીવ છે. એવું કહેવામાં આવે છે કે 'ડૉક્ટર ભગવાનનું બીજું રૂપ હોય છે' – જે મેં અહીં જોઈ લીધું છે. હું અહીંના બધા જ ડૉક્ટર અને આ મેડિકલ સેન્ટરનો દિલથી આભાર માનું છું.

*મહિપતકુમાર પદમાણી*
*મો. ૯૯૯૮૮ ૬૧૪૨૯*

★

**Navneet Medical Center – Bopal**

I have been taking Physiotherapy treatment since the month of March & it has bought a lot of improvement for my ACL Reconstruction

surgery. Not only that but also the support that I have got as Physiotherapy is painful process and has made my journey of Recovery quite impressive. Excellent experience. My treating Dr. Sonaly is professional and skilled. Highly recommended.

Thank you and keep up the good work.

***Pruthul Pandya***
***M. 88661 01843***

★

**Navneet Medical Center – Bopal**

I came here with severe pain in my both elbow (Right & Left). In right hand elbow, Doctor diagnosed with "Tennis elbow." I had taken physio at different places before this. But there was no relief at all. My condition was going on worse with every passing day.

But when I reached here, I got complete solution of my problem. Dr. Shraddha's consultation give me assurance for complete healing. Under her guidance & treatment I got fully cured. She gave me Tense & Ultrasound therapy, which helped me in reliving my pain. My elbow is now almost completely cured.

Thanks to Shraddha Mam. God Bless her.

Here, every Doctor fulfill their duty with full enthusiasm.

***Rahy Goyal***

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ**

શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત ડાયાલિસિસ સેન્ટરના તમામ સ્ટાફની, તમામ દર્દી પ્રત્યેની સેવા બેનમૂન અને અદ્ભુત છે. સ્ટાફ દ્વારા દર્દીની તમામ ફરિયાદોનો નિકાલ તાત્કાલિક વિના વિલંબે કરવામાં આવે છે.

ડાયાલિસિસ સેન્ટરના સ્ટાફ તરફથી તમામ દર્દીને પૂરતો સાથ અને સહકાર મળી રહે છે અને બીજા ડાયાલિસિસ સેન્ટરો કરતા આ સેન્ટર સારું છે. ડાયાલિસિસ માટે પણ ઉત્તમ પ્રકારની વસ્તુઓ વપરાય છે. જેનાથી તમામ દર્દીઓ તંદુરસ્ત રહે છે. આવી બેનમૂન સેવા બદલ સંસ્થાના ટ્રસ્ટીગણ તથા સ્ટાફનો અંતઃકરણપૂર્વક આભાર.

***શંકરલાલ મગનલાલ ગોહેલ - અમદાવાદ***
***મો. ૯૦૯૯૯ ૩૧૫૮૪***

★

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ**

મારા બાબાની સાઈકોલોજીની ટ્રીટમેન્ટ ચાલતી હતી. તે દરમિયાન શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે રોકાવાનું થયું. શ્રી રજનીસર અને મોદીભાઈએ ખૂબ જ મદદ કરી. રૂમનું ભાડું ફ્રી કરી આપ્યું તેમજ જમવાની વ્યવસ્થા પણ ફ્રી કરી આપવા બદલ આભાર. બધી જ વ્યવસ્થા એકદમ અદ્ભુત છે. બધા જ ટ્રસ્ટી ગણનો આભાર વ્યક્ત કરું છું.

***વૈશાલી શાહ - અંજાર, કચ્છ***
***મો. ૯૫૮૬૧ ૬૬૪૧૯***

---

## અન્ય સંસ્થાના સમાચાર

**(અનુસંધાન : પાના નં. – ૩૮ ઉપરથી ચાલુ)**

તરીકે કાજલ ગાંધી અને પ્રીતિ શેઠે સેવા આપેલ.

રીલના નિર્ણાયક તરીકે જાણીતા કોરિયોગ્રાફર વૈશાલી જેઠી રહ્યા હતા. મહામંત્રી ફાલ્ગુની પારેખ તથા અન્ય બધા જ કારોબારી સભ્યોનો સહકાર રહ્યો હતો.

## ભુજ કવિ કલાવૃંદ સાહિત્ય સંસ્થા

અક્ષય તૃતીયાના પાવન પર્વ નિમિત્તે કવિ કલા વૃંદ સંસ્થાના ઉપક્રમે ચંગલેશ્વર મહાદેવના વિવિધ વિસ્તારમાં ગરીબ, જરૂરિયાતમંદ લોકોને બિસ્કીટ વગેરે ખાદ્યસામગ્રી ઉપરાંત જૂના કપડાં, બેગ, પર્સ જેવી ઉપયોગી વસ્તુઓનું વિતરણ કરવામાં આવેલ હતું. જેમાં દિલીપ આચાર્ય વગેરે હાજર રહેલ હતા જ્યારે અન્ય અનેક લોકો સહયોગી થયેલ હતા.

## કવિ મંચ સાહિત્ય પરિવાર

કવિ મંચ સાહિત્ય પરિવાર દ્વારા તા. ૧૮-૫-૨૦૨૫ના રાત્રે ૯ કલાકે દેશના વીર જવાનોના સાહસને બિરદાવતા એમના સન્માનમાં "વીર વંદના" ફોન-ઈન-મુશાયરો યોજાયો હતો. જેમાં કવિઓ દ્વારા દેશનાં વીર જવાનોનાં અદમ્ય સાહસને કાવ્ય દ્વારા બિરદાવવામાં આવ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત પૂજાબેન ગઢવી 'મંથના' દ્વારા સરસ્વતી વંદનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ કાવ્ય પઠનનો દોર શરૂ થયો હતો. જેમાં કવિયત્રી ઉષાબેન દાવડા, ક્રિષ્નાબેન ગોરખા 'આવાઝ', પાયલ મેઘાણી 'ખ્વાબ', પૂજાબેન ગઢવી 'મંથના', કવિશ્રી ભરતભાઈ ગોસ્વામી 'ભાવુક', દીપકપૂરી 'દર્દેદિલ' દ્વારા કાવ્ય પઠન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે દીપક પૂરી દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. આ સમગ્ર મુશાયરાનું સંચાલન ભરતભાઈ ગોસ્વામી 'ભાવુક' દ્વારા કરવામાં આવ્યું હતું. ■

# અન્ય સંસ્થાના સમાચાર

## શ્રી ભારતીય જૈન સંઘટના લેડીઝ વિંગ - ભુજ

૨૮ એપ્રિલના રોજ ભારતીય જૈન સંઘટના લેડીઝ વિંગ - ભુજ દ્વારા સૌપ્રથમ કાર્યક્રમ 'ઈન્સ્ટોલેશન સેરેમની વિથ મ્યુઝિકલ હાઉઝી' નું રીજેન્ટા રીસોર્ટ ખાતે આયોજન કરાયેલ હતું. કાર્યક્રમની શરૂઆત ચેતનાબેન શાહ અને મિલી મહેતા દ્વારા મંગલાચરણથી કરવામાં આવી. ત્યારબાદ મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું. પહેલગામમાં થયેલ આતંકી હુમલામાં મૃત્યુ પામેલ પ્રવાસીઓની શ્રધાંજલિરૂપે ૨ મિનિટનું મૌન પાળવામાં આવ્યું. આ કાર્યક્રમમાં BJS - કચ્છ ચેપ્ટરના હોદ્દેદારો તથા અન્ય મહેમાનો પધારેલ. વિંગના સ્થાપક પ્રમુખશ્રી ગીતાબેન પારેખે વેલકમ સ્પીચમાં એન્ટરટેઇનમેન્ટની સાથે સાથે મહિલાઓનો સર્વાંગી વિકાસ થાય, બધાં જ ક્ષેત્રમાં આગળ આવે તેવા કાર્યક્રમો કરવાની જાહેરાત કરી. તેમણે દરેક કાર્ય કહીને નહીં, પણ કરીને બતાવવાની ઉમદા તૈયારી દર્શાવી. હિતેષભાઇ, ભૈરવીબેન અને ભરતભાઈએ આવા જૈન સંગઠનમાં વધારે ને વધારે સભ્યો જોડાય, તેવું આહવાન કરેલ. સાથે સાથે 'Each 1, Catch 1' દ્વારા દરેક સભ્યો માત્ર ૧ નવા સભ્યને વિંગમાં જોડવાની વિંગના સાઇકલ ચાલુ રાખે તો આપણું જૈન સંગઠન મજબૂત બની શકે, એવું જણાવેલ. 'સ્માર્ટ ગર્લ' ના પ્રોજેક્ટ વિશે હિતેષભાઇ અને ભૈરવીબેન દ્વારા વિગતવાર માહિતી અપાઈ. લેડીઝ વિંગના કુલ ૧૩ હોદ્દેદારોની પિન દ્વારા ઈન્સ્ટોલેશન સેરેમની કરાઈ, જેમાં અનેક હોદ્દેદારોની નિમણુંક કરવામાં આવી. હોદ્દેદારોનું ઈન્ટ્રોડક્શન સોનાલી મહેતા અને મનીષા મોરબીયા દ્વારા કરવામાં આવ્યું. ત્યારબાદ શિવમ ગઢવીએ પોતાના સુમધુર અવાજમાં ગીતો સંભળાવ્યા અને સર્વે સભ્યોને અનોખી મ્યુઝિકલ હાઉઝી રમાડવામાં આવેલ, જેને દરેક સભ્યોએ ખૂબ આનંદ સાથે માણી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રચનાબેન શાહ દ્વારા અને આભારવિધિ ફાલ્ગુનીબેન પારેખ દ્વારા કરાયેલ. ત્યારબાદ સૌ સભ્યો ભોજન લઈ છૂટા પડયા.

### વડીલ વંદના કાર્યક્રમ યોજાયો

ભારતીય જૈન સંઘટના (BJS) લેડીઝ વિંગ - ભુજની સ્થાપના પછીનો પહેલો વડીલ વંદનાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો. જેમાં માધાપર પાસે આવેલ શ્રીહરિ શાંતિનિકેતન ટ્રસ્ટ દ્વારા સંચાલિત વયસ્ક વિશ્રામ સ્થાનના વડીલો સાથે રહીને સંસ્થાના સભ્યોએ વડીલોના ચહેરા પર સ્મિત લાવવાનો સફળ પ્રયાસ કર્યો.

તા. ૫-૫-૨૦૨૫ના સાંજે સૌ સભ્યોએ મળી વડીલોને ગરમીમાં આઈસ્ક્રીમ, કોલ્ડ ડ્રિંક, બિસ્કીટ, ચોકલેટનું વિતરણ કર્યું. ત્યારબાદ કાર્યક્રમની શરૂઆત ફાલ્ગુની પારેખ અને મનીષા મોરબીયા દ્વારા નવકાર મહામંત્રના ગાનથી કરવામાં આવી. પ્રાસંગિક પ્રવચન વૈશાલી શાહે કર્યું. ત્યારબાદ સંસ્થાના ફાઉન્ડર પ્રેસિડેન્ટ શ્રી ગીતાબેન પારેખે જણાવ્યું કે BJS લેડીઝ વિંગની સ્થાપના બાદ પહેલો પ્રોજેક્ટ વડીલોના આશિર્વાદથી કરીએ છીએ. જેથી આવા સત્કાર્ય કરવાનો સૌ સભ્યોને ઉત્સાહ આવે.

ત્યારબાદ ફાલ્ગુની પારેખ અને નિશાબેન ખંડોરે વડીલોને હાઉસી રમાડી. ત્યારબાદ વડીલો સાથે કેક કાપી તેમના સૌના ચહેરા પર સ્મિત ફેલાવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા દાતાઓએ ખૂબ સહયોગ આપ્યો હતો. સભ્ય બહેનો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આભારવિધિ રચનાબેન શાહે કરી હતી.

### મધર્સ ડે નિમિત્તે કાર્યક્રમ

ભારતીય જૈન સંઘટના લેડીઝ વિંગ - ભુજ દ્વારા મધર્સ ડે નિમિત્તે માતૃત્વનો સુંદર સંદેશ, શાયરી સાથે રીલ સ્પર્ધા રાખવામાં આવેલ હતી. પ્રમુખ ગીતા પારેખે જાહેરાત કરેલ કે આપણા ગ્રુપમાં પારિવારિક પ્રોગ્રામ પણ લઈશું તો એ અંતર્ગત પરિવારમાં એમ કહેવાય કે પરિવારની ધરી હોય ને તો એ માં છે. તો જ્યારે માં નો Day યાની કે મધર્સ ડે ૧૧ મે ના આવે છે... મા ના સન્માન માટે, આદર માટે અને મા ને યાદ આપવા કે હા, અમે તને પ્રેમ કરીએ છીએ, ભલે કોઈ એક દિવસ નથી હોતો માં ને પ્રેમ કરવાનો... પણ એ સ્પેશિયલ ડે ના માં ને મહેસૂસ કરાવવાનું હોય છે કે આપણા જીવનમાં એ કેટલી સ્પેશિયલ છે. તેથી મધર્સ ડે નિમિત્તે રીલ સ્પર્ધાનું આયોજન કરાયું હતું. જેમાં મા સાથે યા બાળકો સાથે એક રીલ બનાવવાની હતી. એમાં માને એક પ્રેમનો સંદેશ, શાયરી યા સોંગની રીલ હરીફાઈ રાખવામાં આવેલ હતી. જેમાં મોટી સંખ્યામાં બહેનોએ ભાગ લીધેલો હતો.

એમાં ટોપ ફાઈવ રીલમાં ચાંદની વોરા, સોનાલી મહેતા, જુલી શાહ, સોનુ કોઠારી અને રોશની શાહની રીલ પસંદગી પામેલ. આ સ્પર્ધામાં ભાગ લેનાર બધા જ સ્પર્ધકોને ભારતીય જૈન સંઘટના લેડીઝ વિંગ - ભુજ તરફથી પુરસ્કાર આપવામાં આવશે તેવું પ્રમુખ ગીતા પારેખ દ્વારા જાહેર કરવામાં આવેલ. આ પ્રોજેક્ટના ચેરમેન

(અનુસંધાન : જુઓ પાના નં. – ૩૭ ઉપર)

પ્રેરણાત્મક પ્રસંગો

# મણકો - ૩૨ : ફાટેલી નોટ
# મણકો - ૩૩ : માતા-પિતાનું ઘર

• સંકલન •
ડૉ. આશિષ ચોકસી

## ફાટેલી નોટ

એક ભાઈને ૨૦ રૂપિયાની નોટનું બંડલ કોઈએ આપ્યું હતું. તેમાં લગભગ ૧૦ જેટલી નોટો ઘણી જ ફાટેલી- સાંધેલી અને જૂની હતી. આ નોટો જોતાં જ ક્યાંય કોઈ સ્વીકારશે નહીં તેમ લાગતું હતું. આ નોટોને કાઢવી કેવી રીતે? કોઈએ એવું સૂચન કર્યું કે તમે રોજના વ્યવહારમાં જ કરિયાણું, દૂધ કે શાક લેવા જાવ તેમાં આપવાના થતા પૈસાની વચ્ચે એક જૂની ૨૦ની નોટ મૂકી દેવી.

એ ભાઈ ઘડિયાળની દુકાનમાં પટ્ટો બદલાવવા ગયા હતા. આગળની વાત તેમના શબ્દોમાં, ‘ઘડિયાળીએ ૧૨૦ રૂા. કહ્યા. મેં એક સોની નોટ અને એક જૂની-ફાટેલી ૨૦ની નોટ આપી. પૈસા આપતી વખતે મેં કહ્યું, ‘૨૦ રૂપિયાની નોટ જરા જૂની અને ફાટેલી છે, ના ચાલવાની હોય તો પાછી આપો.’ મારા આશ્ચર્ય વચ્ચે તેણે કીધું, ‘કશો વાંધો નહીં ચાલી જશે.’ ત્યારબાદ અન્ય ચાર જગ્યાએ પણ મેં આ જ પ્રમાણે કર્યું. મારા આશ્ચર્ય વચ્ચે મારી પાંચે પાંચ નોટોમાં કોઈએ વિરોધ ના કર્યો કે નહીં ચાલે. નોટ કેવી છે તે જોવાની પણ ચાર જણાએ દરકાર કરી નહીં.

બાકીની પાંચ ખરાબ નોટો મેં જણાવ્યા વિના કોઈને આપવાથી શું થાય છે? તે અનુભવ લેવા કર્યો. અમુક પૈસા વચ્ચે ૨૦ની નોટ આપી. જ્યારે લેનાર પૈસા ગણતા અને અંદર ૨૦ની નોટ ખરાબ દેખાય ત્યારે મારી સામે અણગમા સાથે મૂકી બીજી નોટ આપવા જણાવતા. બાકીની સારી નોટ પણ ધ્યાનથી ઊંધી-ચત્તી કરીને ચકાસતા.”

- **છેલ્લો બોલ :**

***જ્યારે તમારાથી કોઈનું અહિત થયું હોય અને તમે સામેથી જણાવી દો કે આ વસ્તુ મારી ભૂલ છે કે આ વસ્તુ ખરાબ છે ત્યારે સામેનો માણસ ઝડપથી ખોટી વસ્તુને પણ સ્વીકારી લે છે. તમારું મૂલ્ય અને વિશ્વાસ સામેના માણસના મનમાં ખૂબ વધી જાય છે.***

*ઘરમાં કોઈ ઘરડું સભ્ય હોય*
*તો એને ભારને બદલે ભાગ્ય માનજો*
*કારણકે ઘરડું વૃક્ષ ફળ ભલે ન આપે,*
*પણ છાંયડો તો જરૂર આપે છે.*

## માતા-પિતાનું ઘર

*(ખલીલ જિબ્રાનના વિવિધ લેખો અને પુસ્તકોમાંથી અનુવાદ)*

★ આ એક જ ઘર છે કે જ્યાં તમે અગણિત વખત પણ આમંત્રણ વિના કોઈ પણ સમયે જઈ શકો છો.

★ આ એક જ ઘરમાં તમે ડોરબેલ વગાડ્યા વિના પણ સીધા જઈ શકો છો.

★ આ એક જ ઘરમાં ચાર આંખો તમારા આવવાની આતુરતાપૂર્વક હંમેશાં રાહ જોતી હોય છે. ત્યાં પહોંચી તમે એકલા નથી અને કોઈ સાથે છે તેવી લાગણી થશે.

★ આ ઘર તમને તમારા બાળપણના ધમાલ મસ્તીના દિવસોની યાદ અપાવી ખુશ કરી દેશે.

★ આ ઘરની વ્યક્તિઓ (માતા-પિતાની) સાથેનો સંવાદ તમારા માટે મોટું ઈનામ અને તેમના ચહેરાની ખુશી તમારા માટે આશીર્વાદ સમાન હોય છે.

★ આ ઘરે તમે ના જાવ તો પણ ઘરની વ્યકિતઓના મનમાં તમારા પ્રત્યેના પ્રેમમાં ક્યારેય ઘટાડો આવવાનો નથી.

★ આ ઘરના ડાઈનિંગ ટેબલમાં હંમેશાં તમારા માટે એક જગ્યા ખાલી જ હોય છે. આ ઘરમાં બેસીને કંઈ પણ ખાવું હોય તો તમારે કોઈની પરવાનગીની જરૂર નથી.

★ આ ઘરમાં આવીને મેળવેલી ઊંઘની શાંતિની અનુભૂતિ કંઈક વિશેષ જ હોય છે.

★ આ ઘરમાં તમે કેટલું રોકાવાના છો? અને તમે ક્યારે જવાના છો? આ પ્રશ્નો તમને ક્યારેય પૂછાવાના નથી.

★ આ ઘરમાં તમે રોજ આવો છતાં હંમેશાં પૂછવામાં આવે છે કે ફરી ક્યારે તમે આવશો?

★ તમારા પોતાના ગમે તેટલા વિશાળ મહેલ છતાં આ નાના ઘરની ચાર દીવાલો તમને આનંદ, સંતોષ અને શાંતિનો વિશેષ અનુભવ કરાવે છે.

***(જેઓના માતા-પિતા હયાત છે તે લોકો ચેતી જાવ અને પહોંચી જાવ તેમની પાસે, પછીથી જીવનભરનો અફસોસ જ રહેશે.)***

- **છેલ્લો બોલ :**

***આ ઘરમાંથી તમે પાછા જાવ ત્યારે તમે દેખાતા બંધ થાવ ત્યાં સુધી તમને જોવામાં આવશે.***

स्वाधीनता संग्रामना ७५ शूरवीरो

## સ્વાધીનતા સંગ્રામના ૭૫ શૂરવીરો
# મણકો - ૧૮ : રાની ચેન્નમ્મા

• લેખક •
રાજ ભાસ્કર / અનંત શુક્લ / મધુકાંત પ્રજાપતિ

*જન્મ : ૧૮ નવેમ્બર, ૧૭૭૮*
*મહાપ્રયાણ : ૨૧ ફેબ્રુઆરી, ૧૮૨૯*

રાણી ચેન્નમ્માનો જન્મ ૧૪મી નવેમ્બર, ઈ.સ.૧૭૭૮ના રોજ કાકતી (બેલગામ)માં થયો હતો. મૈસુરના નાનકડા શહેર કિત્તુરનો ભૂતકાળ અતિ ભવ્ય છે. પોતાના રાજ્યના સ્વાતંત્ર્ય માટે વિદેશીઓ સામે લડનાર પ્રથમ ભારતીય નારીના પાટનગર તરીકે એ શહેર ગૌરવ લઈ શકે છે. ઝાંસીની રાણી લક્ષ્મીબાઈથી ત્રીસ વર્ષ અગાઉ એ વીરાંગના વિદેશી સામ્રાજ્યવાદ સામે લડી હતી. એ સમયે કિત્તુરના રાજા હતા મલ્લ સર્જ. તેમને બે રાણીઓ હતી. પહેલી રાણી રુદ્રમ્મા અને નાની રાણી ચેન્નમ્મા. એમને કોઈ સંતાન નહોતાં. રાણી ચેન્નમ્મા એક ગુણિયલ, સુશિક્ષિત, ગૌરવવંતા નારી હતાં. મોટી રાણીના પુત્રને પણ એ પોતાના પુત્રરૂપ જ માનતા હતા. ચેન્નમ્માનો ખાસ સલાહકાર અમાત્ય ગુરુસિદ્ધપ્પા હતો. મલ્લ સર્જના અવસાન પછી પહેલી રાણીનો પુત્ર શિવલિંગ સર્જ ગાદીએ બેઠો. શિવલિંગ સર્જ આધેડ વયના થયા હતા છતાં તેમને એકે સંતાન નહોતું. ૧૮૨૪માં એ સખત બીમાર પડ્યા ત્યારે ચેન્નમ્માએ મસ્ત મર્દાઈ કુટુંબના બાલાસાહેબ નામના કિશોરને દત્તક લેવાની તૈયારી શરૂ કરી. થોડા સમય પછી શિવલિંગનું અવસાન થયું. ચેન્નમ્મા અને ગુરુસિદ્ધપ્પાએ બાલાસાહેબ પછી રાજ્યની બાગડોર સંભાળી લીધી. આ બાજુ થેકરે પણ એટલો જ હોશિયાર અંગ્રેજ હતો. અંગ્રેજ રાજ્યના વિસ્તાર માટે એ સદાય મથ્યા કરતો. એણે વિચારેલો નુસખો હતો ખાલસા પદ્ધતિનો. એ મુજબ કોઈ રાજવી વંશવારસ વિના ગુજરી જાય તો તેના રજવાડાને અંગ્રેજો પોતાના પ્રદેશમાં જોડી દેતા. આ જ ખાલસા પદ્ધતિ પાછળથી ડેલહાઉસીએ અપનાવેલી. ખાલસા પદ્ધતિ લાગુ કરવાની પહેલી ઘટના કિત્તુરમાં બની. થેકરે પત્ર લખીને ચેન્નમ્માને જણાવ્યું કે, 'હવે કિત્તુરનો કારભાર તમારો અને અમારો એમ – સંયુક્તપણે એને બે દીવાન મળીને ચલાવશે. વળી, છેલ્લાં છ વર્ષથી તમે ખંડણી આપવામાં અખાડા કરો છો, તે હવે જલદી ચૂકવી દો. ચેન્નમ્માએ કહ્યું, 'અંગ્રેજો આપણું રાજ હડપ કરી જવા માંગે છે. પણ રાજ એમને નહીં સોંપું.' અંગ્રેજોની ધમકીથી ડરી જાય એવી કાચી પોચી એ નારી નહોતી, એવું થેકરે સમજી ગયો. એણે તરત જ બે હજાર સૈનિકોને કિત્તુર પર હુમલો કરવા રવાના કર્યા. ચેન્નમ્માએ પણ અંગ્રેજ સેના પર વળતો હલ્લો કર્યો. આ રણચંડીના આક્રમણ આગળ અંગ્રેજો પૂંછડી દબાવીને ભાગ્યા. પણ થેકરેને ક્યાંય ચેન પડતું નહોતું. તેણે કૂટનીતિ અપનાવી. ઈ.સ. ૧૮૨૮ના દિવસે એણે ફરીથી કિત્તુર ફરતે ઘેરો ઘાલ્યો. એક ખૂંખાર લડાઈ પછી રાણી ચેન્નમ્મા કેદ પકડાયાં. એમના છેલ્લા દિવસો બેગહાંગલાના કિલ્લામાં બંદી હાલતમાં વીત્યા. આખરે ૧૮૨૯ની ૨૧મી ફેબ્રુઆરીની સાંજે એમનું અવસાન થયું. ■

## તું શીદને હરખાય હરિ, તને પણ એપ્રિલફુલ બનાવાય છે

ગીતાનાં પાન તો અહીં રોજ ફેરવાય છે, છતાંય સત્ય દબાવી સ્વાર્થ ચલાવાય છે. તને પણ રોજ એપ્રિલફુલ બનાવાય છે.

મંદિરો તો હવે કમાણી માટે બને છે. રોકડા લઈ એક શ્રીફળ ચડે છે. તને પણ રોજ એપ્રિલફુલ બનાવાય છે. લોહીના સંબંધોમાં સ્વાર્થ શોધાય છે, ને સ્વાર્થના સંબંધમાં લોહી બળાય છે. પંથ, સંપ્રદાયનાં નામે હાટડીઓ ખોલાય છે. બાધા પૂરી ના થાય તો હરિ પણ બદલાય છે. હે હરિ! તને પણ એપ્રિલફુલ બનાવાય છે.

દુઃખમાં તું ને તું, તારા સિવાય મારું કોણ? પણ સુખમાં તો હરિ તું કોણ, ને હું કોણ? ઈચ્છાઓની વણઝાર રોજ સંભળાવે છે, પણ જે આપ્યું એ કોણ અહીં યાદ કરાવે છે. તને પણ રોજ એપ્રિલફુલ બનાવાય છે. ગીતાનું જ્ઞાન તો સૌ કોઈ મોઢે સંભળાવે છે, સ્વાર્થ હોય ત્યાં સંબંધ દાવ પર લગાવે છે. ગુણલા તો ભલે ને રોજ તારા જ ગવાય, પણ પૈસાને જ અહીં પરમેશ્વર ગણાવાય છે. તને પણ રોજ એપ્રિલફુલ બનાવાય છે.

ગીતાનાં સોગંદ લઈને ખોટું બોલાવાય છે. તારા જ અવસરે ફિલ્મી નાચ નચાવાય છે. તારું જ આપેલું તને અર્પણ કરીને તક્તીમાં નામ પોતીકું મોટું લખાવે છે. તું શીદને હરખાય છે હરિ, તને પણ રોજ એપ્રિલફુલ બનાવાય છે.

*પ્રેષક : અમરીષ સંઘવી*
*(શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ)*

એરિસ્ટોક્રેટ્સ

## એરિસ્ટોક્રેટ્સ : પ્રકરણ-૧૫ ★ ઓસવાલ શ્રેષ્ઠી – ૮

# લોકો મને ઓળખવાના છે કે મારાં કપડાંને?

• લેખક •
દેવેન્દ્ર પટેલ

શાંતિદાસ ઝવેરીની દસમી પેઢીએ કસ્તુરભાઈ લાલભાઈ આવ્યા.

તેમણે પણ શેઠ શાંતિદાસ ઝવેરીની ઉજ્જવળ પરંપરા જાળવી રાખી. કસ્તુરભાઈ લાલભાઈનો જન્મ અમદાવાદમાં તા. ૧૯મી ડિસેમ્બર ૧૮૯૪ના રોજ થયો હતો. તેમના પિતા લાલભાઈ દલપતભાઈ જૈન સમાજની પ્રતિષ્ઠિત વ્યક્તિ હતા. પિતાનું અવસાન થતાં અત્યંત યુવાવસ્થામાં કસ્તુરભાઈ શેઠે વહીવટ સંભાળી લીધો હતો. તેમણે કાપડની મિલોની શૃંખલા ઊભી કરી દીધી હતી. રાયપુર, અશોક, સરસપુર, અરવિંદ, નૂતન, ન્યુ કોટન – એ બધી જાણીતી મિલો તેમનું સર્જન હતી.

ઈ.સ. ૧૯૨૬માં કસ્તુરભાઈ શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના ટ્રસ્ટી બન્યા. પાલિતાણા, રાણકપુર, શેત્રુંજય, તીર્થધામોનો તેમણે જીર્ણોદ્ધાર કરાવ્યો. ત્યારબાદ તેઓ રાસાયણિક ઉદ્યોગ તરફ વળ્યા. એ જમાનામાં રૂ. ૧૮ કરોડની પૂંજી અને અમેરિકી સહયોગથી વિશાળ ઔદ્યોગિક સામ્રાજ્ય ખડું કરી દીધું.

ગાંધીજીનો તેમના પર ઘણો પ્રભાવ હતો. પાલિતાણાના ઠાકોર સાથે શેત્રુંજય તીર્થના વેરા અંગે વિવાદ થતાં તેમણે સત્યાગ્રહનો આશ્રય લીધો હતો. શાંતિ નિકેતનથી માંડીને બનારસ હિંદુ યુનિવર્સિટીને તેમણે લાખો રૂપિયાનું દાન દીધું. રીઝર્વ બેંકમાં તેઓ ડિરેક્ટર પદે પણ રહ્યા. કંડલા બંદરની પસંદગીમાં તેઓ મુખ્ય પ્રેરણાસ્રોત રહ્યા.

અમદાવાદ એજ્યુકેશન સોસાયટી દ્વારા અનેક કોલેજોનું સંચાલન કર્યું. ગુજરાત યુનિવર્સિટીની સ્થાપના અને સ્થળની પસંદગીમાં તેમનો મુખ્ય હાથ હતો.

કસ્તુરભાઈ શેઠના પ્રયાસોથી જૈન મંદિરોનાં દ્વાર અછૂતો માટે ખોલી દેવાયાં.

શ્રી કસ્તુરભાઈ શાણા, સમજુ, ઠરેલ, ઠાવકા અને દરિયાવ દિલના નગરશ્રેષ્ઠી ગર્ભશ્રીમંત હતા. ગર્ભશ્રીમંત હોવા છતાં એમનામાં અહં નહોતો. પૂર્વજોને યાદ કરી મનથી ગૌરવ અનુભવતા પણ કદી ગર્વ કરતા નહોતા. મનથી ફુલાઈને ફાળકો થઈ જતા નહોતા. તમોગુણ અને રજોગુણમાં રાચવાની એમને ટેવ નહોતી. વર્તન-વ્યવહારમાં, સત્ત્વગુણી હતા. વિચાર, વાણી અને વર્તનમાં એકસૂત્રતા ધરાવતા હતા. બોલ્યું પાળતા અને કહ્યું તે કરી બતાવવાનો પ્રશંસાપાત્ર ગુણ એમનામાં જોવા-અનુભવવા મળતો. જેવું વિચારે તેવું વદે અને વ્યવહારમાં વર્તે. આ અદ્વિતીય ગુણ એમનામાં અનુભવાતો.

સાદાઈથી જીવન જીવવાના અતિ આગ્રહી હતા. ઠઠારો એમને ગમતો નહોતો. આછકલાઈ એમના સ્વભાવમાં નહોતી. જેવા છીએ તેવા દેખાવામાં પોતે ગૌરવ અનુભવતા.

એમના કરતાં વધુ ખમતીધર વ્યક્તિને જોઈને કદી અંજાઈ જતા નહોતા. લઘુતાગ્રંથિથી કદી પીડાતા નહોતા. સ્પષ્ટભાષી હતા. સાચી વાત રજૂ કરવામાં જરા પણ સંકોચ અનુભવતા નહોતા. શીરાની માફક ગળે ઊતરી જાય તેવી મીઠી જબાનથી વાત કરી પોતાના વિચારો અન્ય બુદ્ધિજીવીના ગળે ઉતારતા. ખોટું કહેવું નહીં ને ખોટું કરવું નહીં એ એમનો જીવનમંત્ર હતો.

જીવતર જીવવાનો એમનો ચોક્કસ ક્રમ હતો. તેમાં કોઈવાર બાંધછોડ કરતા, છતાં તેને વળગી રહેવાનું એમનું વલણ રહેતું. જે વ્યક્તિને મળવા માટે સમય આપ્યો હતો તે વ્યક્તિની તે જ સમયે રાહ જોઈને બેસતા. કોઈને ઘેર જવાનું હોય તો સામેની વ્યક્તિને જે સમય આપ્યો હોય તે જ સમયે પહોંચી જતા. પોતાની અનિયમિતતાના કારણે અન્યનો સમય ન વેડફાય તેની પૂરી જાગૃતિ રાખતા.

એકવાર સરદાર શ્રી વલ્લભભાઈને એમને ત્યાં સાંજે છ વાગે જમવા આવવાનું ભાવથી આમંત્રણ આપ્યું. એ દિવસે સાંજે છ વાગે સરદારશ્રી ન આવ્યા તથા તેમના સમાચાર પણ ન આવ્યા. તેથી શ્રી કસ્તુરભાઈએ એમની સાડા છ વાગ્યા સુધી રાહ જોઈ જમી લીધું. રાતે નવ વાગ્યે સરદારશ્રી વલ્લભભાઈ આવ્યા. એમને જલપાન કરાવ્યું. એક કલાક સુધી વાતોચીતો કરી. તે પછી સરદારશ્રીએ એમના ઘેર જઈને રાતે દસ અને ત્રીસ મિનિટે શ્રી મણિબહેનની બનાવેલી શાકભાખરી ખાધી.

ચાર દિવસ પછી શ્રી કસ્તુરભાઈને મળવાનું થયું ત્યારે હસતાં હસતાં એમની સ્ટાઈલમાં મજાકમાં શ્રી વલ્લભભાઈએ કહ્યું, કસ્તુરભાઈ, તમે તો ખરા છો. જમવા માટે આમંત્રણ આપો. એક કલાક સુધી મીઠી મીઠી વાતો કરી ઘરમાં બેસાડી રાખો પણ ભૂખ્યાં જ ઘેર મોકલી આપો.

આ સાંભળી નમ્રભાવે કસ્તુરભાઈએ કહ્યું, 'સરદારસાહેબ, મેં તો આપને જમવા માટે સાંજના છ વાગ્યે બોલાવ્યા હતા. મેં સાડા છ સુધી આપની રાહ જોઈ. આપના કોઈ સમાચાર

જ ન આવ્યા તેથી અમે તો જમી લીધું. આપ રાતના નવ વાગે આવ્યા. તેના લીધે મને થયું કે આપ જમીને ગપસપ કરવા આવ્યા હશો તેવું મેં માની લીધું એમાં મારો શો દોષ? મેં તો મારો નિયમ પાળીને અતિથિ સત્કાર કર્યો.'

આ સાંભળી મેધાવી બુદ્ધિપ્રતિભાવાળા સરદારશ્રી પોતે મોડા આવ્યા તે સમજી ગયા પણ કસ્તુરભાઈની સમયસૂચકતા એમના મનમાં અહોભાવની લાગણી જન્માવતી ગઈ.

શ્રી કસ્તુરભાઈ કંજૂસ નહીં પણ કરકસરવાળા હતા. તેઓ ઘરમાં ચા બનાવવા માટે એલચીના દાણા એક સપ્તાહ માટે કેટલા જોઈશે તે પુત્રવધૂ શ્રી પન્નાબહેન પાસે ગણાવતા.

કોઈ નજીકના જિજ્ઞાસુ સ્વજને પૂછ્યું, કસ્તુરકાકા, આ એલચીના દાણા ચામાં નાખવા માટે છે. તેની ગણતરીનું પ્રયોજન શું?

શ્રી કસ્તુરભાઈએ પ્રત્યુત્તર આપતાં કહ્યું : 'આપણે ચા બનાવવાના નથી. રસોયો ચા બનાવવાનો છે. તેને ડબ્બો ભરીને એલચી આપી દો તો તે ચા બનાવવામાં કેટલી એલચી નાખવી તેનું પ્રમાણ જાળવે નહીં. કોઈવાર બે એલચી નાખે, કોઈવાર ચાર એલચી નાખે, કોઈકવાર વધુ એલચી જોઈને એને સંતાડવાનું મન થાય યા તો પોતાને ઘેર લઈ જવાનું પ્રલોભન જાગે. એના મનમાં ચોરીની વૃત્તિ પ્રવેશે. રસોયો સારો હોય છતાં ખોટી ટેવો આપણી અણઆવડતના કારણે એનામાં પ્રવેશે. એના કરતાં એલચીના દાણા એક અઠવાડિયા માટે ગણીને આપ્યા હોય તો એ પણ સલામત અને આપણે પણ સલામત. આપણી અણઆવડતના લીધે એકવાર રસોયાને કાઢી મૂકવાનો વારો ના આવે તે માટે આ રીતે કરવું જરૂરી છે. સમજ્યા?'

શ્રી કસ્તુરભાઈના ટેબલ ઉપર પોસ્ટમાં આવેલાં પરબીડિયાં ઊલટાં કરેલાં પડ્યાં રહેતાં. કંઈ પણ ચિઠ્ઠી લખવી હોય તો એ પરબીડિયા પાછળના કોરા ભાગમાં લખતા.

તેઓ કહેતા આ ચિઠ્ઠી લખ્યા પછી સામેની વ્યક્તિ વિગત વાંચી ફાડી નાખવાની છે. કચરાપેટીમાં પધરાવી દેવાની છે તો પછી કોરો નવો કાગળ બગાડવાની શી જરૂર?

જરૂર પડે ત્યાં લાખ રૂપિયા વાપરીએ પણ જ્યાં ન જરૂર હોય ત્યાં પૈસો પણ બચાવવાની વૃત્તિ રાખીએ. કાંકરે કાંકરે પાળ બંધાય અને ટીપે ટીપે સરોવર ભરાય.

સંપત્તિ ધીરે પગલે આવે તે પચે પણ એકસામટી આવે તો સાથે વિકૃતિ લાવે. સૂઝ વગર આવેલી સંપત્તિથી અપચો થઈ જાય તે ધ્યાનમાં રાખવા જેવું છે.

ઔદ્યોગિક ક્ષેત્રે કસ્તુરભાઈની સૂઝ ગજબની હતી. તેઓ ઔદ્યોગિક ક્ષેત્રે ઉમદા આયોજક, સંયોજક અને પ્રયોજક હતા. પંડિત શ્રી જવાહરલાલ નેહરુ જેવા કુશળ રાજનીતિજ્ઞ દિલ્હી બોલાવી તેમની પાસેથી વ્યાપાર ક્ષેત્રે અને પંચવર્ષીય યોજનાના આયોજનમાં માર્ગદર્શન લેતા તથા વહીવટી ક્ષેત્રે કુશળ લોકોમાં એમને ઉચ્ચતમ સ્થાન આપતા. માત્ર એસ.એસ.સી. સુધી જ ભણેલા હતા પણ એમની કોઠાસૂઝ ગજબની હતી. એમના તરફ અહોભાવની લાગણી જન્માવતી.

શ્રી કસ્તુરભાઈ જૈન ધર્મના કાર્ય અંગે વહેલી સવારે પાલિતાણા જવાના હતા. તેઓ નિત્યક્રમ પતાવી ધોતી પહેરી ઉપર બંડી શર્ટ પહેરી મુનીમ પાસે લંબકોટ મંગાવ્યો.

મુનીમ લંબકોટ આપી ગયો. તરત જ કસ્તુરભાઈએ પૂછ્યું, 'મુનીમ આજે કયો વાર થયો?' મુનિમે કહ્યું 'શેઠ સાહેબ, આજે તો સોમવાર છે.' આ સાંભળી તેઓશ્રી બોલ્યા, 'તો મંગળવારનો કોટ કેવી રીતે આવ્યો?'

પાસે ઊભા રહેનારા પાલિતાણા સાથે જનારા જિજ્ઞાસુ વ્યક્તિને આ સાંભળી નવાઈ લાગી. કસ્તુરકાકાને મંગળવારનો કોટ આવ્યો તેની ખબર શી રીતે પડી? તેથી જિજ્ઞાસાથી શ્રી કસ્તુરકાકાને પૂછ્યું, તેમણે કહ્યું, 'હું સાત સફેદ લંબકોટ રાખું છું. તેને સરખા ધો પડે અને સાથે જ ફાટે જેથી બીજા નવા બનાવી શકાય તે માટે લંબકોટના કોલર પર વારનાં નામ લખું છું. જે દિવસે જે વાર હોય તે દિવસે તે જ વારનો કોટ મંગાવું છું. જેથી બધા જ લંબકોટ કયા દિવસના છે તેની મને પણ ખબર રહે.'

શ્રી કસ્તુરભાઈ રાષ્ટ્રીય શિક્ષણના ગગનવિહારી હતા. જીવનમાર્ગના અખંડ પ્રવાસી હતા, કલ્પના અને વિચારોની આપલે કરનારા બાહોશ અને સફળ વેપારી હતા. તેઓ પુરાતત્ત્વશોધક હતા. તેના લીધે તો લાલભાઈ દલપતભાઈ મ્યુઝિયમનું સર્જન થયું. તેઓ શિક્ષણશાસ્ત્રી હતા. તેને લીધે શ્રી મોહિનાબા કન્યા વિદ્યાલય અને શ્રી પન્નાબહેન દ્વારા રચના સ્કૂલ શરૂ થઈ. શ્રી વિક્રમ સારાભાઈને જરૂરી આર્થિક સહયોગ આપી અમદાવાદમાં અટીરા અને પી.આર.એલ.નું સર્જન થયું.

કસ્તુરભાઈની કેટલી સૂઝ હતી તે પ્રેરણા આપતો આ પ્રસંગ છે.

શ્રી કસ્તુરભાઈ કોઈ સ્વજન, પરિચિત મિત્રને ત્યાં શુભ લગ્નપ્રસંગે જાય ત્યારે રૂ. ૩૫/-નો જ ચાંલ્લો કરે. કોઈકે પૂછ્યું : 'કાકા! આ તો ભવ્ય લગ્નપ્રસંગ છે. ત્યારે તમે રૂા. ૩૫/-ની જ ભેટ આપી!' એ સાંભળી, મનમાં હસી, ગંભીર થઈને કહેતા, 'મારે એને વધુ ભેટ આપવી હશે તો એને ઘેર જઈને આપી આવીશ પણ જાહેરમાં તો રૂ. ૩૫/- નો જ ચાંલ્લો કરીશ. વધુ પૈસા ભેટમાં આપવાના શરૂ કરું તો કોઈ સામાન્ય વ્યક્તિને

તણાઈને વધુ ચાંદલો કરવો પડે. વ્યવહાર એટલે વ્યવહાર! એમાં સહુને સાચવવાના હોય!'

એકવાર શ્રી કસ્તુરભાઈ બહારગામ કોઈ મોટા મેળાવડામાં જતા હતા. તેમના રોજના ક્રમ પ્રમાણે ધોતી લંબકોટ અને માથે સફેદ ટોપી મૂકી હતી. સાથે બેઠેલા સ્વજને પૂછ્યું : કાકા! આજે આપણે જૈનોના મોટા મેળાવડામાં જવાના છીએ. તમે ધોતી પહેરી છે તેને નાનું કાણું પડેલ છે. તે સાંધેલી છે.

આ સાંભળી કસ્તુરભાઈએ કહ્યું : 'જો, આ ધોતી મારી મિલમાં બનેલી છે. તે એક વર્ષ ચાલે તેવું બધાને હું કહેતો ફરું છું. હજુ વર્ષમાં દસ દિવસ બાકી છે પછી શી રીતે કાઢું? મેળાવડામાં મને ઓળખવાના છે કે મારી ધોતીને?' એવું બોલી ખડખડાટ હસી પડ્યા.

શ્રી કસ્તુરભાઈ કોઈ કામ અંગે મુંબઈ જાય ત્યારે ભાગ્યે જ પ્લેનમાં જતા. તેઓ રાતના ગુજરાત મેલમાં ફર્સ્ટ ક્લાસના સ્લીપિંગ કોચમાં જતા. વહેલી સવારે દાદર ગાડી ઊભી રહે ત્યારે નિત્યક્રમ પતાવી ચા-પાણી કરી લેતા. બોમ્બે સેન્ટરે નવા કપડાં પહેરી, તૈયાર થઈને ઊતરતા અને ત્યાંથી સીધા જ ઓફિસના કામે જતા. એક હિતેચ્છુ મિત્રે પૂછ્યું, 'કાકા, મુંબઈ જાઓ ત્યારે પ્લેનમાં જતા હો તો?' વહેલી સવારે ઊઠી નિત્યક્રમ પતાવી પ્રભુસ્મરણ કરવાની તેમને ટેવ હતી. તેઓ કર્મકાંડમાં માનતા નહોતા. પણ સેવા-પૂજા-અર્ચના-આરતીના આગ્રહી હતા. સવાર-સાંજ દેરાસરમાં ભગવાનનાં દર્શન કરવા જવાનો એમનો ક્રમ હતો.

વર્ષો સુધી તેઓ મહાજનોના 'મહાજન' તરીકે ઓળખાયા. ઈ.સ. ૧૯૬૯માં ભારત સરકારે તેમને 'પદ્મભૂષણ'નો ઈલકાબ આપી સન્માનિત કર્યા.

તા. ૨૦ જાન્યુઆરી, ૧૯૮૦ના રોજ હૃદયરોગના હુમલાથી તેમનું અવસાન થયું. ■

---

## સમગ્ર કચ્છમાં બંધ બોરવેલ/કૂવા રીચાર્જનું અભિયાન

**(અનુસંધાન : પાના નં. – ૪૪ ઉપરથી ચાલુ)**

ભૂસ્તરશાસ્ત્રીની સલાહ લો. જેથી જમીનની રચના અનુસાર યોગ્ય પદ્ધતિ પસંદ થાય.

**ચેતવણીઃ** ગંદા પાણી (જેમ કે ડ્રેનેજનું પાણી) ને રીચાર્જમાં ઉપયોગ ન કરો. કારણ કે તે ભૂગર્ભજળને દૂષિત કરી શકે છે.

- **સંદર્ભ :**

ગુજરાત સરકારનો ભૂગર્ભજળ વિભાગ (૨૦૨૩)
ભારત સરકારનો જળશક્તિ મંત્રાલય (૨૦૨૨)
અંબુજા ફાઉન્ડેશન રીપોર્ટ (૨૦૨૨)

- **ગ્લોબલ કચ્છનું અભિયાન :**

કચ્છમાં બંધ બોરવેલ/કૂવા રીચાર્જનો પ્રોજેક્ટ સમગ્ર કચ્છ માટે ગ્લોબલ કચ્છ નામની સંસ્થાએ ઉપાડ્યો છે. જેમાં કચ્છના સ્થાનિક રાજકારણીઓ તેમજ ઉદ્યોગપતિઓએ સહયોગ આપવાનું વચન આપેલ છે.

જરૂરત છે જાગૃતિની અને કચ્છ માટેના પ્રેમની.

ગ્લોબલ કચ્છ દ્વારા આ વર્ષે ૬,૦૦૦ બંધ બોરવેલ/કૂવાને રીચાર્જ કરવાનો યજ્ઞ આરંભ કરેલ છે. આ યજ્ઞમાં જોડાવા દરેક કચ્છીને અપીલ છે.

- **તમારે શું કરવાનું?**

તમારે ફક્ત જાગૃત રહી તમારા ગામમાં જે પણ ગ્રામ પંચાયત કે તલાટી કે વહીવટદાર હોય તેનો સંપર્ક કરવો. (એક બંધ બોરવેલ/કૂવા રીચાર્જની કમિટી બને તો અતિ ઉત્તમ) ત્યારબાદ આપના ગામના નામ સાથે અમારી ગ્લોબલ કચ્છની ભુજની ટીમ સાથે સંપર્ક કરો.

અમારી આ ટીમ તમારા ગામે આવી એક સર્વે કરી જશે જેથી કરીને એક લીસ્ટ બનાવશે અને તે દ્વારા તે ગામમાં સમગ્ર બંધ બોરવેલ/કૂવાઓને એક સાથે રીચાર્જ કરવા માટેની તૈયારી થઈ જાય.

- **ખર્ચની વહેંચણી :**

દરેક બંધ બોરવેલ/કૂવા રીચાર્જનો ખર્ચ ભૌગોલિક પરિસ્થિતિ અને વર્તમાન જગ્યા ઉપર અલગ-અલગ આવી શકે.

આ ખર્ચમાં ગ્લોબલ કચ્છ ૮૦/૨૦ ના ખર્ચના રેશિયોમાં ભાગ લે છે. એટલે કે ૮૦ ટકા સુધીનો ખર્ચ ગ્લોબલ કચ્છ ઉપાડશે (લિમિટ રૂા. ૧૨,૦૦૦ પ્રતિ બંધ બોરવેલ/કૂવો).

આ સમગ્ર પ્રોગ્રામ ગ્લોબલ કચ્છની ટેકનિકલ ટીમ તેમજ કચ્છમાં સક્રિય રીતના કામ કરતી સંસ્થા VRTI તેમજ આ વિષયના ખૂબ જ જાણકાર એવા ACT સંસ્થાના યોગેશભાઈ જાડેજાના માર્ગદર્શનમાં થશે.

તો ચાલો, વધુ નહીં તો કંઈ નહીં, પરંતુ આપણે આપણા ગામ પૂરતું મહેનત કરી આપણા ગામના પાણીના સ્તરને ઉપર લાવીએ. આપે ફક્ત તમારા ગામ પૂરતું આંગળી ચીંધવાનું કામ કરવાનું છે, બાકીનું લગભગ બધું કામ ગ્લોબલ કચ્છ દ્વારા સુવ્યવસ્થિત રીતે થઈ જશે. ■

પાણી રીચાર્જ

ગ્લોબલ કચ્છ સંસ્થા દ્વારા

# સમગ્ર કચ્છમાં બંધ બોરવેલ/કૂવા રીચાર્જનું અભિયાન

મયૂર દેઢિયા

કચ્છમાં બંધ બોરવેલ/કૂવા રીચાર્જ, એ ભૂગર્ભજળના સ્તરને જાળવવા અને વધારવા માટે એક મહત્ત્વપૂર્ણ પગલું છે. ખાસ કરીને આ પ્રદેશની શુષ્ક આબોહવા અને મર્યાદિત વરસાદને ધ્યાનમાં રાખીને નીચે આપેલો અહેવાલ બંધ બોરવેલ/કૂવા રીચાર્જની પદ્ધતિઓ, આંકડાકીય માહિતી અને તેની અમલવારીની રીતોની ચર્ચા કરે છે.

## બંધ બોરવેલ/કૂવા રીચાર્જની પ્રક્રિયા

બંધ બોરવેલ/કૂવા રીચાર્જ એ એક એવી પ્રક્રિયા છે જેમાં વરસાદી પાણીને ફિલ્ટર કરીને ભૂગર્ભમાં પહોંચાડવામાં આવે છે, જેથી બંધ બોરવેલ/કૂવાનું જળસ્તર જળવાય અને વધે. કચ્છમાં આ માટે નીચેની પદ્ધતિઓ અસરકારક છે.

### ૧. રીચાર્જ પીટ (Recharge Pit)

**વર્ણન :** બંધ બોરવેલ/કૂવાની નજીક ૧-૨ મીટર ઊંડો અને ૧-૨ મીટર પહોળો ખાડો ખોદવામાં આવે છે, જેમાં રેતી, કાંકર અને બજરીના સ્તરો ભરવામાં આવે છે. આ ખાડો વરસાદી પાણીને ફિલ્ટર કરીને બંધ બોરવેલ/કૂવા સુધી પહોંચાડે છે.

**લાભ :** સરળ અને ઓછા ખર્ચાળ, નાના ખેતરો અને ગામડાઓ માટે યોગ્ય.

**ખર્ચ :** લગભગ રૂા. ૫,૦૦૦ – રૂા. ૧૦,૦૦૦ પ્રતિ પીટ (કદ અને સામગ્રી પર આધારિત).

### ૨. રીચાર્જ શાફ્ટ (Recharge Shaft)

**વર્ણન :** બંધ બોરવેલ/કૂવાની અંદર અથવા નજીક એક નાનો શાફ્ટ બનાવવામાં આવે છે, જે સીધો ભૂગર્ભજળના સ્તર સુધી જાય છે. આ શાફ્ટમાં ફિલ્ટર સામગ્રી ભરવામાં આવે છે.

**લાભ :** ઊંડા ભૂગર્ભજળ સ્તરો માટે અસરકારક, ખાસ કરીને કચ્છના રણ વિસ્તારોમાં.

**ખર્ચ :** રૂા. ૧૦,૦૦૦ – રૂા. ૨૦,૦૦૦ પ્રતિ શાફ્ટ.

### 3. રૂફટોપ રેઇનવોટર હાર્વેસ્ટિંગ (Rooftop Rain-water Harvesting).

**વર્ણન :** ઘરની છત પરથી વરસાદી પાણી એકત્ર કરીને પાઈપ દ્વારા ફિલ્ટર યુનિટમાં લઈ જવામાં આવે છે અને ત્યાંથી બંધ બોરવેલ/કૂવામાં દાખલ કરવામાં આવે છે.

**લાભ :** શહેરી અને ગ્રામીણ બંને વિસ્તારો માટે યોગ્ય. પાણીની ગુણવત્તા સુધારે છે.

**ખર્ચ :** રૂા. ૧૫,૦૦૦ – રૂા. ૩૦,૦૦૦ (ઘરના કદ પર આધારીત).

## આંકડાકીય માહિતી

**ભૂગર્ભ જળની સ્થિતિઃ** કચ્છમાં ભૂગર્ભજળનું સ્તર છેલ્લા દાયકામાં સરેરાશ ૩-૫ મીટર ઘટ્યું છે. ખાસ કરીને ભુજ, માંડવી અને રાપર તાલુકાઓમાં (સ્ત્રોતઃ ગુજરાત સરકારનો ભૂગર્ભજળ વિભાગ, ૨૦૨૩)

**વરસાદઃ** કચ્છમાં વાર્ષિક સરેરાશ વરસાદ ૩૦૦-૪૦૦ મિમિ છે, જે ગુજરાતના અન્ય વિસ્તારોની તુલનામાં ઓછો છે. આમ, વરસાદી પાણીનો મહત્તમ ઉપયોગ જરૂરી છે.

**રીચાર્જની અસરઃ** એક રીચાર્જ પીટ દ્વારા વાર્ષિક ૫૦,૦૦૦ – ૧,૦૦,૦૦૦ લીટર પાણી ભૂગર્ભમાં પહોંચાડી શકાય છે. જે બંધ બોરવેલ/કૂવાના જળસ્તરને ૧-૨ મીટર સુધી વધારી શકે છે. (સ્ત્રોતઃ ભારત સરકારનો જળશક્તિ મંત્રાલય, ૨૦૨૨)

## અમલવારીની રીત

**સ્થળની પસંદગીઃ** બંધ બોરવેલ/કૂવાની આસપાસનો વિસ્તાર નીચાણવાળો હોવો જોઈએ જેથી પાણી સરળતાથી એકત્ર થાય. જમીનની ભૂસ્તરીય રચના (જેમ કે રેતાળ અથવા માટીની) પણ ધ્યાનમાં લેવી. ફિલ્ટર સિસ્ટમઃ રેતી, બજરી, અને ચારકોલના સ્તરોનો ઉપયોગ કરીને પાણીને શુદ્ધ કરવું. આ ગંદકી અને રસાયણોને ભૂગર્ભમાં પહોંચતા અટકાવે છે.

**નિયમિત જાળવણીઃ** દર ચોમાસા પહેલાં રીચાર્જ પીટ અથવા શાફ્ટની સફાઈ કરવી. જેથી કચરો ન જામે.

## સફળતાના ઉદાહરણો

**અંજાર (૨૦૨૨) :** ૫૦ ખેડૂતોએ રીચાર્જ પીટ અપનાવ્યા. જેના પરિણામે ૨ વર્ષમાં ભૂગર્ભજળનું સ્તર ૧.૫ મીટર વધ્યું. (સ્ત્રોતઃ અંબુજા ફાઉન્ડેશન રીપોર્ટ, ૨૦૨૨)

**ભચાઉ (૨૦૨૩):** રૂફટોપ હાર્વેસ્ટિંગ દ્વારા ૧૦૦ ઘરોમાં બંધ બોરવેલ/કૂવા રીચાર્જ કરવામાં આવ્યા. જેનાથી વાર્ષિક ૨ મિલિયન લિટર પાણી ભૂગર્ભમાં ઉમેરાયું.

## સલાહ અને ચેતવણીઓ

**સલાહઃ** રીચાર્જ સિસ્ટમ બનાવતા પહેલાં સ્થાનિક

(અનુસંધાન : જુઓ પાના નં. – ૪૩ ઉપર)

ટ્રાવેલીંગ

# કચ્છની મુસાફરી

વસંત 'કચ્છ કેસરી'

વીસમી સદીની શરૂઆતથી મુંબઈ - કચ્છ માંડવી વચ્ચે આગબોટથી આવવા જવાની મુસાફરી કરવાની શરૂઆત થઈ. મુંબઈથી કરાંચી સુધી પેસેન્જર સર્વિસ એક ભાટિયા કુટુંબે, સિંધિયા સ્ટીમ નેવિગેશનના નામથી કંપની દ્વારા ચલાવી. મુંબઈથી સાબરમતી અને સરસ્વતી નામની બે સ્ટીમરો મારફત મુંબઈથી કચ્છ માંડવીના અંદાજે ૪૦૦ મુસાફરોને કરાંચી જતી સ્ટીમરોમાં, અઠવાડિક એક ફેરી રૂપે, માંડવી અને મુંબઈ વચ્ચે આવ-જા કરવાની સુવિધા આપવાની શરૂઆત કરી. કચ્છી લોહાણા શેઠ કાનજી જાદવજીની કું. એ ટિકિટની વ્યવસ્થા એજન્ટ તરીકે સંભાળી. માંડવી બંદર પર રેતીના લીધે કિનારો છીછરો હોવાથી અને ડ્રેજરની સગવડ ન હોવાથી, સ્ટીમર કિનારા સુધી આવી શકે તેમ ન હોવાથી બે માઈલ દરિયામાં દૂર ઊભી રાખવી પડતી! બે માઈલ સુધી મુસાફરોને સ્ટીમર સુધી ચડાવવા અને ઉતારવાની ગોઠવણ માંડવીના નાખવા કોમના સાગરખેડૂ યુવાનો સાથે યોગ્ય મહેનતાણાથી નક્કી કરવામાં આવી.

બે માઈલ દૂર ઊભી રહેતી સ્ટીમરના બોઈલરના ધુમાડા જોઈને, ૧૫ થી ૨૫ નાની નાની હોડીઓ લઈને, સ્ટીમરની દિશામાં મુસાફરોને લઈ જવા અને લઈ આવવા, શક્ય એટલી ઝડપથી સ્ટીમર પર પહોંચી જતા. સાગરના અનુભવી, યુવાન, પડછંદ, મરજાદી અને પ્રામાણિક નાખવાઓ, સ્ટીમર પર ચડવા ઉતારવા માટેની, દોરડા સાથે બાંધેલી અને હાલક ડોલક થતી નિસરણી દ્વારા પ્રવાસીઓને ખૂબ ચીવટપૂર્વક ચડાવતા અને ઉતારતા. ક્યારેક કોઈ વૃદ્ધ કે અશક્ત પ્રવાસી પાણીમાં પડી જાય તો તરત બચાવી લેતા. ક્યારેય કોઈ જાનહાનિ થઈ હોય એવો એક પણ દાખલો નોંધાયેલ નથી. હા, પવનની પ્રતિકૂળતા તથા દરિયાના મોજામાં વધારે ઉછાળાને લીધે હોડીઓ, સ્ટીમર પરથી ઉતારીને પ્રવાસીઓને લઈને આવતી વખતે માર્ગમાં ફંટાઈને, તુણા તેમજ મુંદ્રા બંદરના કિનારાઓ તરફ વળી જતી.

સામાન્ય અગવડો જરૂર હતી છતાં પણ સ્ટીમરનો પ્રવાસ એ એક સાગરની સફરની મોજ માણવાનો આનંદ જે આઠેક દાયકા વટાવી ચૂકેલા વડીલોએ માણ્યો છે તેમને પૂછશો તો ઘણી રોમાંચક વાતો આ વિશે જાણવા મળશે.

૧૯૬૫ના વર્ષે સરસ્વતી નામની સ્ટીમર મુંબઈથી કરાંચી માટે રવાના થઈ. તેમાં કચ્છ માંડવીના ૨૫૦ મુસાફર હતા. તેમને માંડવી બંદરે ઉતારી એ સ્ટીમર કરાંચી પહોંચી ત્યારે પાકિસ્તાનની સરકારે એને જપ્ત કરી લીધી. બસ, એ દિવસ બાદ મુંબઈ - માંડવીની દરિયાઈ સફર પર પૂર્ણવિરામ મૂકાઈ ગયું.

ત્યારબાદ રેલવે સફરની વિસ્તૃત સગવડ કરવામાં આવી. ટ્રેનોની સંખ્યા ઘણી વધી છતાં આજે પણ રેલવે પ્રવાસ પ્રમાણમાં ખૂબ મુશ્કેલ બનતું રહ્યું છે. તારીખ બીજી માર્ચ ૨૦૨૫ના 'ગુજરાત સમાચાર'માં ખબર છપાયેલ છે કે મુંબઈથી ગોવા માટે રો-રો બોટ સર્વિસ ચાલુ કરવા તૈયારી શરૂ થઈ ગઈ છે. જે સસ્તી અને સગવડ સાથે ઝડપી મુસાફરી હશે. સરકારના આ નિર્ણયની સરાહના કરવી જ રહી.

જો આવી સમુદ્ર પરની મુસાફરી મુંબઈથી ગોવા માટે શક્ય થઈ શકે તો એવી જ રો-રો બોટ સર્વિસ મુંબઈથી કચ્છના કંડલા - તુણા કે મુંદ્રા બંદરો માટે પણ ચોક્કસ કરી શકાય. આવી વ્યવસ્થા થાય તો હાલની રેલવે સફરની હાલાકીમાં ખૂબ મોટી રાહત મળે.

આપણા કચ્છના દરેક નાતના સમાજના મોભીઓ, શ્રેષ્ઠીઓ અને દાતાઓ સંયુક્ત સભા બોલાવી, કચ્છ માટે આવી બોટ સર્વિસ ચાલુ કરવા સરકારી મેરીટાઈમ બોર્ડ સાથે વાટાઘાટ કરી યોગ્ય કરવા, આ દિશામાં પગલા લેવા દબાણ લાવવું જોઈએ.

સાથે સાથે આપણી સામાજિક સંસ્થાઓ જેવી કે કચ્છ યુવક સંઘ, કચ્છ જાગૃતિ અભિયાન અને કચ્છ પ્રવાસી સંઘ – સૌ સાથે મળી આ વિષયમાં ચર્ચા વિચારણા કરી, કચ્છની પ્રજા માટે અતિ ઉપયોગી, સાગરી યાતાયાતના પ્રબંધ અંગે ત્વરિત નિર્ણય લે એવી અપેક્ષા અસ્થાને નહીં ગણાય.

જૈન યુથ ફોરમ જેવી એક સંસ્થા કચ્છીઓને કચ્છમાં વસાવવા માટે અથાગ પ્રયાસો કરે છે એ સંસ્થાને પણ આવી યાતાયાતની વ્યવસ્થાના નિર્માણથી અનેરું બળ મળશે.

આશા રાખીએ કે દરેક કચ્છી માડુને નજીકના ભવિષ્યમાં, મુંબઈથી વતન જવા આવવા માટે સામુદ્રિક પ્રવાસ ઉપલબ્ધ થશે જ.

*દેવપુર, મુલુંડ - મુંબઈ*

*હે ઈશ્વર, એટલું આપજે કે શોધવું પણ ના પડે અને સંતાડવું પણ ના પડે.*

૧૯૭૧નું યુદ્ધ

# ૧૯૭૧ના યુદ્ધ વખતે દેવ ગઢવીનું કાર્ટુન વખણાયું હતું

જગદીશચંદ્ર છાયા

તા. ૭મી મે ના દેશભરમાં હવાઈ હુમલાની ચેતવણીનાં સાયરન ગુંજી ઉઠ્યા, ત્યારે જ નાપાક કૃત્યને સબક શીખવવા માટે કોઈ ‘લોખંડી કાર્યવાહી’નો અણસાર મળ્યો હતો. તા.૮મીથી યુદ્ધ થયું ને ૧૦મીએ ‘યુદ્ધ વિરામ!’ પણ એનો આનંદ માંડ ત્રણેક કલાક ટક્યો. નાપાક સખણું રહે? ફરી એ જ માહોલ... ઘટના તાજી છે.

મને ૧૯૭૧નાં યુદ્ધ વખતની યાદો તાજી થઈ.

એ વખતે અંધારપટનું ફરજિયાત પાલન કરવું પડતું. અર્થાત્ રાત્રે ઘરમાં લાઈટ બંધ રાખવી પડતી. ઘરમાં ફાનસનો પ્રકાશ પણ રોકવો પડતો. એ માટે ફાનસના ‘ફોટા’ પર કાગળિયા આડા રાખવામાં આવતા. ઘરની બારીઓ પડદાથી ઢાંકી દેતા જેથી જરા સરખો પ્રકાશ પણ બહાર ન જાય. જો કે મોટા ભાગે ઘરો નળિયાવાળા હતા. તેથી વિશેષ કાળજી લેવી પડતી.

વિશેષમાં રોડ લાઈટો તો બંધ જ હોય. એનું કારણ એ હતું કે સાવ અંધારું હોય તો દુશ્મન વિમાન શહેરને જોઈ ન શકે અને બોમ્બમારો ન કરે. અંધારપટ સાંજ પછી કોઈના ઘરમાંથી અજવાળાએ ડોકાવું ન જોઈએ. સતર્ક પોલીસો ગલીએ ગલીએ પહેરો ભરતા હતા. દેશના જવાન દેશની રક્ષા કરતા હતા.

સાંજ પડે ને રસ્તા સૂના થઈ જતા. બધા ઘરમાં ભરાઈ જાય. પુરુષો પણ કામધંધેથી વહેલા આવી જતા.

એ યુદ્ધમાં કચ્છે બોમ્બમારા અને અંધારપટનો ભયાનક અનુભવ કર્યો હતો. ભુજના વિમાન મથકની હવાઈ પટ્ટીને નુકસાન થયું હતું. તે ત્રણ દિવસમાં રીપેર કરી માધાપરની વીરાંગનાઓએ બહાદુરીથી એનું સમારકામ કરી, અદમ્ય સાહસ અને દેશદાઝનો પરિચય કરાવ્યો હતો.

તા. ૧૦મી ડિસેમ્બરે ભુજમાં અફવાની બજાર ગરમ થઈ હતી. ત્યારે કેટલાક નગરજનો ભુજ બહાર પ્રયાણ કરવા લાગ્યા હતા. ટેક્ષીવાળાને તડાકો થયો હતો. પણ અમે તો ‘અઠ્ઠે દ્વારકા!’ ભુજ છોડ્યું ન હતું અને કશું થયું પણ ન હતું.

‘પાકિસ્તાન પાસે અમેરિકન ટેકનોલોજીવાળાં યુદ્ધ વિમાનો હોવા છતાં ટાર્ગેટ ચૂકી જતાં અને અન્ય નિર્જન સ્થળે બોમ્બ ફેંકીને ભાગી જતા. તેથી આપણને ઓછું નુકસાન થયું હતું.’ એ સાચું પણ એ ઘરના પાછળની બીજી વિગત જે મને જાણવા મળી છે – એ મુજબ પાકિસ્તાની જનતાના ભારતની જનતા સાથે ‘લોહીના સંબંધો’ છે. જાણે ‘એક મગની બે ફાડ.’ જનતાને એ વખતે યુદ્ધ પસંદ નહોતું, આજેય પસંદ નથી. જનતા આ સંબંધો સાચવીને કોઈનું અહિત થાય એમ ઇચ્છતી નથી. મૂળ એ વિચારે આપણને બહુ નુકસાન થતું અટકાવ્યાની માન્યતા છે. એ માન્યતા માનીએ કે ન માનીએ એ વ્યક્તિગત મુદ્દો છે.

૩ ડિસેમ્બરે પાકિસ્તાને ૧૧ ભારતીય એરફિલ્ડ પર હુમલો કરતાં વળતા જવાબરૂપે ભારતે પાકિસ્તાનના પૂર્વ તેમજ પશ્ચિમ વિસ્તારમાં હુમલો કર્યો હતો. ત્યારબાદ ભારત સરકારે ‘પૂર્વ પાકિસ્તાન’ના લોકોને બચાવવા માટે ભારતીય સેનાને પાકિસ્તાન સામે યુદ્ધ કરવાનો આદેશ આપ્યો. ભારત તરફથી આ યુદ્ધની આગેવાની ફિલ્ડ માર્શલ માણેકશા કરી રહ્યા હતા. એ માનવું અઘરું પડશે પણ હકીકત છે કે બાંગ્લાદેશમાં પ્રવેશતા ભારતીય સૈનિકોનું સ્થાનિક જનતા ઉમળકાભેર સ્વાગત કરતી! ભારતીય સૈનિકોએ પૂરી બહાદુરીપૂર્વક લડીને પાકિસ્તાની સેનાને હરાવી દીધી હતી. આ યુદ્ધ માત્ર ૧૩ દિવસ ચાલ્યું હતું. આ પછી ૧૬મી ડિસેમ્બર ૧૯૭૧નાં પાકિસ્તાની સેનાના વડા જનરલ એ.એ. ખાન નિયાઝીએ લગભગ ૯૩૦૦૦ સૈનિકો સાથે ભારત સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું. આ ઐતિહાસિક ઘટના છે. એ ભવ્ય જીતની યાદમાં દર વર્ષે ૧૬ ડિસેમ્બરને ‘વિજય દિવસ’ તરીકે ઉજવવામાં આવે છે. સાથે સમગ્ર દેશ આ યુદ્ધમાં શહીદ થયેલા વીર સૈનિકોને શ્રદ્ધાંજલિ આપે છે.

સરકારી પ્રકાશન ‘ગુજરાત’માં યુદ્ધના સમયે રાખવાની સાવચેતી અંગે ફોટા સહિત માર્ગદર્શન આપવામાં આવતું. હવે એનું પુનરાવર્તન થશે.

યુદ્ધમાં ઝળહળતો વિજય મળતા ‘કચ્છ મિત્ર’એ ખાસ વધારો પ્રગટ કર્યો હતો.

શિણાયથી અભ્યાસુ લેખક મોહનભાઈ સંઘવી ખૂબ જ રસપ્રદ પૂરક માહિતી આપી છે. તેઓ લખે છે : ‘૧૯૭૧ના યુદ્ધમાં અમેરિકાએ પાકિસ્તાનની મદદે ૭મો નૌકા કાફલો મૂકતાં, રશિયાએ એનો સામનો કરવા ભારતની મદદ હેતુ બંગાળના ઉપસાગરમાં મોટો નૌકા કાફલો મોકલ્યો હતો. રીચાર્ડ નિકસન અને હેન્રી કિસિન્જર અનુક્રમે રાષ્ટ્રપતિ અને વિદેશમંત્રી હતા. ચીન પણ પાકિસ્તાનની પડખે હતું. જેના રાષ્ટ્રપતિ ચાઉ-એન-લાઈ હતા.

યુદ્ધ પૂરું થયા પછી દેવ ગઢવીનું એક સુંદર કાર્ટુન

(અનુસંધાન : જુઓ પાના નં. – ૫૫ ઉપર)

સાઈબર ક્રાઈમ

# જાણકાર બનીએ... સતર્ક રહીએ...

ડૉ. નાનક ભટ્ટ

જેમ જેમ કોમ્પ્યુટર પ્રકારના ડિજીટલ ઉપકરણોનો વપરાશ વધતો જાય છે તેમ-તેમ તેને લગતા ગુનાઓની સંખ્યા પણ વધી રહી છે. જો કે ખૂન, લુંટ ચોરી પ્રકારના ગુનાઓ કરતા સાઈબર ક્રાઈમની કાર્ય પદ્ધતિ (મોડસ ઑપરેન્ડી) સાવ જુદા પ્રકારની છે. આથી જ તો વર્ષ ૨૦૨૪માં એકલા ભારતમાં ૨૩ લાખથી વધુ ઓનલાઈન ફ્રોડ નોંધાયા છે. ૮૫%થી વધુ આર્થિક કારણો સાથે સંકળાયેલ ગુનાઓ વર્ચ્યુઅલ સિસ્ટમથી થતા હોઈ, પોલીસ વિભાગ પણ મહદ્ અંશે સહાનુભૂતિ અને ગુમાવેલ રકમ પરત આવશે તેવા આશ્વાસન આપવા સિવાય વધુ કંઈ મદદ કરી શકતી નથી.

કોઈ અજ્ઞાત નામ અને સ્થળથી એક સીમકાર્ડ અને મોબાઈલ પ્રકારના સાધનથી ભલા-ભોળા માણસની નબળાઈને હેક કરીને તેના બેંક એકાઉન્ટમાં ઘુસીને પૈસાની ઉઠાંતરી કરનાર દેખીતા ચાલક, પણ માણસાઈથી પરવારી ગયેલા યુવકોની આજે ભરમાર વિકસી છે ત્યારે ઈન્ટરનેટ વાપરતા પ્રત્યેક વ્યક્તિએ જ હવે આર્થિક સાક્ષરતા અપનાવવી જરૂરી બને છે.

૫૦ના દાયકામાં અમેરીકામાં જાણીતી બનેલ માફિયા વૉર દરમિયાન હથિયારના જોરે ગુંડાઓ ઉદ્યોગ ધંધાના માલિકોના કાયદેસરના નાણા અસામાજિક કાર્યો માટે ઉઠાવતા. આવા જ હેતુ માટેની પ્રવૃત્તિ આજે સાઈબર ક્રાઈમ તરીકે વિકસી છે. પ્રથમ નાગરિકોને ઈ-મેઈલ કે ટેક્સ્ટ મેસેજથી મોટા ઈનામોની લાલચ આપી, જાણીતી કંપનીઓના સ્કેન કરેલા લોગો વાપરી લાલચમાં ફસાવી દેવામાં આવે છે. યુવા વર્ગને સાઈબર પોર્નોગ્રાફિથી ફસાવવામાં આવે છે. તો એન્જિનિયરીંગ, ડૉક્ટરી, ચાર્ટર્ડ એકાઉન્ટ અને સિવિલ વર્કનાં શિક્ષણ તેમજ ડિઝાઈનના અભ્યાસો સાથે સંકળાયેલ વિદ્યાર્થીઓને સોફ્ટવેર પાયરસીની જાળમાં ફસાવી દેવામાં આવે છે.

આધારકાર્ડ, પાનકાર્ડ, ડ્રાઈવિંગ લાઈસન્સ કે પછી ચૂંટણીકાર્ડ જેવી વ્યક્તિની અંગત માહિતી બેંક, પોસ્ટ અને સરકારી વિભાગોના લાલચુ કર્મચારીઓ થોડા લાભ માટે વેચી નાખે છે. તેથી સાઈબર ગુનેગારો તમારા નામ-ગામ-ઉંમર, જાતિ અને કુટુંબીજનોની ઓળખ જેવા આત્મિક સંબંધો આગળ ધરી વ્યક્તિગત હિતનો રંગ પાથરવામાં સફળ રહે છે. અનેક કિસ્સાઓમાં મોબાઈલ પર લાંબી-લાંબી વાતો અને ઓનલાઈન ચેટીંગ કરનારના પીસમાં હેકર્સ દ્વારા આસાનીથી પ્રોગ્રામ ઈન્સ્ટોલ કરી નાખવામાં આવે છે. આથી વાયરસ પછીથી કોમ્પ્યુટરના બેકગ્રાઉન્ડમાં કાર્યરત રહે છે. ઓફિસનાં ટેબલ પર પડી રહેલ લેપટોપ, ફોનનાં ઉપયોગથી સાઈબર ટેરરીઝમ અને વેબસાઈટ હેક થવાની ફરિયાદો વધી રહી છે.

વર્ષ ૨૦૧૧ સુધી વ્યક્તિલક્ષી સાઈબર ક્રાઈમ હવે સલામી ઍટેકના નામથી સામૂહિક રીતે સિસ્ટમ ઉપર વાર કરી રહ્યો છે. ઉદાહરણ રૂપે બેંકમાં ૮% વ્યાજ તરીકે રૂા. ૧૦૦.૨૬ પૈસા જમા થવાની જગ્યાએ ૨૬ પૈસા ઓછા જમા થશે. રોકાણકાર આવી ભૂલ સહજ રીતે નજર અંદાજ કરી દે છે. પણ ભારતની રાષ્ટ્રીયકૃત બેંકોમાં એક જ દિવસમાં કરોડો ખાતા ધારકોના સંદર્ભમાં આ રકમ અબજોમાં જતી રહે છે. સાઈબર બુલીંગ દ્વારા શાળામાં કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓમાં હતાશા તેમ વિશિંગ પ્રકારનાં વાયરસથી ઓનલાઈન ખરીદીનો આધાર લેનાર કરોડો સ્ત્રીઓમાં કોઈ એક પ્રોડક્ટ કે કંપની માટે નબળો અભિપ્રાય તૈયાર કરી તેની વેચાણ બજારને ઠેકાણે કરવાનું કાર્ય પણ સાયબર ક્રિમિનલ્સ કરી રહ્યાં છે.

બિહારનાં એક નાનકડાં 'જામતારા' ગામ નામથીજ કાસ્ટ થએલ વેબ સીરીઝમાં પોતીકી ભાષા, કામુક અને લાલચની ભાષામાં ફસાવવામાં આવતા વૃદ્ધો, નેતાઓ, યુવકો, ગૃહિણીઓના કિસ્સાઓ અનેક દર્શાવાયા છે. પરંતુ જમીની દૂરદશા એ રહે છે કે આધારકાર્ડની ફોટો કોપી આપનારથી લઈ જથ્થાબંધ સીમકાર્ડ વેચનારની સાથોસાથ બેંક, પોલીસ અને ચૂંટાયેલા નેતાઓની છત્રછાયામાં યુવકો માઈલો દૂરથી સાઈબર ક્રાઈમ સફળ રીતે યોજી રહ્યાં છે. વૈશ્વિક સ્તરે વિસ્તરેલા સાયબર ક્રાઈમને નાથવો અનિવાર્ય છે. પરંતુ કાયદો અને વ્યવસ્થાના રાજ્ય સ્તરીય નિયમો આખા દેશમાં અમલી કરવાનું મુશ્કેલ છે. તેમ રાષ્ટ્રીય નિયમો આંતરરાષ્ટ્રીય સરહદો તોડવા ટૂંકા પડે છે.

વાસ્તવિક્તા વચ્ચે હવે મોબાઈલ, કોમ્પ્યુટર પ્રકારની વર્ચ્યુઅલ સેવા વાપરનારે જ જાતે કાળજી લેવી પડશે જેવી કે અલગ અલગ મેઈલ કે ઓનલાઈન શોપિંગ એકાઉન્ટ માટે અલગ અલગ પાસવર્ડનો ઉપયોગ કરો, પાસવર્ડમાં આંકડા, એ ટુ ઝેડ (આલ્ફાબેટ) અને સ્પેશિયલ કેરેક્ટર જેવા કે, <>!@#$%^&*() નો તથા અપર કેસ-લોઅર કેસનો એક સાથે અચૂક ઉપયોગ કરવો. તમારી જન્મ તારીખ, જન્મસ્થળ, વાહન નંબર, મોબાઈલ નંબર જેવી સાર્વજનિક બાબતોનો

પાસવર્ડ તરીકે ક્યારેય ઉપયોગ કરવો નહીં. કોમ્પ્યુટરમાં હંમેશા લાઈસન્સ એન્ટી વાઈરસ સોફટવેર સાથે એન્ટી સ્પાયવેર સોફ્ટવેર પણ ઈન્સ્ટોલ કરવો. અને તેને નિયમિત કંપનીની ઓફિશિયલ વેબસાઈટ અથવા સોફટવેરમાં આપેલી લીન્ક પરથી અપડેટ જ કરવો. ઓનલાઈન બેન્કિંગ અથવા ઓનલાઈન શોપિંગ હંમેશાં તમારા વિશ્વસનીય PC પરથી જ કરવું. ક્યારેય પણ પબ્લિક PC/સાયબર કાફે/અજાણ્યા PCથી કરવું નહીં. સોશિયલ નેટવર્કિંગ વેબસાઈટ્સ પર ક્યારેય સાચી વિગતો કે અસલ ફોટાઓ મૂકવા નહીં. એક વાત ખાસ યાદ રાખો કે, વિશ્વની કોઈપણ બેન્ક ક્યારેય પોતાના ખાતેદારોને ઈ-મેઈલ પર પાસવર્ડ કે એકાઉન્ટની સિક્યુરીટી અપડેટ કરવા જણાવતી નથી. જેથી ક્યારેય પણ મેઈલમાં આવેલી અજાણી લીન્ક પર ક્લિક કરવું નહીં. વિશ્વમાં ક્યારેય પણ કોઈ મફત આપતું તથી માટે લકી ડ્રો કે અઢળક ઈનામના લલચામણા મેઈલ કે ટેક્સ્ટ મેસેજનો રીપ્લાય આપવો નહીં. કોઈ વિશ્વસનીય વેબસાઈટ પરથી જ ઓનલાઈન શોપિંગ કરવાનો આગ્રહ રાખવો. તમારી બેન્ક કઈ ગાઈડલાઈન અપનાવી રહેલ છે તેની રૂબરૂમાં મુલાકાત લઈ વિગત મેળવો. એ.ટી.એમ. મશીન પર પીન નંબર દાખલ કરતી વખતે તમારા એક હાથનું ક્વર બનાવી જે હાથે પીન નંબર દાખલ કરતા હો તેને ઢાંકી રાખો.

આજકાલ યુવાન સ્ત્રીઓને પણ સ્ટોકિંગ ત્રાસ આપવામાં આવે છે. ધર્મ વિરુદ્ધની પરિસ્થિતિમાં ફસાવી દેવામાં આવે છે. આવા બ્લેક મેઈલથી બચવા જે નંબરો પરથી કોલ્સ કે મેસેજ આવતા હોય તે નોંધી રાખો. તેવા નંબરોને બ્લોક કરી નાખો. તમારો ગુસ્સો કે તમારો કોઈ પણ પ્રકારનો પ્રતિભાવ સ્ટોકરની હિંમત વધારશે. માટે તેના ઈ-મેઈલ, ટેક્સ્ટ મેસેજ કે અન્ય સંદેશાઓનો જવાબ ન આપો. હંમેશાં ભીડભાડવાળા વિસ્તારમાંથી આવવા જવાનું પસંદ કરો. શંકા પડે તમારા વડીલો કે ભરોસાના મિત્રને જાણ કરો. સ્થિતિ વણસતી જણાય તો તુરત જ પોલીસને જાણ કરો. તમારો ફોન નંબર બદલી જૂનો નંબર ચાલુ રાખો અને તેમાં સ્ટોકર તરફથી આવતા મેસેજીસ સેવ રાખો જેથી પોલીસને તપાસમાં મદદરૂપ થાય. તમારા સોશિયલ નેટવર્કિંગ એકાઉન્ટનું ફ્રેન્ડલીસ્ટ ચકાસી, તેમાં ભળતા નામવાળા મિત્રોની યાદી બનાવો અને તે પૈકીના સાચા અને ભરોસાના મિત્રથી ખાતરી કરો કે, તેના જ નામવાળી પ્રોફાઈલ તેની જ છે કે અન્ય અજાણ્યા વ્યક્તિની?

ભારત સરકારનું ગૃહ મંત્રાલય મોબાઈલ ધારકોને સતત ચેતવી રહી છે. રીઝર્વ બેન્ક પણ અમિતાભ બચ્ચન જેવી ખ્યાતનામ વ્યકિતને આગળ રાખી કહે છે "જાણકાર બનો સર્તક રહો." આમ છતાં ન કરે નારાયણ અને સાઈબર ક્રાઈમમાં ફસાઈ જઈએ તો ખ્યાલ રહે, જો આપને કોઈ ફિશીંગ મેઈલ આવેલ હોય અને તે સ્કેમનો ભોગ બની ગયા હો તો તેવા મેઈલ ક્યારેય પણ ડિલીટ ન કરશો કે કોઈને ફોરવર્ડ ન કરશો. આ મેઈલ પોલીસને તપાસ માટે મદદરૂપ થશે. તમારી પાસે ફોન કોલ્સ દ્વારા ઓટીપી માંગવામાં આવે તો આપવા નહીં અને તેવા ફોન નંબરો તથા બેન્ક એકાઉન્ટ નંબરો નોંધી રાખવા.

તમારી પોતાની સોશિયલ નેટવર્કિંગ વેબસાઈટો પરની પ્રોફાઈલમાં તમોએ આપેલી વિગતો નોંધી રાખવી જેથી બનાવટી પ્રોફાઈલ અને સાચી પ્રોફાઈલ વચ્ચે અંતર કરી શકાય. જે મેઈલ આઈડી પરથી લક્કી ડ્રો કે ઈનામો અને રૂપિયા જમા કરાવવા અંગેના મેઈલ આવતા હોય તેવા મેઈલ આઈ.ડી. અને બેન્ક એકાઉન્ટની વિગતો નોંધી રાખવી. સોશિયલ નેટવર્કિંગ વેબસાઈટસ અંગેની ફરિયાદો માટે નજીકનાં સાઈબર પોલીસ સ્ટેશનમાં સત્વરે ફરિયાદ કરવી હિતાવહ છે. ■

## હાઈકુ

ગગન ગાજે,
મેઘ કેરું તાંડવ,
મયૂર નાચે!

ઉદય થયો,
સૂર્ય કેરો; પાંદડે
ઝાકળ બિંદુ!

વર્ષા આવે રે,
ધરતી લીલીછમ,
માનવ રાજી!

જોગ - સંજોગ
ઈશ્વર આધારિત,
કર્મ કરીએ!

આ દુનિયા છે
કેવી અવનવી, પછી
અબોલા કેવા?

તલપ હોય
વાંચનની, તો કેવી
મજા અનોખી!

શિક્ષક કરે
ઘડતરનું કામ,
વિદ્યાર્થી માટે!

આ શહીદોના
બલિદાનનું, ગર્વ
દેશવાસીઓને!

*હસમુખ રામદેપુત્રા - રાજકોટ*
**મો. ૯૮૭૯૪ ૮૫૬૬૭**

સંવેદનાના ફૂલ

'સેવા પરમો ધર્મ' ભલે કહેવાતું હોય પરંતુ...

# ગણતરીપૂર્વકની જ સેવા કરતી ઘણી વ્યક્તિ અને સંસ્થા

મનીષ જોશી 'મૌન'

## જે કાર્યમાં કોઈ નોંધ ન લેવાય તેવી સેવા ઘણા ટાળતા હોય છે

'અપને લીયે જીયે તો કયા જીયે... તું જી જમાને કે લીયે...' એ ગીતમાં સેવાનું મહાત્મ્ય સમજાવાયું છે. દરેક શહેરમાં સેવાભાવી લોકો વસતા હોય છે. પરંતુ કેટલાક સેવા કરનાર વ્યક્તિ અને સંસ્થા ગણતરીપૂર્વક સેવા કરતી હોય તેવું પણ સ્પષ્ટ જોવા મળતું હોય છે. છતાં એક વાતનો આનંદ છે કે તેઓ ગમે તે કારણે સેવા તો કરે જ છે.

આજે કારેલા જેવી આ વાત લખું છું. મારા ઘર નજીક આવેલા બાગમાં મહાનગરપાલિકા દ્વારા બેન્ચીસ મૂકવામાં આવ્યા છે. બાગમાં બાળકોના રમવા માટેના રમતગમતના સાધનો પણ છે. બાળકો રમવા આવે ત્યારે બા દાદા કે તેના પરિવારજનો બાળકોની સાથે આવતા હોય છે. બાગના બેન્ચીસ રમતગમતના સાધનોથી દૂર છે. એટલે વડીલોએ ફરજિયાત ઊભું રહેવું પડતું હોય છે. તેથી થાકી જતા હોય છે. વિસ્તારમાં ઘણી બધી સેવા કરતી સંસ્થાના સંચાલકને અને નજીકમાં રહેતા રાજકીય પક્ષના એક બે અગ્રણીને આ વાત ધ્યાન પર લાવીને કહ્યું હતું કે 'જો ૮ થી ૧૦ યુવકો ભેગા થઈ બે બેન્ચીસ રમત ગમતના સાધનો પાસે મૂકી આપે તો વડીલોને સુગમતા રહે.' પણ આ વાત તેમના ગળે એટલે ના ઉતરી કારણ આ સેવાની નોંધ ના લેવાય ને? એવું મારું માનવું છે. તેથી જ બે વર્ષથી આ વાત લટકે છે. અને વડીલો હેરાન થાય છે.

અગાઉ આ કોલમમાં તરસાલીના પટેલ કાકાની વાત લખી હતી જેવો પોતાની જાતે રસ્તામાં પડેલા ખાડા પૂરી દેતા હોય છે. આવી સેવા કરનારા કેટલા? સયાજી હોસ્પિટલમાં એવા વડીલ ઊભા રહેતા હોય છે જે નિરીક્ષણ કરે.... કે કયા દર્દીના સગા પાસે દવા લેવાના પૈસા નથી. એ પછી તે દર્દીના સગાનો સંપર્ક કરે અને દવા અપાવી દે. અને ધ્યાન રાખે કે ક્યાંય તેમનું નામ ન આવે. આ પણ એક સુંદર સેવા ગણાય.

એક સેવાભાવી સંસ્થા ચલાવતા બેનને ઍવોર્ડ મળ્યો. તેમણે એ ફોટો અને મેટર મને મોકલી. ત્યારે તેમની પાસે ઍવોર્ડ આપનાર સંસ્થાનો ફોન નંબર માગ્યો. કારણ ઍવોર્ડ અન્ય વ્યક્તિઓને પણ આપવામાં આવ્યો હતો. તેની વિગત હોય તો તમામ ઍવોર્ડ લેનારને પ્રોત્સાહન મળે તે હેતુ હતો. પરંતુ માત્ર પોતાનું નામ આવે તે હેતુ હોઈ સંસ્થાનો ફોન નંબર ના આપ્યો અને અન્ય અખબારોમાં છપાયેલા કટીંગ મોકલી મારો અહેવાલ ક્યારે આવશે તેવો મેસેજ કર્યા કરે...!

હવે આને કેવી સેવા ગણવી એ આપે નક્કી કરવું.

શિયાળામાં ધાબળાનું વિતરણ થતું હોવાનું જાણીએ પરંતુ ઉનાળામાં પંખા અને ચોમાસામાં છત્રી અપાતી હોય તેવું ઓછું જાણવા મળે છે. જેને ઠંડી લાગે છે તેને ગરમી અને ચોમાસુ પણ સહન કરવું પડતું હોય છે. બરોબર ને?

આ વાત કોઈ વ્યક્તિની લાગણીને ઠેસ પહોંચાડવા કે તેની સેવાની પ્રવૃત્તિને વખોડવા માટે નથી લખાઈ. પરંતુ દસ સેવાની નોંધ લેવાતી હોય ત્યારે એક એવી સેવા કોઈ માંગે કે જેમાં નોંધ ન લેવાય (ખરેખર તો એક અદશ્ય શક્તિ બધી જ નોંધ લે છે એવી મારી દ્રઢ માન્યતા છે) તો તે સેવા માટે શ્રમદાન કે જે શક્ય હોય તે દાન આપવામાં ક્યારેય અચકાવું કે ખચકાવવું ન જોઈએ તે કહેવાનો આશય છે. દરેક શહેરમાં આવા સેવાભાવીઓ હશે જ. દરેક સેવાર્થીને લાખ લાખ સલામ.

- **સંવેદના :**

*માણસ સાચો એ જ છે જે નાના માણસોની કદર કરે,*
*કેમ કે દિલ તો બધા પાસે હોય પણ દિલદાર બધા નથી હોતા!!*

*'મેઘવર્ષા', ૧૪, સપ્તગિરિ સોસાયટી વિભાગ-૩,*
*સાંઇ મંદિર અને બગીચાની પાછળ,*
*વિશ્વામિત્રી ક્રોસિંગ, માંજલપુર, વડોદરા-૩૯૦ ૦૦૧.*
*મો. ૯૯૨૫૬ ૨૮૪૯૮*
*ઈ-મેઈલ : maunjoshi@gmail.com, maun_66@yahoo.co.in*

## રાખું છું

આંખોમાં ઈમાનદારી રાખું છું,
ને દિલમાં વફાદારી રાખું છું.

રૂપ સૌંદર્ય સ્ત્રીના આભૂષણ,
સદાચારમાં ખુમારી રાખું છું.

ઠોકર હચમચાવી પૂછે સવાલ,
જવાબમાં જવાબદારી રાખું છું.

જાણું છું સત્યની કપાશે પાંખો,
મૌન પાળવા સમજદારી રાખું છું.

'કેતુ' લાગણી સ્નેહનો ગમે દરિયો,
સ્વમાની ખુશબુમાં ખુદ્દારી રાખું છું.

*કેતના છેડા 'કેતુ'*

પુસ્તક સમીક્ષા

## ઐતિહાસિક પૃષ્ઠભૂમિ પર આધુનિક ખતરાની દિલધડક કહાણી "લવ યુ કચ્છ"

ડૉ. પૂર્વી ગોસ્વામી

'કચ્છ ફાઇલ' અને 'લાઈફ IM પૉસિબલ' પછી ફરી એકવાર કચ્છને કેન્દ્રમાં રાખી લેખક પ્રફુલ શાહ દ્વારા સર્જાયેલ તૃતીય નવલકૃતિ 'લવ યુ કચ્છ' એક અસાધારણ થ્રીલર છે, જેમાં કચ્છ માટેના અનહદ પ્રેમ અને બેહિસાબ નફરત આમને-સામને છે. અહીં કથાનક કચ્છની ધરતીથી શરૂ થાય છે અને આંતરરાષ્ટ્રીય કક્ષાના રાજકીય રમકડાં સુધી પહોંચે છે.

નવલકથામાં કચ્છ માત્ર ભૂમિ નથી, પણ એક જીવંત પાત્ર છે. 'પોલીસતંત્રમાં હળવી કાનાફુસી ચાલતી હતી કે આ ઈન્ટરનેશનલ ઈન્વેસ્ટર્સ સમિટમાં જરાય ઊંધુંચત્તું થયું તો ઘણાનું આવી બનશે. આ દેશની અને વડાપ્રધાનની ઇજ્જતનો સવાલ છે. જો કંઈ અજુગતું થયું તો આખી સરકાર, પોલીસતંત્ર અને અમલદાર શાહીમાં તળિયાઝાટક ફેરફાર નિશ્ચિત થશે, પણ... પણ ધોળાવીરામાં થવાનું છે શું? આ બધા પાછળ છે કોણ? એની કોઈને લેશમાત્ર જાણકારી નહોતી.' ધોળાવીરામાં ઈન્ટરનેશનલ ઈન્વેસ્ટર્સ સમિટ પર તોળાઈ રહેલું જોખમ, વડાપ્રધાન સહિતના વિશ્વભરના રાજકીય અને આર્થિક ધૂરંધરોની અચાનક ઊભી થયેલી અસલામતીમાં કચ્છને ટાર્ગેટ કરાયું છે શા માટે? પ્રફુલ શાહની લેખણી એવી છે કે વાચક જાણે કચ્છના રણમાં ખુદ ઊતરી જાય છે. નાના ગામડાંમાંથી ઉઠતી અંદરની કૌટિલ્ય જેવી રણનીતિઓ અને ષડયંત્રો અને એના સામેથી ઉભી થતી દેશભક્તિની દીવાલ – આ બધું આખરે માનવતાના વિજયમાં પીગળી જાય છે.

'આ દેશને ને કચ્છને બરાબર પાઠ ભણાવવો છે. આપણા સૌના જીવનની બરબાદીનું વળતર વસૂલ કરવું છે. ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે... ત્યાં સુધી જીવતેજીવ કે મર્યા બાદ પણ મારા મનને શાંતિ નહીં મળે.' આ સાંભળીને ચાર જણા ઊભા થઈ ગયા, 'પણ આપ શું વિચારો છો?' 'વિચારવાનો સમય ક્યારનો ય ગયો. હવે તો એ વિચારને, એ પ્લાનને અમલમાં મૂકવાનો છે.' મિર્ઝા ખડખડાટ હસવા માંડ્યો. 'ના, કચ્છને ઈનામ મળશે, જરૂર મળશે, કારણ કે લવ યુ કચ્છ.' આવા વાક્યો વાંચીને વાચક જો કચ્છનો હોય તો જરા વાર માટે ગભરાઇ જાય કે ક્યાંક હમણાં જ કોઈ અઘટિત ઘટના ન બની જાય! પાત્રો ભલે કલ્પિત હોય, પણ તેમની ચરિત્ર રચના જીવંત અને અસરકારક છે. મિર્ઝા, લવજી શર્મા, પ્રતાપ જેવા પાત્રો ગુજરાતી સાહિત્યમાં સંવાદો દ્વારા અસર છોડી જાય છે. કૃતિનો ક્લાઈમેક્સ તો ખાસ ઉલ્લેખપાત્ર છે. નવોદિત લેખિકા અને રહસ્યમય ડ્રાઈવર કથામાં સતત પડઘાતા રહસ્ય, રોમાંચ અને રોમાન્સ થકી વચ્ચે એક નવી જ ઊંચાઈ અને પરિમાણ આપે છે.

પ્રતાપ પગીએ ગંભીર અવાજમાં જવાબ આપ્યો, 'જુઓ કચ્છમાં અંધાધૂંધીનો માહોલ ફેલાવવો હોય ત્યારે આ ગામ સંતાવા માટે ખૂબ સારું અને સલામત ગણાય. આમ છે રાજકોટના મોરબીમાં પણ એ સુરેન્દ્રનગરની પાસેના નાના રણના ટીકર તરફનું ગામ ગણાય. અહીં રણનોય લાભ મળે અને સૌથી મહત્ત્વનો મુદ્દો એ છે કે અહીં સંતાવાથી કચ્છના પોલીસ અને સિક્યોરિટી એજન્સીની નજરથી દૂર રહેવાય અને પોતાના ટાર્ગેટથી નજીક પણ રહી શકાય.' આ આફતમાં એકાકી દુનિયામાં સરહદી જિલ્લાની સલામતીમાં ખૂબ મહત્ત્વનું સ્થાન ધરાવતા રણના પગીઓની ભૂમિકાનું મહત્ત્વ આજની પેઢીઓને નલવકથા પરિચય કરાવે છે.

સમ ખાવા પૂરતી એકેય કડી કે માહિતી વગર સમય સાથેની દોડ જીતવી કેવી રીતે? એ સવાલ પર અટકી જવાને બદલે બધા એકજુટ થઈને વિનાશક આફતમાંથી કચ્છને બહાર લાવવા કઈ રીતે સફળ થાય છે તેની આ ગાથા છે. એકદમ ફુલપ્રૂફ પ્લાનમાં પણ કચ્છને લવ કરતાં લોકો સામે હુમલાખોરો કઈ રીતે હારે છે એ જાણવાના સુખદ અંત સાથે પ્રફુલ શાહે કલ્પનાની દુનિયામાં જે રીતે જીવાડ્યા છે એ માટે એમનો આભાર.

લેખક પ્રફુલભાઈ વિશે વધુમાં કહેવું હોય તો, 'જન્મભૂમિ', 'ગુજરાત સમાચાર', 'મિડ-ડે' અને 'સમાંતર પ્રવાહ' જેવાં નામાંકિત અખબારોમાં મહત્ત્વપૂર્ણ જવાબદારી સફળતાથી નિભાવ્યા બાદ પારિતોષિક વિજેતા અને વિક્રમસર્જક લેખક પ્રફુલ શાહ એશિયાના બે દાયકા જૂના ઐતિહાસિક અખબાર 'મુંબઈ સમાચાર' માંથી નિવૃત્ત થયા. હવે ફૂલટાઈમ પુસ્તક ઉપરાંત ફિલ્મ, વેબ શો અને એકથી વધુ પ્રખ્યાત અખબારોમાં કૉલમ લેખનમાં પ્રવૃત્ત છે. તેમના યુદ્ધવીરો પરના પુસ્તક 'યુદ્ધ કેસરી'ને મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમીએ પારિતોષિકથી નવાજ્યું છે. આ ઉપરાંત મહારાષ્ટ્રના ગુજરાતી માધ્યમના ધો. ૧૨ના પાઠયપુસ્તક 'યુવક ભારતી'માં 'દીપા મલિક – કંઈ જ અશક્ય નથી' અને ધો. ૭ના 'બાલભારતી'માં 'એક જ વીરલો' નામના પ્રફુલ શાહ લિખિત પાઠ ભણાવાય છે.

પુસ્તક પરિચય

# કલાતીર્થનું નવું નજરાણું : "ગુજરાતનો વિસરાતો ભીંતચિત્રોનો કલા વૈભવ"

નરેશ અંતાણી

કલાને યેનકેન પ્રકારે પામવી, માણવી અને અનુભવવી અને એના પરિચયમાં આવવું એટલે કલાતીર્થ. આ સંદર્ભમાં સુરતની કલા સંસ્થા 'કલાતીર્થ' દ્વારા કલા વિષયક પ્રવૃત્તિના અનેક આયામો લક્ષ્યાંકો સાથે કોઈપણ પ્રકારના વળતરની અપેક્ષા રાખ્યા સિવાય માત્ર કલા સંવર્ધનની ખેવના રાખીને ગુજરાતના છેવાડાના કલાકારો, કલા સાધકો, કલા ચાહકો અને કલા મર્મજ્ઞો સુધી ભારતીય તત્ત્વજ્ઞાનના વિચારો પહોંચતા કરવાના ઉદ્દેશ સાથે અનેકવિધ આયામો સાથે કાર્ય કરી રહી છે. આવો જ એક આયામ એટલે 'કલાગંગોત્રી' અંતર્ગત કલા વિષયક ગ્રંથોનું પ્રકાશન. આ શ્રેણીમાં અત્યાર સુધી ૨૬ ગ્રંથો પ્રકાશિત કરાયા છે. તેનો ૨૭મો ગ્રંથ તાજેતરમાં પ્રકાશિત થયો છે.

આ ૨૭મો ગ્રંથ 'ગુજરાતનો વિસરાતો ભીંતચિત્રોનો કલા વૈભવ' નામે તાજેતરમાં પ્રકાશિત કરાયો છે. જેના લેખક પ્રદીપ ઝવેરી તથા ડૉ. પૂર્વી ગોસ્વામી છે. પ્રદીપ ઝવેરી વડોદરા વસતા ઉદ્યોગપતિ અને જાણીતા તસવીરકાર છે, જ્યારે ડૉ. ગોસ્વામી ભુજના જાણીતા મહિલા લેખિકા છે.

શ્રી ઝવેરીએ સમયની નાડ પારખીને કચ્છ ઉપરાંત સમગ્ર ગુજરાતનો વ્યાપક પ્રવાસ કરીને સ્થાનો તથા સ્થળોનો પ્રવાસ કરીને ઠેર ઠેર રહેલા ભીંત ચિત્રોને તસવીરમાં કંડારી લીધા. શ્રી ઝવેરી તથા ડૉ. પૂર્વી ગોસ્વામીએ સાથે મળીને આ ઐતિહાસિક ભીંત ચિત્રોના દસ્તાવેજીકરણ સાથે ભીંત ચિત્રોના કલા ઇતિહાસને ઉજાગર કરવાનો સરાહનીય પ્રયાસ કર્યો છે.

આ માટે આ બંને કલા સાધકો અભિનંદનના અધિકારી છે.

આ ગ્રંથમાં જે ભીંત ચિત્રોની તસવીરો મૂકાઈ છે, તે પૈકી મોટાભાગની તસવીરો હવે તેના મૂળ સ્થાન પર રહી નથી અને જે રહી છે તે નષ્ટ થવાના એરણે છે. કચ્છના જૈન, ભાટિયા અને ગૂર્જર ક્ષત્રિય પરિવારની હવેલી કે ઘરમાં રહેલા ભીંત ચિત્રોને તો ઈ.સ. ૨૦૦૧નો ભૂકંપ ભરખી ગયો છે ત્યારે એમનો આ પ્રયાસ હકીકતમાં એક સુંદર દસ્તાવેજની ભૂમિકા પૂરી પાડે છે.

ગુજરાત અને રાજસ્થાનમાં ચિત્રો વ્યાપક પ્રમાણે વિકાસ પામ્યા હતા. તેમના આનંદદાયક, લોકકલાત્મક અને સામાજિક માળખાના પરિપ્રેક્ષ્યને લીધે ચિત્રોની ઘણી શાખાઓ ઉપસી આવી. જેમાં રાજસ્થાનમાં મેવાડ, બુંદી, કોટા, બિકાનેર અને કિશનગઢની ચિત્ર શૈલીઓ પ્રમુખ હતી. આ વિવિધ ક્ષેત્ર શૈલીથી પ્રભાવિત ગુજરાતના ચિત્રકારોએ તેમની પોતાની આગવી છાપ છોડી હતી. ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના ચિત્રોમાં મરાઠા કલમ સાથે સલાટી કામનો પ્રભાવ જોવા મળે છે તો કચ્છ પ્રદેશના ચિત્રોમાં મારૂ ગૂર્જરનો પ્રભાવ જોઈ શકાય છે. આ ભીંત ચિત્રો દોરનારા કમાંગર તરીકે ઓળખાયા. આથી આ ચિત્રો કમાંગરી ચિત્ર કલા તરીકે જાણીતા બન્યા છે. કચ્છી કલાકારો દ્વારા વિકાસ પામેલા આ ચિત્રોમાં સ્થાનીય શૈલીનો પણ સુમેળ જોવા મળે છે.

પ્રસ્તુત કલાગંગોત્રી શ્રેણીના ૨૭મા ગ્રંથને જુદા જુદા ત્રણ વિભાગોમાં પ્રસ્તુત કરાયો છે. પ્રથમ ભાગ ભીંતચિત્ર-૧ માં 'ગુજરાતમાં ચિત્રોની પરંપરા અને અર્થઘટન'માં બધી કલાઓમાં શ્રેષ્ઠ એવી ચિત્રકલાનો સંપૂર્ણ પરિચય કરાવવાની સાથે પશ્ચિમ ભારતની ચિત્રકલા, ગુજરાતની ચિત્રકલાનો પરિચય ઉપરાંત આ પ્રદેશની ભૌગોલિક તથા ઐતિહાસિક વિગતો અપાઈ છે.

આ ઉપરાંત ભીંતચિત્રનું અવલોકન, ગુજરાતના વિવિધ વિસ્તારોમાં જોવા મળતાં ભીંતચિત્રોની વિગતે વાત કરવામાં આવી છે. ગ્રંથના બીજા ભાગ ભીંત ચિત્ર-૨ માં ગુજરાતમાં આવેલા ચિત્રોની સપ્તરંગી કલાયાત્રાનો પરિચય કરાયો છે. જેમાં ગુજરાતમાં વિવિધ સ્થળોએ આવેલા ભીંત ચિત્રો જેમાં ખાસ કરીને તાંબેકરવાડા વડોદરા, ઋષેશ્વર મહાદેવ ભાદરવા, સર્વેશ્વર મહાદેવ ભીલાપુર, કાશી વિશ્વનાથ મહાદેવ ચાંદોદ, સિહોર દરબારગઢના ચિત્રો, રઘુનાથજીનું મંદિર પાટણ, સ્વામિનારાયણ મંદિર વડતાલ તથા ગજેરા ગામના ચિત્રો ઉપરાંત હાફેશ્વર મહાદેવ છોટાઉદેપુર અને કામનાથ મહાદેવ વડોદરાના ચિત્રોનો સચિત્ર પરિચય કરાવાયો છે.

ત્રીજા ભાગમાં 'ભીંત ચિત્ર : વારસો, કળા અને તકનીકો' અંતર્ગતના મોટા લેખમાં ભીંત ચિત્રોને લોકકલાના એક પ્રમુખ ભાગ તરીકે લખાવી, તેનો ઇતિહાસ, વિકાસ, તેને બનાવવાની પ્રક્રિયા તથા ગ્લાસ પેઇન્ટિંગની વિગતે વાત કરવાની સાથે સાથે દેશની વિભિન્ન ચિત્ર શૈલીનો પરિચય કરાવાયો છે. આ પરંપરાગત ચિત્ર શૈલીની અધોગતિની પણ આ પ્રકરણમાં સવિસ્તાર માહિતી આપવામાં આવી છે.

આમ, ભારતીય કલાને ઉજાગર કરતાં અને કલાગત વિશિષ્ટ આયામને વ્યક્ત કરતાં ભીંતચિત્રો સદીઓથી આપણી વિરાસતરૂપ હતા, જે હવે ભૌગોલિક પરિસ્થિતિ, કુદરતી આફતો, સમારકામ અને મરામત જેવા કારણોસર નામશેષ થઈ રહ્યા છે. ક્યાંક તો ગરમાટીના લીંપણ કે સિમેન્ટ કોંક્રિટ અને

(અનુસંધાન : જુઓ પાના નં. – ૫૫ ઉપર)

વિશિષ્ટ દિવસ

# વિશ્વ સાઇકલ દિવસ

ડૉ. મિહિર એમ. વોરા

દર વર્ષે ૩ જૂને વિશ્વ સાઈકલ દિવસ ઉજવવામાં આવે છે. તેને મનાવવાનો મુખ્ય હેતુ લોકોને સાઈકલ ચલાવવાના ફાયદાઓ વિશે જણાવવાનો છે. ૨૦૨૫માં વિશ્વ સાઈકલ દિવસ માટે થીમ છે કે : "સાઈકલને એક સરળ, સસ્તું, વિશ્વસનીય, સ્વચ્છ અને પર્યાવરણને અનુકૂળ પરિવહન માધ્યમ તરીકે ઉજવવું."

જો કોઈ વ્યક્તિ નિયમિત સાઈકલ ચલાવે છે, તો તે માત્ર ફીટ જ નહીં પરંતુ શરીરને સ્વસ્થ પણ રાખી શકે છે. આવી સ્થિતિમાં આ દિવસની શરૂઆત ક્યારે થઈ તે વિશે જાણવું જરૂરી છે. ૨૦૧૮માં આ દિવસ પહેલીવાર ઉજવવામાં આવ્યો હતો. આ દિવસની શરૂઆત ન્યુયોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા કરવામાં આવી હતી.

૩ જૂન ૨૦૧૮ના રોજ એક કાર્યક્રમ યોજાયો હતો, જેમાં યુએનના અધિકારીઓ તેમજ એથ્લીટ્સ સહિત ઘણા લોકોએ ભાગ લીધો હતો. સાઈકલ દિવસ મનાવવાનો પ્રસ્તાવ અમેરિકાના મોંટગોમરી કોલેજના પ્રોફેસર લેસ્જેક સિબિલ્સકીએ આપ્યો હતો. આ પછી સિબિલ્સકી અને તેમના સાથીઓ દ્વારા પ્રચાર-પ્રસાર કરવામાં આવ્યો, જે પછી આ દિવસ મનાવવાની શરૂઆત થઈ હતી.

આવી સ્થિતિમાં આ લોકોને માત્ર સાઈકલિંગના મહત્ત્વ વિશે જ જણાવવામાં આવ્યું ન હતું, પરંતુ સાઈકલિંગની આરોગ્ય પર થતી સકારાત્મક અસરો વિશે પણ જાગૃત કરવામાં આવ્યા હતા. ત્યારથી ૩ જૂને વિશ્વ સાઈકલ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

આ દિવસની ઉજવણી પાછળનો હેતુ સંયુક્ત રાષ્ટ્રના આધારે વિશ્વના વિવિધ દેશોને પ્રોત્સાહિત કરવાનો છે કે તેઓ વિકાસની વ્યૂહરચના બનાવે કે આંતરરાષ્ટ્રીય કે રાષ્ટ્રીય સ્તરે કાર્યક્રમો કરે અને તેમાં સાઈકલોનો સમાવેશ કરે.

આ ઉપરાંત પદયાત્રીઓ સાથે કામગીરીની સલામતીને પણ પ્રોત્સાહન આપવાનું છે. આ દિવસ આપણને સાઈકલના વ્યાપને પ્રોત્સાહન આપવા માટે પ્રોત્સાહિત કરે છે. તે તમને સાઈકલને તમારા જીવનનો એક ભાગ બનાવવા માટે પણ પ્રેરણા આપે છે.

સાઈકલ સૌથી સસ્તુ વાહન છે. તેના ઘણા ફાયદા છે. તેમાં પેટ્રોલની જરૂર રહેતી નથી. જેથી આર્થિક અને પર્યાવરણની દૃષ્ટિએ સુરક્ષિત છે. સાઈકલ ચલાવવાથી શરીરને પણ ઘણા ફાયદા થાય છે. રોગ પ્રતિકારક શક્તિ વધે છે, શરીર તંદુરસ્ત રહે છે.

પ્રથમ રેકોર્ડ થયેલ સાઈકલ અકસ્માત ૧૮૪૨માં થયો હતો, જે કથિત રીતે વેલોસિપીડના પ્રારંભિક સવાર કિર્કપેટ્રિક મેકમિલન અને ગ્લાસગોમાં એક યુવાન છોકરી વચ્ચે થયો હતો. સૌપહેલા સાઈકલ હેલ્મેટ લગભગ ૧૯૭૫ના આવી છે.

તે મૂળ મોટરસાઈકલ હેલ્મેટમાં વિસ્તૃત પોલિસ્ટરીન ફોમ્સના વિકાસમાંથી એક 'સ્પિન ઓફ' થી બનેલી હતી. જેનો હેતુ સાઈકલ સ્પોર્ટમાં ઉપયોગમાં લેવાતા હેડ ગિયરની જૂની 'હેર નેટ' શૈલીનો છે.

સૌ પ્રથમ ફિલ્મનું નામ કે જેમાં સાઈકલનો ઉપયોગ દર્શાવવામાં આવ્યો હતો તે છે ૯ દિવસની બાઈક રાઈડર ૧૯૩૪ કોમેડી ફિલ્મ કે જેમાં વેલોડ્રોમ નામની છોકરીને પ્રભાવિત કરવા માટે, હીરો મેરેથોન ઇન્ડોર સાઈકલ રેસમાં ભાગ લે છે.

ઈ.સ. ૧૮૧૦ની આ વાત છે. જર્મનીમાં ભીષણ દુષ્કાળ પડયો અને મનુષ્યો, પ્રાણીઓ ભૂખ-તરસથી ટપોટપ જીવ ગુમાવવા લાગ્યા હતા. પરિસ્થિતિ એ હદે વણસી કે લોકોએ પોતાના પેટની આગને ઠારવા માટે ઘોડાની કતલ કરવા લાગ્યા હતા.

દુષ્કાળનો ઓછાયો દૂર થતાં જ જર્મનીના લોકોને અહેસાસ થયો કે, 'આપણે ભૂખ ભાંગવા માટે ઘોડાની કતલ તો કરી નાખી પરંતુ હવે ઘોડા વિના એક સ્થળેથી બીજા સ્થળે મુસાફરી કેવી રીતે કરવી?' આ સ્થિતિના ઉકેલ માટે **જર્મનીના બેરોન કાર્લ વોન ડ્રેઇસે ઈ.સ. ૧૮૧૭માં સાઈકલની શોધ કરી.** એ સમયે કાર્લ વોન ડ્રેઈસે તેને 'રનિંગ મશિન' એવું નામ આપ્યું હતું.

આજે આ 'રનિંગ મશિન'ને આપણે સાઈકલ તરીકે ઓળખીએ છીએ. સાઈકલ તેની શોધના ૨૦૦ વર્ષ બાદ એક સ્થળેથી બીજા સ્થળે જવા જ નહીં, ફિટનેસના ભાગરૂપે પણ આપણા જીવનનો મહત્ત્વનો હિસ્સો બની ગઈ છે.

૧૫ ઓક્ટોબર ૧૯૨૩, બોમ્બે (હાલના મુંબઇ)ના ગ્રાન્ટ રોડ પર દરરોજ કરતાં કંઇક જુદો જ માહોલ હતો. કેટલીક વ્યક્તિ બેન્ડમાંથી સૂર રેલાવી રહી હતી તો તેનાથી થોડા જ પગલાના અંતરે યોજાઇ રહેલા એક સન્માન સમારોહમાં ૭૫-૧૦૦ લોકો એકત્ર થયા હતા. પ્રસંગ પણ સાવ અનોખો હતો. બોમ્બે વેઈટ લિફ્ટિંગ ક્લબના ૯ પારસી સદસ્યો કે જેઓ હજુ

માંડ ૨૦ વર્ષની ઉંમરના થયા હતા તે આદિ બી. હકીમ, ગુસ્તાદ જી. હાથીરામ, જલ પી. બાપાસોલા, કેકી ડી. પોચખાણવાલા, નરિમાન બી. કાપડિયા, રૂસ્તમ બી. ભુમગરા સાઇકલ દ્વારા વિશ્વભ્રમણ કરવાનો પ્રારંભ કરવા જઈ રહ્યા હતા.

૧૯૨૦માં ફ્રાન્સના એક સાહસિકે પગપાળા યુરોપથી ભારતની સફર કરી હતી. ફ્રેન્ચ સાહસિકના બોમ્બેના ઓવલ મેદાનમાં યોજાયેલા પ્રવચનમાંથી આ છ યુવાનોને કંઇક આવું જ સાહસ કરવાનો તણખો થયો. ત્રણ વર્ષના આયોજન બાદ આ છ યુવાનો પેડલ પર પૃથ્વીની પરિક્રમા કરવા નીકળી પડયા. મુંબઈથી દિલ્હી, પંજાબ, બલુચિસ્તાનથી ડૂકી પાસ ઓળંગીને ૨૦ જાન્યુઆરી ૧૯૨૪ના બ્રિટીશરોના તાબા હેઠળના ભારતની છેલ્લી ચોકી વરેછા પહોંચે છે. જ્યાંથી તેઓ પારસી ધર્મની માતૃભૂમિ ઈરાન પસાર કરીને તહેરાનમાં આગમન કરે છે અને ત્યાં તેમણે નવરોઝની ઉજવણી કરી હતી.

છ સાઇકલિસ્ટો પૈકી નરિમાન કાપડિયા અંગત કારણોથી તહેરાનથી ભારત પરત કરે છે જ્યારે અન્ય પાંચ બગદાદ તરફ આગળ વધે છે. આટલું જ નહીં ૬૦ ડિગ્રી ગરમી છતાં બગદાદથી અલેપ્પો વચ્ચેનું મેસ્પોટનું રણ માત્ર ૨૩ દિવસમાં ઓળંગે છે. મેસ્પોટના રણમાં રેતીના સરકતા ભૂવા, અગનભઠ્ઠી જેવી ગરમી પણ આ સાહસિકોના જુસ્સાને પીગળાવી શકતી નથી.

દમાસ્કસ પહોંચતાં જ તેમની વચ્ચે મતભેદ થતાં તેઓ બે અલગ જૂથમાં વહેંચાઈને આગળ ધપવાનું જારી રાખે છે. જેમાં ગુસ્તાદ, અદિ, કેકી એક જૂથમાં જ્યારે જાલ, રૂસ્તમ બીજા જૂથમાં હોય છે. અલગ જૂથમાં પ્રવાસ કરતાં કરતાં તેઓ જેરૂસલેમ, કેરો થઈને એલેક્ઝાન્દ્રિયા અને ત્યાંથી સ્ટીમર દ્વારા ઇટાલીના બ્રિન્દસી બંદરે પહોંચે છે. જ્યાંથી તેઓ રોમ થઈને બરફના તોફાન છતાં સાઈકલ દ્વારા આલ્પ્સ ઓળંગે છે.

અહીંથી તેઓ લંડન અને ત્યારબાદ સ્ટીમરથી ન્યુયોર્ક સુધીની સફર ખેડે છે. સફર દરમિયાન થતાં ખર્ચને પહોંચી વળવા તેઓ પોતાની મુસાફરી દરમિયાન પાડેલા ફોટોના કાર્ડ વહેંચે છે તેમજ અંગ-કસરતના દાવનું પ્રદર્શન કરે છે.

માર્ગમાં આવતા મહત્ત્વના સ્થળોએ વહીવટદાર-અમલદારની સહી પોતાના રજિસ્ટરમાં લેતા રહે છે જેથી યાત્રાનો ઓફિશિયલ રેકોર્ડ રાખી શકાય.

આ સાહસિકો પૈકી ગુસ્તાદ અમેરિકામાં જ સ્થાયી થઈ જાય છે જ્યારે કેકી ભારત પરત ફરે છે. અન્ય ત્રણ આદિ, જાલ, રૂસ્તમ પોતાના મતભેદ ભૂલાવીને અમેરિકાથી પ્રવાસ આગળ ધપાવે છે. ૧૫ ઓક્ટોબરે પ્રવાસના ત્રણ વર્ષ પૂરા થવાની ઉજવણી તેઓ ૧૬ કલાકમાં ૧૭૧ માઈલની મુસાફરીના વિક્રમ દ્વારા કરે છે.

કોરિયાથી ગોબીનું રણ પસાર કરીને કેન્ટોન અને ત્યાંથી શાંઘાઈ, હોંગકોંગ, વિયેતનામ, બેંગકોક, બર્માથી ભારત પહોંચે છે. ૧૮ માર્ચ ૧૯૨૮ના મુંબઇ પહોંચે છે. જ્યાં તેઓનું ભવ્ય સ્વાગત કરવામાં આવે છે. યાત્રા દરમિયાન તેમણે ૪ વર્ષ ૫ મહિના ૩ દિવસમાં કુલ ૪૪ હજાર માઈલની મુસાફરી કરી હતી.

આ ઉપરાંત સાઈકલથી વિશ્વપ્રવાસ કરનારા સૌપ્રથમ ભારતીય, મેસ્પોટ-સીરિયા- સિનાઇનું રણ-કોરિયા વટાવનારા સૌપ્રથમ સાઈકલિસ્ટ બનવાનો રેકોર્ડ પણ બનાવે છે.

સાઈકલથી કરેલા વિશ્વપ્રવાસના સંભારણા તરીકે આદિ બી. હકીમ, જલ પી. બાપાસોલા, રૂસ્તમ બી. ભુમગરા દ્વારા 'વિશ્વ સાઈકલિસ્ટ અરાઉન્ડ ધ વર્લ્ડ' પુસ્તક પણ લખ્યું હતું. આ પુસ્તકના આધારે મહેન્દ્ર દેસાઇએ ૧૯૮૦ના દાયકામાં 'ચિત્રલેખા' સામાયિક માટે 'પેડલ પર પૃથ્વીની પરિક્રમા' હપ્તાવાર નવલકથા પણ લખી હતી.

સાઈકલ પર પૃથ્વીની પ્રદક્ષિણા કરી અશક્યને શક્ય કરી દેખાડનારા આ સાઈકલ સવારોને સલામ.

ડાયાબિટીસની સમસ્યા ધરાવતા લોકો માટે શારીરિક વર્કઆઉટ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. આ માટે તેઓ સાઈકલ ચલાવી શકે છે. દરરોજ લગભગ ૩૦ મિનિટ સાઈકલ ચલાવવાથી સુગર લેવલ નિયંત્રિત રહે છે. જે લોકોને ડાયાબિટીસ નથી તેઓ તેના જોખમથી સુરક્ષિત રહે છે.

જેઓ વજન ઓછું કરવા માગે છે તેમના માટે સાઇકલિંગ એ ખૂબ જ સારી વર્કઆઉટ છે. નિષ્ણાતોના મતે દરરોજ એક કલાક સાઈકલ ચલાવવાથી લગભગ ૩૦૦ કેલરી બર્ન કરી શકાય છે. આ સિવાય તે તમારા પેટની ચરબીને પણ કંટ્રોલ કરે છે. પરંતુ તેની સાથે તમારી ખાવાની ટેવ પર નિયંત્રણ રાખવું પણ જરૂરી છે.

સાઈકલ ચલાવવાથી શરીરની રોગપ્રતિકારક શક્તિ પણ વધે છે. ઉપરાંત, તેને ચલાવવાથી હૃદય રોગ, સ્ટ્રોક, હાઈ બ્લડ પ્રેશર અને હાર્ટ ઍટેકનું જોખમ ઓછું થાય છે.

પરંતુ દરેક વસ્તુના કેટલાક ફાયદા છે અને કેટલાક ગેરફાયદા પણ છે. સાઈકલિંગ પણ દરેક માટે ફાયદાકારક નથી. કેટલીક એવી સમસ્યાઓ છે જેમાં સાઇકલ ચલાવવાથી મુશ્કેલી વધી શકે છે. આવી સ્થિતિમાં તે સમસ્યાઓથી પીડિત લોકોએ સાઇકલ ચલાવવાનું સંપૂર્ણપણે ટાળવું જોઇએ.

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૫૯ ઉપર)**

વિશિષ્ટ વ્યક્તિ

## ગુજરાતના રાજ્યપાલ અને ગાંધીવાદી રાજપુરુષ

# ડૉ. શ્રીમન્ નારાયણ અગ્રવાલ

ભરત'કુમાર' પ્રા. ઠાકર

*જન્મ : ૧૫મી જૂન, ૧૯૧૨*

*નિધન : ૩જી જાન્યુઆરી, ૧૯૭૮*

ચમકતા ચશ્માં, લાંબો કોટ, ગાંધી ટોપી, મુખ પર ગાંભીર્ય છતાં આછા સ્મિતની લાક્ષણિકતા અને પારદર્શી વ્યક્તિત્વ ધરાવતા ડૉ. શ્રીમન નારાયણ અગ્રવાલ ગુજરાતના ત્રીજા રાજ્યપાલ (૧૯૬૭-૧૯૭૩) તરીકે રહ્યા હતા. દેશમાં જે કેટલીક પૂર્ણ ગાંધીવાદી પ્રતિભાઓ પાંગરી તેમાં શ્રીમન્નારાયણ પણ એક હતા.



ડૉ. શ્રીમન્ નારાયણ અગ્રવાલ

એમનું ઔપચારિક ભણતર-ગણતર ઉત્તરપ્રદેશમાં, પણ જીવન ઘડતર-ચણતર મહારાષ્ટ્રમાં થયેલું. ગાંધી-નહેરુ-શાસ્ત્રી ત્રણેયનો પ્રેમ સંપાદન કરનાર શ્રીમનજી વિનોબા ભાવે (૧૮૯૫–૧૯૮૨)ના ભૂદાનયજ્ઞ અને સર્વોદય વિચારના અભ્યાસી અને હિન્દુસ્તાનીને નયી તાલીમના પ્રસારક હતા. ચાલુ મહિને (૧૫મી જૂને) એમની ૧૧૩મી જન્મજયંતીનો અનેરો અવસર પડે છે. તે નિમિત્તે એમને યાદ કરીએ.

- **રાષ્ટ્રપિતાના નિકટના સહયોગી**

ગાંધીજીના અર્થશાસ્ત્ર અને વિચારસરણીના પુરસ્કર્તા એવા શ્રીમન્ નારાયણનો જન્મ ૧૫મી જૂન, ૧૯૧૨ના થયો હતો. ઉજ્જવળ વિદ્યાકીય કારકિર્દી ધરાવનાર શ્રીમનજી આગ્રા-અલ્હાબાદમાં ઉચ્ચ શિક્ષણ પામી એમ.એ. (અર્થશાસ્ત્ર-અંગ્રેજી) થયા હતા. દેશ કાજે સમર્પિત થવા તેમણે મહાત્મા ગાંધીના નિકટના સહયોગી તરીકે સેવાગ્રામ (વર્ધા) ખાતે ઘણાં વર્ષો કામ કર્યું.

ગાંધીજીના પ્રમુખપદે મળેલા અને બુનિયાદી શિક્ષણ ઢાંચાને નક્કર સ્વરૂપ આપનાર રાષ્ટ્રીય શિક્ષણ સંમેલન (૧૯૩૭)ના સંયોજક રહ્યા હતા. દરમિયાન 'ભારત છોડો' લડત (૧૯૪૨)માં પણ સક્રિય ભાગ લીધો અને અઢાર મહિનાની અટકાયત ભોગવી. વર્ધામાં મહાત્માજી સંગાથે દીર્ઘ સમય કામ કરી એમના વિચારો અને કાર્યો આત્મસાત્ કરી શક્યા હતા.

બાપુ એમના વિશે લખે છે : 'રાષ્ટ્ર સેવાર્થે સમૃદ્ધ અને તેજસ્વી કારકિર્દીનો ભોગ આપનાર યુવાનો પૈકીના તે એક છે. તેનામાં વિદ્વત્તા, ધીરતા અને નમ્રતાનું અદ્ભુત સંયોજન થયેલું છે અને એક દુર્લભ રત્ન સમાન છે.' રાષ્ટ્રપિતાની શહીદી પછી તરત ગાંધીવાદ અને સર્વોદય વિચારના પ્રસારાર્થે એમણે વિશ્વભ્રમણ પણ કરેલું.

- **બહુશ્રુત વિદ્વાન અને લેખક**

અગ્રવાલજીએ સેકસારિયા કોમર્સ કૉલેજ (વર્ધા)ના સ્થાપક પ્રાચાર્ય તરીકે દાયકા ઉપરાંત કામ કર્યું અને બે વર્ષ નાગપુર યુનિવર્સિટીની વાણિજ્ય વિદ્યાશાખાના અધ્યક્ષ (ડીન) તરીકે ચૂંટાયા હતા. અખિલ ભારત શૈક્ષણિક અધિવેશન (જયપુર, ૧૯૫૬) તેમના પ્રમુખપદે યોજાયું હતું.

દરમિયાન સંસદસભ્ય (૧૯૫૨-૧૯૫૭), કોંગ્રેસના મહામંત્રી (૧૯૫૨-૧૯૫૮), 'ઈકોનોમિક રીવ્યૂ' અને 'ગાંધી માર્ગ' ત્રિ-માસિકના તંત્રી, આયોજન પંચના સભ્ય, નેપાળના એલચી (૧૯૬૪-૧૯૬૭) તેમજ નઈ તાલીમ, ગાંધી સ્મારકનિધિ, ગાંધી સંગ્રહાલય, નિસર્ગોપચાર, સર્વ સેવા સંઘ, ભૂદાનયજ્ઞ જેવી ગાંધી-વિનોબાની રચનાત્મક સંસ્થાઓમાં કર્તાહર્તા, વગેરે વિવિધ ક્ષેત્રોમાં દીર્ઘ અને બહુમુખી રાજકીય અનુભવોની પ્રદક્ષિણા કરી.

શ્રીમન્નારાયણ ગાંધીવાદી, અર્થશાસ્ત્રી, કેળવણીકાર, પત્રકાર અને સમાજ સુધારક હોવા ઉપરાંત ગાંધી અર્થવિચારના સમર્થ ભાષ્યકાર અને સર્જનાત્મક લેખક પણ હતા. અંગ્રેજી કાવ્યસંગ્રહ 'ધ ફાઉન્ટન ઑફ લાઈફ' (૧૯૩૩) રવીન્દ્રનાથ ટાગોરની, બે હિંદી કવિતા સંચયો 'હોલી કા રાગ' અને 'રજની મેં પ્રભાત કા અંકુર' મૈથિલીશરણ ગુપ્તની, 'ગાંધિયન પ્લાન ફોર ઈકોનોમિક ડેવલપમેન્ટ ફોર ઈન્ડિયા' (૧૯૪૪) મહાત્મા ગાંધીની, 'ટ્રેન્ડ્સ ઈન ઈન્ડિયન પ્લાનિંગ' પંડિત નહેરુની તથા 'પ્રિન્સિપલ્સ ઑફ ગાંધિયન પ્લાનિંગ' ડૉ.રાજેન્દ્રપ્રસાદની પ્રસ્તાવના સાથે પ્રગટ થયેલાં પુસ્તકો છે.

એમનાં અન્ય મહત્ત્વનાં શીર્ષકો : ગાંધિયન કન્સ્ટિટ્યુશન ફોર ફ્રી ઈન્ડિયા, ધ મિડિયમ ઑફ ઈન્સ્ટ્રક્શન, ઑન ઍજ્યુકેશન, ટુ વર્લ્ડ્ર્સ, વિનોબા કે સાથ સાત દિન, ગાંધીવાદી અર્થશાસ્ત્ર કી સંગતતા, ટુવર્ડ્સ અ સોશિયાલિસ્ટ ઈકોનોમિ, સોશિયાલિસ્ટ પેટર્ન ઑફ સોસાયટી, સોશિયાલિઝમ ઈન ઈન્ડિયન પ્લાનિંગ, ઈન્ડિયા એન્ડ નેપાલ, ઈન્ડિયા'ઝ કરન્ટ પ્રોબ્લેમ્સ, ધ ટ્રેજેડી ઑફ અ વૉલ, બિન માંગે મોતી મિલે, સેગાંવ કે સંત અને ઈતની યે પરેશાની ક્યોં? (હિન્દી નિબંધો).

- **ગુજરાતના રાજ્યપાલ તરીકે**

નિત્યાનંદ કાનુન્ગો (૧૯૦૦-૧૯૮૮)ના અનુગામી અને કે. કે. વિશ્વનાથનું (૧૯૧૪–૧૯૯૨)ના પુરોગામી તરીકે શ્રીમન્નારાયણ ર૬મી ડિસેમ્બર, ૧૯૬૭થી ગુજરાતના ત્રીજા ક્રમના રાજ્યપાલ તરીકે આરૂઢ થયા હતા. ગાંધીના ગુજરાતમાં ગાંધી ઘરાણાના એક વિચારક, લેખક અને સાધક એવા શ્રીમનજીની પસંદગી સર્વથા સુયોગ્ય હતી. અભ્યાસી પ્રકૃતિના કારણે પ્રસાર માધ્યમો સાથે એમનો જીવંત સંપર્ક રહ્યો હતો. ગુજરાતના ગવર્નર તરીકે માધ્યમોમાં સૌથી વધુ વિધેયાત્મક પ્રસિદ્ધિ મેળવવાનું માન માત્ર શ્રીમનજીને મળ્યું છે!

૧૯૬૯માં રાષ્ટ્રીય સ્તરે કોંગ્રેસનું વિભાજન થયું ત્યારે એમની સહાનુભૂતિ જૂની સંસ્થા કોંગ્રેસ પ્રત્યે હતી; છતાં સ્વચ્છ રાજકીય પ્રતિભા નજરે ઈન્દિરાજીએ એમને રાજ્યપાલ તરીકે ચાલુ રાખ્યા હતા. સામાન્ય રીતે મુખ્યપ્રધાનની સલાહ ગવર્નરને સ્વીકાર્ય હોય છે. પરંતુ ૧૯૭૧માં રાજ્ય સરકારના પતન બાદ મુખ્યપ્રધાન હિતેન્દ્ર દેસાઈ (૧૯૧૫-૧૯૯૩)ની વિધાનસભા ચૂંટણી યોજવાની સલાહ શ્રીમન્નારાયણે ન સ્વીકારતાં ગુજરાતની તવારીખમાં ૧૩મી મે, ૧૯૭૧થી ૧૭મી માર્ચ, ૧૯૭૨ લગી દસ મહિનાનું 'પ્રથમ રાષ્ટ્રપતિ શાસન' દાખલ થયું હતું.

રાષ્ટ્રપતિ શાસનનો સમય રાજ્યપાલના વહીવટી શાસનની કસોટીરૂપ હોય છે અને તેમાં એમણે કાબેલ વહીવટ સંભાળ્યો. એટલું જ નહીં, દેસાઈ સરકારે લીધેલા કેટલાક અયોગ્ય રાજકીય નિર્ણયોનો અમલ પણ અટકાવ્યો હતો. ગુજરાતમાં સવા પાંચ વર્ષ જેટલો સમય ગવર્નર પદ સંભાળી તેઓ ૧૬મી માર્ચ, ૧૯૭૩થી નિવૃત્ત થયા હતા. ગુજરાત નિવાસ સમયના એમનાં બે અભ્યાસપૂર્ણ પુસ્તકો 'ધોઝ ટેન મન્થ્સ ઑફ પ્રેસિડેન્ટ્સ રૂલ ઈન ગુજરાત' તથા 'પ્રોસ્પેક્ટીવ પ્લાન ફોર ગુજરાત' આજે પણ જે તે ક્ષેત્રોમાં સંદર્ભગ્રંથોની ગરજ સારે છે.

એમનાં પત્ની મદાલસાબહેન નારાયણ (૧૯૧૬-૧૯૮૯) સુપ્રસિદ્ધ સ્વાતંત્ર્ય સેનાની - ઉદ્યોગપતિ જમનાલાલ બજાજ (૧૮૮૯-૧૯૪૨)નાં પુત્રી, ગાંધી-વિનોબા વિચારોના અનુયાયી અને રાષ્ટ્રભાષા પ્રસારક હતા. શ્રીમન્ નારાયણનું ૩જી જાન્યુઆરી, ૧૯૭૮ના ગ્વાલિયર (મધ્ય પ્રદેશ) મુકામે અવસાન થયેલું. જન્મ જયંતીએ આપણી હાર્દિક સ્મરણાંજલી.

*'શિવમ્', ૪૦, વૃંદાવન નગર-૧, વૈશાલી સિનેમા રોડ,*
*અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.*
*ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯ મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦*

## ૧૯૭૧ના યુદ્ધ વખતે દેવ ગઢવીનું કાર્ટુન....

**(અનુસંધાન : પાના નં. – ૪૬ ઉપરથી ચાલુ)**

કચ્છમિત્ર તથા જન્મભૂમિ ગ્રુપના અન્ય દૈનિકોમાં આવેલું. જેમાં ઉપરોક્ત ત્રણેય જણ અમેરિકાના સાતમા કાફલાના જહાજ 'એન્ટર પ્રાઈઝ'ના તૂતક પર મોં ઢાંકીને બેઠેલા દર્શાવ્યા હતા. તેમની બાજુમાં લખ્યું હતું : "પાકિસ્તાનના યાયાખાનના શાસનનું અવસાન થયું છે." જેના બેસણામાં એ ત્રણેયને મોં ઢાંકીને બેસેલા દર્શાવવામાં આવ્યા હતા.

પીઢ પત્રકાર ચંદ્રવદનભાઈ પટ્ટણીએ યાદ અપાવ્યું કે ઈંદિરાજીએ અમેરિકી કાફલો પાછો વાળી ગજબ હિંમત દાખવી હતી. અલબત્ત, એ યુદ્ધ પછી આપણા ૫૪ વીર જવાનો ગાયબ થઈ ગયાનો ખટકો કાયમ રહેશે જ. એમની વીરતાને દેશ યાદ રાખશે. એ જવાનોને દેશ ક્યારેય નહીં વિસરે. એમના જેવા વીર જવાનો થકી આ ભવ્ય ઐતિહાસિક વિજય મળ્યો છે. એ સૌને સલામ!

## 'ગુજરાતનો વીસરાતો ભીંત ચિત્રોનો કલા વૈભવ"

**(અનુસંધાન : પાના નં. – ૫૧ ઉપરથી ચાલુ)**

ચુનાના સ્તરોની નીચે દટાઈ અને નાશ પામ્યા છે. સદીઓની આ વિરાસત સાવ નષ્ટ થઈ જાય તે પૂર્વે સુરક્ષિત અને સંવર્ધિત થાય તેની જાણે કે રાહ જોઈને બેઠી છે. એટલા માટે જ રાષ્ટ્રના નાગરિક તરીકે આવી અમૂલ્ય ધરોહરનું જતન અને સંવર્ધન કરવું એ આપણા સૌની પવિત્ર ફરજ બની રહે છે.

***"ગુજરાતનો વિસરાતો ભીંતચિત્રોનો કલા વૈભવ"***
***લેખક :*** *પ્રદીપ ઝવેરી તથા ડૉ. પૂર્વી ગોસ્વામી*
*કલાગંગોત્રી ગ્રંથ શ્રેણી નંબર-૨૭*
***પ્રકાશક :*** *રમણીક ઝાપડિયા, કલાતીર્થ ટ્રસ્ટ, 'રંગ',*
*૧૮ - રાજાનંદ સોસાયટી, વિભાગ-૩, ગજેરા સ્કૂલની સામે,*
*કતારગામ, સુરત-૩૯૫ ૦૦૪.*
*મો. ૯૮૨૫૬ ૬૪૧૬૧*

વ્યક્તિ વિશેષ

## સરસ્વતી પુત્ર "એકલવીર"

# ધીરજ છેડાની જીવનગાથા

વસંત મારૂ

'એકલવીર' તરીકે જાણીતા ધીરજભાઈના પિતા માવજીબાપા આજીવન ગામની સેવા માટે સમર્પિત. એમાંય ગામની હરિજન દીકરીના લગ્ન હોય તો એક મહિના પહેલાજ રૂપિયા પાંચ હજારની મસમોટી રકમ ચાંદલા તરીકે આપી આવે અને જે દિવસે જાન આવે એ દિવસે આખી રાત જાગી, જાતે રસોઈ બનાવડાવે. જાનૈયાઓને હોંશે હોંશે જમાડે. છેક સવારે જાન વિદાય કરી મેલાઘેલા કપડે ઘરે પાછા ફરે ત્યારે હરિજન દીકરીની વિદાયનો સંતોષ માવજીબાપાના ચહેરા પર દેખાય. ધીરજ પિતાનો આ ખેલ નિયમિત જુએ અને અંતરથી હરખાય!

ધીરજના માતા નિર્મળામાં પાસે ભરતકામ-ગુંથણની અદ્‌ભુત કળા છે. આજે ચોર્યાસી વર્ષની ઉંમરે પણ ગામમાં રહીને કલાત્મક ગલેચી, સ્વેટર, સાલ ઇત્યાદિ બનાવતા જોઈ આફરીન થઈ જવાય! આમ જોવા જઈએ તો કળાનો વારસો એમને માતા પાસેથી મળ્યો છે.

બાળ કલાકાર ધીરજે 'જેસલ જાડેજા' નાટકમાં એક્ટિંગ કરી વાહ વાહ મેળવી. એટલે નાટક પતાવી સીધો જેસલપીરના સ્થાને દર્શને ગયો, ત્યાંજ એનાં મનમાં શ્રદ્ધાની સરવાણી ફૂટી અને મનોમન પોતાને જ વચન આપ્યું કે એક દિવસ જેસલદાદાનું ભવ્ય મંદિર બાંધશે અને મોટા થયા બાદ ખરેખર એક ભવ્ય મંદિર બાંધી પોતાની પ્રતિબદ્ધતા સાબિત કરી.

નાટકના પ્રસંગ પછી ગામના એક ડોશીમા બાળ ધીરજના જબરા ફેન બની ગયા. રોજ સાંજે ધીરજને બોલાવી પોતે વતરો (ઘાસ ના ટુકડા) કરતા હોય ત્યારે દુહા, છંદ, સ્તવન કે લોકકથા સંભળાવવા આગ્રહ કરતા. વયોવૃદ્ધ ડોસીમા અને બાળ ધીરજની જુગલબંધી રચાતી. બે જનરેશન વચ્ચેની એ દોસ્તી જામી ત્યાં એક દિવસ માવજીબાપાએ ગામને સમાચાર આપ્યા કે ધીરજ મુંબઈ માટુંગા બોર્ડિંગમાં વધુ ભણવા જાય છે.

ગામનો લાડકો ધીરજ ડેપા ગામને અલવિદા કહી મહાનગર મુંબઈ આવી બોર્ડિંગમાં દાખલ થયો. બોર્ડિંગમાં ખરેખર એની કાયાપલટ થઈ. ઘરે મોજથી રહેવા ટેવાયેલો ધીરજ અહીં શિસ્તના પાઠ શીખ્યો. વક્તૃત્વ, સંગીત અને ખાસ કરીને આંગળી પર થાળી ફેરવવાની નૃત્યકલામાં માસ્ટર બની ગયો. ત્રણ વર્ષમાં ત્રીસ વર્ષનો અનુભવ મળ્યો. જેમ તેમ કરી એસ.એસ.સી.માં પહોંચ્યો. બધા સાથીદારો માનતા કે ધીરજ એકાદ વિષયમાં ફેઈલ ન થાય તો સારું. પણ ધીરજે બધાની ધારણા ખોટી પાડી, એ બધા જ વિષયમાં ફેઈલ થયો!!

એજ સમયે કુટુંબ આર્થિક સંકટથી ઘેરાયું એટલે લબરમૂછાળા ધીરજભાઈ ચેમ્બુરમાં નોકરીએ લાગ્યા, એ પણ રોકડા અઢીસો રૂપિયામાં!! જાણે આઝાદ પંખી પિંજરામાં પુરાઈ ગયું. તે વખતે મિત્રો કોલેજમાં જઈ રૂપાળા સ્વપ્નો સજાવતા હતા અને પોતે દિવસરાત સંઘર્ષ કરતા હતા. એમણે મનમાં પોતાને પ્રોમિસ કર્યું કે એક દિવસ લક્ષ્મીને તો રીઝવીશ પણ સાથે સાથે સરસ્વતી દેવીને પણ રીઝવીશ.

પત્રીના વસનજીભાઈ ધરોડની દીકરી ભાવનાબેન સાથે લગ્ન રચાતા જાણે ભાગ્ય પલટાયું. એકબાજુ માવજીબાપાએ સેલવાસમાં ટાઈલ્સની ફેક્ટરી નાખી અને બીજી બાજુ મહાલક્ષ્મી અને મા સરસ્વતી બંને હાથ જાલી ધીરજભાઈના જીવનમાં પ્રવેશી! અને શરૂ થઈ આ 'જૈન ગઢવી'ની સ્ટેજયાત્રા...

આજે એનાઉન્સર લાખો રૂપિયા ચાર્જ કરતા થઈ ગયા છે ત્યારે આ એકલવીરે પોતાની કલાનો એક પણ પૈસો લીધો નથી. પૈસા તો જવા દયો સન્માન પણ સ્વીકારતા નથી, નહિંતો સંચાલનના કામમાંજ કરોડો રૂપિયા કમાવી લીધા હોત!! કોઈ સામાજિક કે ધાર્મિક સંસ્થા પોતાના પ્રોજેક્ટ માટે પૈસા ભેગા કરવા માંગતી હોય તો ફંક્શનનું સુકાન ધીરજભાઈને સોંપી દે એટલે નચિંત બની જાય. માઈક હાથમાં લેતાંજ કંઠમાંથી રેશમી શબ્દો સરકવા લાગે, ઑડિયન્સમાં બેઠેલા એકેએક પ્રેક્ષકોની અંદર 'દાનવીર કર્ણ' જાગૃત થઈ જાય અને દાનની ગંગા વહેવા લાગે. આ રીતે ધીરજભાઈએ સામાજિક, ધાર્મિક કાર્યો માટે ઓછામાં ઓછા હજાર કરોડ રૂપિયા ભેગા કરી આપ્યા છે છતાં એનો ભાર મનમાં રાખ્યો નથી.

થોડાક વર્ષ પહેલા દેવલાલીમાં સુવઈ ગામની સેનિટોરિયમના ફંડ રાઈસિંગ પ્રોગ્રામમાં સંચાલન કરવા ગયા. ટીના છેડા અને એકલવીરની જુગલબંધીએ રંગ રાખ્યો અને મોડીરાતે ટીના છેડાએ કહ્યું કે, છેક દેવલાલી આવી ધીરજભાઈએ પોતાની વાણીથી આપ સર્વની અંદર બેઠેલા જગડુશા દાતારને જગાવી દીધો અને ટાર્ગેટથી પણ વધુ એટલેકે રૂપિયા સાડા દસ કરોડ જમા કરી આપ્યા!! પણ ધીરજભાઈ આજે ખૂબ દુઃખી છે કારણકે દેવલાલી આવવા ઘરેથી નીકળ્યા ત્યારેજ એમને સમાચાર મળ્યા કે એમના અધા (પિતાજી)નું ગામમાં અવસાન થયું છે. છતાં તેઓ અહીં આવ્યા કારણકે શો મસ્ટ ગો ઓન! સ્ટેજ પ્રત્યેના એમના કમિટમેન્ટને વંદન કરું છું.

બીજા દિવસે પ્લેનમાં કચ્છ જઈ મૃત પિતાજીના દર્શન કર્યા, આજીવન સેવાધારી પિતાની અંતિમયાત્રામાં ભુજથી બેન્ડ બોલાવી સ્મશાન સુધી પિતાને વાજતે ગાજતે જગતમાંથી વિદાય આપી, આવી દૃષ્ટિ કોઈ ફિલોસોફર (તત્ત્વચિંતક) માંજ હોઈ શકે અને ધીરજભાઈ એક ફિલોસોફર છે જે બહુ ઓછા લોકો જાણે છે, પણ હું એમની ફિલોસોફીનો ચાહક છુ.

સંત કબીર અને ઓશો રજનીશ એ બંને ભારતના વિખ્યાત ફિલોસોફર (તત્ત્વચિંતક) ગણાય, પણ બંનેની ફિલોસોફી સામાસામા છેડાની, વિરોધાભાસી. આ બંનેની ફિલોસોફી પચાવવી કાચા પોચાનું કામ નહીં, ભાગ્યેજ કોઈ એક સાથે બંનેને સ્વીકારી શકે. પણ એક સમયે દસમું ધોરણ પણ પાસ ન કરી શકનાર ધીરજભાઈએ બંનેને જાણે લોહીમાં ભેળવી દીધા છે. ધીરજભાઈ પાસેથી ક્યારેક ફોન પર બંને વિશેની વાતો અને દૃષ્ટિબિંદુ સાંભળીએ ત્યારે એક અલગ મિજાજના ધીરજનો પરિચય થાયજ થાય!

ગેરકાયદે બાંધકામોથી મુંબઈને બાનમાં લેનારાઓ પર કાળ બનીને ત્રાટકનાર ગોવિંદ રાઘવ ખૈરનાર સાથે બંધુભાવ. ખૈરનાર અને ધીરજભાઈએ હ્યુમન ટ્રાફિકિંગનો ભોગ બનેલી અનેક કન્યાઓને દેહ વ્યાપારમાં ધકેલનાર ગુંડાઓ સામે કાળ બનીને કાર્ય કર્યું છે. જાનના જોખમે સેંકડો કન્યાઓને દેહ વ્યાપારના કાદવમાંથી બહાર કાઢી સારી જગ્યાએ સેટલ કરી છે જેની જનસામાન્યને કદાચ ખબર પણ નથી.

એકવાર અહિંસામિત્ર અરવિંદ છેડાએ સમાચાર આપ્યા કે આરે ડેરીમાં એક સાથે પચીસસો ગાયો ખાટકીવાડે વેંચાવાની જાહેરાત આવી છે. કસાઈઓ એક સાથે પચીસસો ગાયો કતલખાનામાં લઈ જાય એ વાતથી કોઈ પણ અહિંસા પ્રેમી હચમચી જાય. પણ ધીરજભાઈ અને સાથીદારો હચમચીને બેસી રહે એવા નો'તા. બધી ગાયોને છોડાવવા કમર કસી.

આરેના અધિકારીને મળી ગાયો કતલખાનામાં ન મોકલવા આ સરસ્વતીપુત્રે સમજાવવા સફળ તો થયા પણ સરકારે પચીસસો ગાયોની કિંમત પચીસ લાખ રૂપિયા રાખી હતી!! ભારે મહેનત કરી રકમ પણ જમા કરી ભરી દીધી. પણ આટલી બધી ગાયો રાખવી ક્યાં? ધીરે ધીરે ગાયોને વિવિધ ગૌશાળા કે પાંજરાપોળમાં મોકલવા સફળ થયા ત્યાં સુધી આખી મંડળીએ આરેના તબેલામાં ખાટલા નાખી દિવસો સુધી ગાયોની રખવાળી કરી કસાઈઓથી બચાવવા પુરુષાર્થ કર્યો.

મુંબઈમાં રખડતા કૂતરાઓને પકડી સુધરાઈ લઈ જાય. સુધરાઈના માણસો કૂતરાઓને ક્રુરતાપૂર્વક કોથળામાં ભરી ગાડીમાં ફેંકે. ઉપરથી ફેંકાયેલા કોથળામાં પુરાયેલા કૂતરાના હાડકા ભાંગી જાય, કોથળામાં ગૂંગળાવા લાગે. દિવસો સુધી પાણી અને ખોરાક વગર અધમુઆ થઈ જાય. છેવટે એક દિવસ ઈલેક્ટ્રિક શૉક આપી કૂતરાંઓને મારી નંખાય. આ ક્રુર અને ઘાતકી રીતે કૂતરાઓને મારી નંખાતા જોઈ ભલભલા રડી પડે.

પણ ધીરજભાઈ રડીને માત્ર બેસી રહે એવા ક્યાં હતા? મુંબઈ સુધરાઈ પર વર્ષોથી શિવસેનાનું શાસન ચાલે છે. એટલે અહિંસા મિત્ર અરવિંદ છેડા એકલવીર અને બીજા કાર્યકરોને સીધા બાળાસાહેબ ઠાકરે પાસે લઈ ગયા. ધીરજભાઈની વાત કહેવાની કળાને કારણે બાળાસાહેબને આખી વાત સમજાઈ. પ્રાણીઓ માટેના કાયદાઓ ઈત્યાદિથી સાહેબ પ્રભાવિત થઈ તાત્કાલિક કૂતરા પકડી મારી નાખવાની મનાઈ ફરમાવી. ધીરજભાઈ અને સાથીદારોને કારણે સુધરાઈએ કાયમી ધોરણે કૂતરાઓને મારવાને બદલે ખસીકરણ શરૂ કર્યું. આમ આજ સુધી લાખો કૂતરાઓનો જીવ બચી જવા પામ્યો છે.

ધીરજભાઈએ ગ્લોબલ કચ્છ માટે ખૂબ ઉમદા કામ કર્યું છે. કૂવા રીચાર્જિંગથી લઈ વૃક્ષારોપણના કામનો ઉજળો હિસાબ આપવા બીજો એક લેખ લખવો પડે એમ છે. પર્યાવરણ માટે આખું જીવન એકલવીરે કચ્છને સોંપી દીધું છે.

એમના આવા સદ્‌કાર્યોને કારણે ઈશ્વર પણ એમના પર ઓળઘોળ થઈ વરસ્યો છે. પરિણામે આયખું ઉજાળનાર પત્ની ભાવનાબેન ઉપરાંત દીકરો પંકિત જેણે અમેરિકા જઈ સોફ્ટવેર એન્જિનિયરીંગમાં માસ્ટર કર્યું. લાખો ડોલરનો પગાર છોડી દેશ અને મા-બાપ સાથે રહેવા ઈન્ડિયા આવી ગયો. પંકિતની વાઈફ ઉર્વિએ લંડનમાં માર્કેટીંગમાં માસ્ટર કર્યું છે.

જમાઈ વિશાલ સંગોઈ (સમાઘોઘા) ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ થઈ પ્રોફેશનલ ખેતી કરે છે, તો દીકરી શ્રેણી ટોપ લેવલની ઈવેન્ટ મેનેજર છે. મૂકેશ અંબાણી અને રીલાયન્સ માટે અનેક ઈવેન્ટ મેનેજ કરી છે. છેલ્લા કેટલાય વર્ષોથી મુંબઈ ઈન્ડિયન્સ (નીતા અંબાણીની ક્રિકેટ ટીમ) માટે આઈ.પી.એલ.માં મહત્ત્વનું આયોજન સંભાળી કચ્છીઓનું ગૌરવ વધાર્યું છે! કચ્છ યુવક સંઘના પૂર્વ પ્રમુખ એકલવીરનો દોસ્ત અને ભાઈ સમાણા પ્રફુલભાઈ વીરાને કારણે એકલવીર હવે એકલવીર નથી રહ્યા.

**મુંબઈ**

**મો. ૯૭૫૭૪ ૦૫૮૭૨**

*'સોમૈયા' લિખેજો છડી દે*
*કર ડોકડેંજી ધરકાર*
*વગર ડોકડે ન ડિંધો કોય*
*જગતમેં તોકે જોઆર.*

*અરવિંદ સોમૈયા – નખત્રાણા, કચ્છ*

તંદુરસ્તી

# માનસિક સ્ટ્રેસની શરીર પર અસર
## ભાગ-૫ : સારવાર

ડૉ. મણિલાલ ગડા
(સિનિયર મનોચિકિત્સક)
ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

આગળના લેખોમાં આપણે જાણ્યું કે સ્ટ્રેસ એટલે શું? હકારાત્મક સ્ટ્રેસ તથા નકારાત્મક સ્ટ્રેસ તથા સ્ટ્રેસની શારીરિક પ્રક્રિયા વિશે પણ જાણકારી મેળવી. માનસિક સ્ટ્રેસના નિર્માણ માટે બાહ્ય પ્રસંગ કે ઘટના કરતાં વ્યક્તિનો પ્રતિભાવ અને પ્રતિક્રિયા વધારે મહત્ત્વના છે. સ્ટ્રેસના નિર્માણ માટે આંતરિક પરિબળ વધારે મહત્ત્વનું છે. પ્રસંગ કે ઘટના ૧૦% ભાગ ભજવે છે જ્યારે વ્યક્તિનો પ્રતિભાવ તથા પ્રતિક્રિયા ૯૦% ભાગ ભજવે છે. અન્ય લેખમાં સ્ટ્રેસના લક્ષણો – શારીરિક, ભાવનાત્મક તથા માનસિક વિશે પણ જાણકારી મેળવી.

આ લેખમાં આપણે જાણકારી મેળવીએ કે સ્ટ્રેસની બીમારી થાય તો સારવાર કેવી રીતે કરી શકાય જેથી ૨૧મી સદી તથા કોરોના સમયમાં આપણે સ્ટ્રેસથી સલામત રહીએ.

- **સારવાર :**

અન્ય શારીરિક બીમારીઓની જેમ માનસિક સ્ટ્રેસની બીમારીની સારવાર નીચેની પદ્ધતિઓથી કરવામાં આવે છે.

૧. **દવાઓ** : માનસિક સ્ટ્રેસમાં શરીરમાં થયેલ રાસાયણિક હોરમોનલ તથા ન્યુરોટ્રાન્સમિટર્સના ફેરફારો દવાઓ દ્વારા નોર્મલ કરાય છે.

૨. **મનોવિશ્લેષણ કાઉન્સેલિંગ** : પ્રથમ દવાઓની સારવારથી લક્ષણો કાબૂમાં આવ્યા બાદ મનોવિશ્લેષણની સારવાર દવાઓ સાથે કરાય છે.

મનોવિશ્લેષણ કાઉન્સેલિંગ દ્વારા સ્ટ્રેસની બીમારી તરફ ધકેલતા ખામીયુક્ત વ્યક્તિત્વ તથા અભિગમ તથા ખામીયુક્ત સામાજિક વ્યવહાર તથા અન્ય પરિબળો વિશે દર્દી તથા કુટુંબીજનો સાથે ચર્ચા કરાય છે. આ વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા દર્દી આ નકારાત્મક પરિબળો પ્રત્યે સજાગ બને છે તથા વ્યક્તિત્વ તથા અભિગમમાં સમજણપૂર્વક તથા સજાગપણે બદલવા પ્રયત્ન કરે છે. જેને લીધે અપેક્ષિત પરિણામો મળે છે.

- **દવાઓ દ્વારા સારવાર**

સ્ટ્રેસ પ્રતિરોધક દવાઓ (Anti stress Medication) ગુણકારક દવાઓ છે. વિવિધ પ્રકારની સ્ટ્રેસ પ્રતિરોધક દવાઓ ઉપલબ્ધ છે. રોગના લક્ષણો અનુસાર તથા વ્યક્તિની તાસીર પ્રમાણે, યોગ્ય માત્રામાં આ દવાઓ આપવામાં આવે છે.

માનસિક બીમારીઓની સારવાર શારીરિક બીમારીઓની સારવાર પ્રમાણે જ થાય છે.

૧. શારીરિક બીમારીમાં (ડાયાબિટીસ, થાઈરોઈડ વગેરે) શરીરમાં રસાયણની (ઈન્સ્યુલીન, થાઈરોક્ષીનની) માત્રા વધઘટ થાય છે. જેથી રોગના લક્ષણો દર્દીમાં જોવા મળે છે.

   સ્ટ્રેસ તથા અન્ય માનસિક બીમારીઓમાં પણ બ્રેઈનમાં રસાયણની (સીરોટોનિન, એપીનેફ્રીન) માત્રામાં વધઘટ થાય છે. જેથી રોગના લક્ષણો દર્દીમાં જોવા મળે છે.

૨. શારીરિક બીમારીમાં દવાઓ દ્વારા રસાયણની માત્રા નોર્મલ કરાય છે. જેથી લક્ષણો નાબૂદ થાય છે.

૩. શારીરિક બીમારીમાં દવાઓ લાંબો સમય આપવી પડે છે. શરીર યોગ્ય માત્રામાં આ રસાયણો બનાવી શકતું નથી. દર્દી એનો બંધાણી (Addict) નથી પરંતુ શરીરની જરૂરત છે.

માનસિક બીમારીમાં પણ અમુક દર્દીઓને દવાઓ લાંબો સમય આપવી પડે છે. શરીર યોગ્ય માત્રામાં આ રસાયણો બનાવી શકતું નથી. દર્દી એનો બંધાણી (Addict) નથી, શરીરની જરૂરત છે.

- **ઔષધોપચારના સામાન્ય નિયમો :**

૧. દવાઓ નિયમિત લેવી જોઈએ.

૨. દવાઓની માત્રા (ડોઝ) મનોચિકિત્સક વ્યક્તિગત દર્દી તથા રોગના લક્ષણો મુજબ નક્કી કરે છે.

૩. મનોચિકિત્સકની સલાહ વગર, પોતાની જાતે કે સગાવહાલાની સલાહ મુજબ દવાઓમાં વધારો કે ઘટાડો કરવો નહીં.

૪. દવાઓની અસર આવતા થોડો સમય લાગે છે. આશરે બે અઠવાડિયા બાદ દવાઓની અસરનો ખ્યાલ આવશે.

૫. દર્દીને સારુ લાગવા માંડે તો પણ મનોચિકિત્સકની સલાહ પ્રમાણે કોર્સ પૂરો કરવો અગત્યનું છે. જેથી બીમારીનો ઉથલો ટાળી શકાય. દવાઓ અધવચ્ચેથી છોડવી નહીં.

- **દવાઓની સારવારથી સ્ટ્રેસનો સામનો કરવાની ક્ષમતામાં વધારો**

સ્ટ્રેસ પ્રતિરોધક દવાઓથી શરીરમાં રસાયણો, હોરમોન્સ તથા ન્યુરોટ્રાન્સમિટર્સની માત્રા નોર્મલ થાય છે. આથી દર્દીની

માનસિક ક્ષમતા વધે છે, મનોબળ વધે છે, મનને ખલેલ પહોંચાડનારા પરિબળોનો સામનો કરવાની ક્ષમતા વધે છે. (૧) મુશ્કેલ પરિસ્થિતિમાં યોગ્ય નિર્ણય લેવાના, (૨) લીધેલા નિર્ણયને અમલમાં મૂકવા માટેની માનસિક ઉર્જાનું નિર્માણ થાય છે. માનસિક ઈમ્યુનિટી વધે છે. (૩) નિર્ણયો યોગ્ય સમયે અમલમાં મૂકવાથી સકારાત્મક પરિણામ મળે છે. જેથી (૪) આત્મવિશ્વાસમાં વધારો થાય છે.

- **કેસ સ્ટડી**

૫૮ વર્ષના દીપકને (નામ બદલ્યું છે) સ્ટ્રેસ ડિસઓર્ડરની બીમારી થયેલ. મનોચિકિત્સાથી (દવાઓ તથા કાઉન્સેલિંગથી) સારો સુધારો થયેલ. મનોબળ તથા માનસિક ઈમ્યુનિટી વધી હતી.

સારવાર દરમિયાન દીપકના નાના ભાઈ તથા એના કુટુંબને ગંભીર કાર અકસ્માત થયેલ. સદ્‌ભાગ્યે જાનહાનિ થઈ ન હતી. પરંતુ ગંભીર શારીરિક ઈજાઓ થયેલ. ભાઈને છાતીન પાંસળીઓમાં ફ્રેક્ચર થયેલ. એની પત્ની બે દિવસ બેભાન (કોમામાં) રહી હતી. લોહી ખૂબ વહી ગયું હતું. દીકરાને પગમાં ફ્રેક્ચર થયેલ.

સારવાર પહેલાનો દીપક હોત તો આ સમાચાર સાંભળીને નર્વસ થઈ જાત, રડીને બેસી રહેત. અન્ય કુટુંબીજનોએ ભાઈની સાથે દીપકને પણ સાચવવો પડત.

આ ગંભીર પરિસ્થિતિમાં હતાશ, નર્વસ થઈ નિષ્ક્રિય બેસી રહી ચિંતા કરવાને બદલે દીપકે પરિસ્થિતિનો સક્રિય રીતે સામનો કર્યો. ત્વરિત યોગ્ય નિર્ણય લઈ ત્રણેયની સારવાર કરવાની વ્યવસ્થા કરી. નાના ભાઈ તથા ભત્રીજાને હોસ્પિટલમાં દાખલ કરી યોગ્ય સારવાર માટે વ્યવસ્થા કરી. ભાઈની પત્ની માટે લોહીની વ્યવસ્થા કરી. આથી ત્રણેયની તબિયતમાં ઝડપી સુધારો થયો.

સ્ટ્રેસ ડિસઓર્ડર બીમારીથી પીડાતા દીપકની યોગ્ય સારવાર બાદ સ્ટ્રેસનો સામનો કરવાની ક્ષમતા (Stress Management)માં વધારો થયો. માનસિક ઈમ્યુનિટી વધી.

- **મનોવિશ્લેષણ (Psychotherapy) :**

મનોવિશ્લેષણ (કાઉન્સેલિંગ)ની પ્રક્રિયા દર્દી યોગ્ય રીતે સમજી શકે તથા પોતાના માટે યોગ્ય નિર્ણય લઈ શકે એ માટે દર્દીની મનની સ્થિતિ નોર્મલ હોવી ખૂબ અગત્યનું છે. દવાઓની સારવારથી દર્દીની મનની સ્થિતિ નોર્મલ થાય, દર્દીમાં યોગ્ય નિર્ણયો કરવાની ક્ષમતા આવે. ત્યારબાદ મનોવિશ્લેષણની પદ્ધતિથી સારવાર કરાય છે.

*(ક્રમશઃ)*

## વિશ્વ સાઇકલ દિવસ

**(અનુસંધાન : પાના નં. – ૫૩ ઉપરથી ચાલુ)**

અહીં જાણો – કયા લોકોએ સાઈકલ ન ચલાવવી જોઈએ!

નિષ્ણાતોના મતે અસ્થમાના દર્દીઓએ સાઈકલ ચલાવવી જોઈએ નહીં. વાસ્તવમાં, વ્યક્તિએ સાઈકલ ચલાવવા માટે વધુ ઊર્જાનો ઉપયોગ કરવો પડે છે. તેનાથી શ્વાસની ગતિ પણ વધે છે. જો અસ્થમાના દર્દીઓ સાઈકલ ચલાવે છે તો તેમનામાં શ્વાસ લેવામાં તકલીફ વધી શકે છે અને તેમને અસ્થમાનો હુમલો આવી શકે છે. તેથી, અસ્થમાના દર્દીઓએ નિષ્ણાતની સલાહ વિના સાઈકલ ચલાવવી જોઈએ નહીં.

જો તમે સંપૂર્ણપણે સ્વસ્થ છો, તો સાઈકલ ચલાવવાથી તમારા પગ અને ઘૂંટણ મજબૂત થાય છે. પરંતુ જો તમને તમારા ઘૂંટણમાં દુખાવો છે, પરંતુ તેમ છતાં તમે સાઈકલ ચલાવો છો, તો તમારી સમસ્યા વધી શકે છે. તેથી, નિષ્ણાતની સલાહ લીધા વિના ક્યારેય સાઈકલ ચલાવશો નહીં.

વાઈની સમસ્યાથી પીડાતા દર્દીઓને ક્યારેક અચાનક આંચકો આવે છે. તેથી સાઇકલ ચલાવવી તેમના માટે સલામત માનવામાં આવતી નથી. સાઈકલ ચલાવતી વખતે જો તેને ક્યારેય અચાનક આંચકો આવે તો તે પડી શકે છે અને ગંભીર રીતે ઘાયલ થઈ શકે છે. તેથી આ લોકોએ સાઈકલ ચલાવવાનું ટાળવું જોઈએ.

જો તમને તમારા પગની માંસપેશીઓમાં કોઈ પણ પ્રકારની સમસ્યા અથવા દુખાવો હોય, તો નિષ્ણાતની સલાહ વિના ક્યારેય સાઈકલ ચલાવશો નહીં. સાઇકલિંગ તમારા સ્નાયુઓને તણાવ આપશે. આ સમસ્યાને વધુ ખરાબ કરી શકે છે.

જો તમારું બાળક ૫ વર્ષ કે તેથી વધુ ઉંમરનું છે અને સાઈકલ કેવી રીતે ચલાવવી તે જાણે છે, તો તેને રસ્તા પર સાઈકલ ચલાવવાની મંજૂરી આપશો નહીં. અન્યથા અકસ્માત થઈ શકે છે. જો કે સાઈકલ ચલાવવી એ બાળકના વિકાસ માટે સારું છે, પરંતુ તેને હંમેશાં તમારી દેખરેખ હેઠળ સાઈકલ ચલાવવા દો.

છેલ્લે, એકજ વિનંતી છે કે આપણા સાઈકલ સવારો સાઈકલ ચલાવતી વખતે હેલ્મેટ પહેરે છે તો પોતાના પેટ્રોલ ડીઝલ, બેટરીથી ચાલતા વાહનો ચલાવતી વખતે પણ હેલ્મેટ પહેરો.

*સંદર્ભ : વીકિપીડિયા અને વિવિધ અખબારી અહેવાલ.*

*"પરમેશ્વરી", પ્લોટ નંબર ૧૬૫, હોસ્પિટલ રોડ,*
*વિજયનગર એરિયા, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫*

તંદુરસ્તી

# Diabetic Retinopathy
# ડાયાબિટીસની આંખ પર આડઅસર

ડૉ. કમલેશ એન. શાહ
M.D., F.I.C.A. (USA)

આ આંખની ડાયાબિટીસની ખરાબમાં ખરાબ આડઅસર છે. આ રોગ આંખમાં લઈ જતી આંખની લોહીની નળીઓની ખરાબીને લીધે થાય છે. જે આંખના અગત્યના ભાગ પડદા (Retina) ને નુકસાન કરે છે. ડાયાબિટીસ ટાઈપ-I અથવા II બંને પ્રકારમાં થઈ શકે છે. ડાયાબિટીસ કાબૂમાં ન રહે તો આંખ ઉપર આ આડઅસર થાય છે.

- **ચિન્હો :**

૧. શરૂઆતમાં કોઈ તકલીફ નથી - પરંતુ પછી ધૂંધળું દેખાવાનું શરૂ થાય છે.

૨. આંખ આગળ ડાઘો કે પદાર્થ હાલતો દેખાય છે.

૩. આંખના કેટલાક ભાગમાં દેખાવાનું બંધ થાય છે.

૪. અંતે દેખાવાનું સંપૂર્ણ બંધ થાય છે.

- **આંખના ડોક્ટરને ક્યારે બતાવવું?**

૧. દર વર્ષે ડાયાબિટીસના દર્દીને આંખની તપાસ કરાવવાની ભલામણ કરવામાં આવે છે.

૨. ડાયાબિટીસ ને પ્રસુતાને ખાસ ભલામણ થાય છે.

૩. ચશ્માના નંબરમાં ફેરફાર / આંખમાં જોવાની તકલીફ ઉપરના ચિન્હો દેખાય તૂટેના થવાના કારણો

૪. લોહીમાં સુગરનું પ્રમાણ વધી જાય ત્યારે આંખમાં લઈ જતી નાની લોહીની નસો જે આંખના પડદાને લોહી પહોંચાડે તે બંધ થઈ જાય છે. આ કારણે આંખમાં લોહીની નવી નસો ફુટવા માંડે છે.

૫. આ નસો સારી રીતે ફાલી શકતી નથી તેથી તે જલદી લીક થઈ જાય છે.

***બે પ્રકારના ડાયાબિટીસ રેટીનોપથી જોવા મળે છે.***

(૧) શરૂઆતની રેટીનોપથી, (૨) આગળ વધેલી રેટીનોપથી

**શરૂઆતની રેટીનોપથી ટાઈપ-I**

N.P.D.R. : આ પ્રકારમાં નવી લોહીની નસો ફૂટતી નથી.

★ આંખના પડદામાં લોહી લઈ જતી નસો નબળી બને છે. નાની નાની ફુગ્ગીઓ લોહીની નસોમાં દેખાય છે.

★ ક્યારેક નાની નસમાંથી તેમાંથી, લીક-પ્રવાહી + લોહી વહી શકે છે.

★ મોટી લોહીની નસો ફૂલે છે, અનિયમિત આકાર બને છે. ધીમે ધીમે તે બ્લોક થતી જાય છે.

★ આંખના વચ્ચેના ભાગ (Macula)માં પાણી જમા થવાથી સોજો આવે છે જે આંખનું વિઝન ઘટાડે છે.

**એડવાન્સ રેટીનોપથી ટાઈપ-II**

★ ઉપરનો પ્રકાર આગળ વધે તો નુકસાન થયેલી લોહીની નસો બ્લોક થઈ જાય છે.

★ આ કારણે નવી લોહીની નસો ફુટે છે. જે નાજુક હોય છે જેમાંથી જેલ પ્રકારનું પ્રવાહી આંખના મધ્ય ભાગમાં જમા થાય છે (Vitreous).

★ નાની / નવી નસો જેમાં ફાઈબર થવાથી, આંખના પડદા આંખના પાછળના ભાગમાંથી ખસી જાય છે.

★ નવી ફૂટેલી નસો, લોહી લઈ જતી નસોમાં પ્રેસર વધારે છે જે આંખની ચેતાતંતુ (Nerve) ને નુકસાન કરે છે. જે (Glucoma) માં પરિણમે છે.

ડાયાબિટીસના દર્દીઓમાં આ આડઅસર વધારનારા પરિબળો

૧. લાંબા સમયનો ડાયાબિટીસ.

૨. લોહીનું ઊંચુ દબાણ.

૩. ઊંચા પ્રમાણમાં કોલેસ્ટેરોલ.

૪. તમાકુનું સેવન વગેરે.

**ડાયાબિટીસ રેટીનોપથીની આડઅસરો :**

(૧) આંખમા રક્તસ્ત્રાવ, (૨) પડદો ખસવો, (૩) ગ્લોકોમા, (૪) અંધત્વ.

**અટકાવવાના ઉપાયો :**

ઉપરના બધા જ પરિબળોને કાબૂમાં રાખવા નિયમિત આંખોનું ચેક-અપ કરાવવું.

**ઉપાયો** : (૧) લેસર / ક્રાયોથેરાપી - આંખમાં પડેલાં કાણાં, ફાટેલી નસો માટે. (૨) Complex procedure : Viterctomy Scleral buckling પડદો ખસે ત્યારે.

**ટમટમીયાં**

★ ભારતમાં DR. Detachment of Retina ૧૬.૯%

★ જેમાં આંખમાં દેખાવાના પ્રશ્નો ૪% છે.

★ ૪-૨-૧નો નિયમ આંખમાં હેમરેજ માપવા માટે થાય છે.

# તીર્થ દર્શન

## તીર્થ દર્શન-૭૮

### શ્રી હસ્તિનાપુર તીર્થ
### (શ્રી શાંતિનાથ ભગવાન)



હસ્તિનાપુર એક પ્રાચીન નગર છે અને આ ગામમાં આવેલું શ્રી હસ્તિનાપુર તીર્થ યુગાદિદેવ શ્રી આદિશ્વર ભગવાનના સમય જેટલું પ્રાચીન છે. અહીં મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનની ગુલાબી વર્ણની લગભગ ૯૦ સે.મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમા છે. શ્રી શાંતિનાથ ભગવાન, શ્રી કુંથુનાથ ભગવાન અને શ્રી અરનાથ ભગવાનના ચ્યવન, જન્મ, દીક્ષા અને કેવળજ્ઞાન – એવા બાર કલ્યાણક હોવાનું મહાભાગ્ય આ ભૂમિને પ્રાપ્ત થયું છે. વળી ભગવાન મલ્લીનાથ અને શ્રી મહાવીર સ્વામીની ચરણરજથી આ નગરી પાવન થયેલી છે. શ્રી આદિનાથ ભગવાનને શ્રી શ્રેયાંસકુમારે અહીં જ ઈક્ષુરસના પારણા કરાવ્યા હતા. જે દિવસ આજે અક્ષય તૃતીયાના નામે ઓળખાય છે. ભગવાન મહાવીર પછી અનેક પ્રકાંડ વિધાન આચાર્યો અને ભાવિક સંઘોએ આ તીર્થની યાત્રા કરી. આમ, મહાન આત્માઓના જન્મ અને પદાર્પણથી આ ભૂમિ પવિત્ર બનેલી છે. આ પ્રાચીન સ્થાન હોવાથી પ્રાચીન પ્રતિમાઓ, સિક્કાઓ, શિલાલેખો જમીનમાંથી પ્રાપ્ત થાય છે. મૂળનાયકની પ્રતિમાની પ્રતિષ્ઠા વખતોવખત થતી આવી છે અને એનો છેલ્લો જીર્ણોદ્ધાર વિ.સં. ૨૦૨૧ માગશર સુદ ૧૦ના દિવસે થયો હતો. અહીં દર વર્ષે કારતક સુદ પૂનમ અને વૈશાખ સુદ ત્રીજના દિવસે મેળો ભરાય છે. અહીંથી એક માઈલ દૂર ટેકરી પર શ્રી શાંતિનાથ, શ્રી કુંથુનાથ અને શ્રી અરનાથની ચરણપાદુકા છે. અહીં જુદે જુદે સ્થળે શ્વેતાંબર અને દિગંબરોની દેરીઓ પણ છે. જેમાં એક પ્રાચીન દેરીમાં શ્રી આદિનાથ પ્રભુનાં ચરણ છે. આ સ્થળે શ્રી આદિનાથ પ્રભુએ પારણું કર્યું હોવાથી અક્ષય તૃતીયાનો વરઘોડો અહીં આવીને અટકે છે.

## તીર્થ દર્શન-૭૯

### શ્રી સૌરીપુર તીર્થ
### (શ્રી નેમિનાથ ભગવાન)



આગ્રાથી ૭૫ કિ.મી. દૂર અને શિકોહાબાદથી ૨૫ કિ.મી. દૂર આવેલું શ્રી સૌરીપુર તીર્થ સમવાયાંગ સૂત્ર, ઉત્તરાધ્યયન સૂત્ર જેવા પ્રાચીન આગમ ગ્રંથોમાં પણ ગૌરવભર્યો ઉલ્લેખ પામ્યું છે. બાવીસમા તીર્થંકર શ્રી નેમિનાથ ભગવાનના ચ્યવન કલ્યાણક અને જન્મ કલ્યાણકની આ પવિત્ર ભૂમિ છે. યમુના નદીને કિનારે વસેલા બટેશ્વરથી પહાડી રસ્તે ૧.૫ કિ.મી. દૂર આવેલા આ તીર્થમાં મૂળનાયક શ્રી નેમિનાથ ભગવાનની શ્યામ વર્ણની લગભગ ૭૫ સે.મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમા છે. ચરમ તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીનું પણ અહીં પદાર્પણ થયું હતું એમ કહેવાય છે. વળી આ પવિત્ર ભૂમિ પર શ્રી પ્રદ્યુમ્નસૂરિ, શ્રી બપ્પભટ્ટસૂરિજી, શ્રી વિમલચંદ્રસૂરિ, શ્રી ઉદ્યોતનસૂરિ, શ્રી નેમિચંદ્રસૂરિ, શ્રી દેવેન્દ્રસૂરિ વગેરે પ્રભાવશાળી આચાર્યો સમેતશિખરની યાત્રાએ જતાં સૌરીપુરમાં આવ્યા હતા. અકબર પ્રતિબોધક શ્રી હીરવિજયસૂરિ વિ.સં. ૧૬૪૦માં સૌરીપુર તીર્થની યાત્રાએ આવ્યા હતા અને એમણે સંઘવી સેહિલ દ્વારા ભરાવેલી મૂર્તિની અંજનશલાકા પ્રતિષ્ઠા કરી હતી. વળી એમણે શ્રી નેમિનાથ ભગવાનની ચરણપાદુકા પણ ત્યાં પધરાવી હતી. પ્રાચીન સમયમાં આ એક વિરાટનગરી હતી અને એના સૌરીયપુર અને સૂર્યપુર જેવાં નામો મળે છે. આ તીર્થનો અંતિમ ઉધ્ધાર અને પ્રતિષ્ઠા વિ.સં. ૧૯૮૧માં પૂ.આ. શ્રી વિજયધર્મસૂરિજીના શિષ્ય પૂ. શ્રી વિદ્યાવિજયજી તથા પૂ. શ્રી જયંતવિજયજી આદિ મુનિવરોએ કરી હતી. આ તીર્થના મૂળનાયક ભગવાન નેમિનાથની શ્યામ વર્ણની પ્રતિમા અત્યંત દર્શનીય છે. આ શહેરના ધ્વંસ અવશેષોમાંથી એની પ્રાચીનકાળની જાહોજલાલીની માહિતી સાંપડે છે.

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*
*મો. ૯૪૨૭૩ ૯૦૦૦૭*

લઘુકથા

# "જોઈએ છે...???"

પ્રેષક : નવનીત પટેલ

શહેરની મધ્યમાં આવેલા, મુખ્ય રસ્તા પર "છાંયડો" વૃદ્ધાશ્રમની બહાર ફૂટપાથ પર, ઝાડની નીચે એક વૃધ્ધ દંપતી બેઠું હતું. સાથે થોડો ઘરનો સામાન, બે પ્લાસ્ટિકના ડબ્બામાં દાળ અને ચોખા હતા. એક જૂની પેટીમાં બંનેના કપડાં હતા.

એક પતરાના કટાઈ ગયેલા ડબ્બા પર **"જોઈએ છે?"** લખ્યું હતું.

આવતા જતા લોકો વાંચતા હતા, હસતા હતા અને જતા રહેતા.

બપોરના સમયે એક મર્સિડિઝ ત્યાંથી પસાર થતી હતી. એના માલિકે અંદરથી ડબ્બા પર લખેલું વાંચ્યું અને કુતૂહલથી પ્રેરાઈને ડ્રાઈવરને ગાડી રીવર્સમાં લેવા કહ્યું. એ હતો બત્રીસ વરસનો, શહેરનો નામાંકિત, બાહોશ ઍડવોકેટ નિરંજન પંડ્યા. જાજરમાન વ્યક્તિત્વનો એ યુવાન ગાડીમાંથી નીચે ઉતરી ઝાડ નીચે પેલા વૃધ્ધ દંપતી પાસે ગયો.

'જય શ્રીકૃષ્ણ વડીલ' કહીને ફૂટપાથ પર બેસી ગયો.

વૃધ્ધ પુરુષે ઊંચું જોયું અને બે હાથ જોડી જય શ્રીકૃષ્ણ કહ્યું. માજી પણ બોલ્યા, 'દીકરા, જય શ્રીકૃષ્ણ... '

નિરંજને પૂછ્યું, "વડીલ... આ 'જોઈએ છે?' એટલે શું?"

આટલું પૂછ્યું ત્યાં તો બન્ને વૃધ્ધોના આંખોમાંથી ટપ.. ટપ.. આંસુ સરવા માંડ્યા. નિરંજને મન હળવું કરવા રડવા દીધા.

વૃધ્ધ બોલ્યા, 'દીકરા, એકનો એક દીકરો વિધાતાએ છીનવી લીધો. ભાડાનું ઘર મકાન માલિકે ખાલી કરાવ્યું. અહીં આ વૃદ્ધાશ્રમમાં આશરો મળશે એ આશાએ આવ્યા. પણ મહિને બન્ને જણના ચાર હજાર રૂપિયા ભરવાના ક્યાંથી લાવું? એટલે અહીં બહાર બેસી ડબ્બા પર ચીતર્યું કે કોઈને મા-બાપ જોઈએ છે? દીકરા, મા-બાપ તો ખાલી કહેવા ખાતર, બાકી અમે બંને ઘરનું બધું કામ કરીશું.'

ને માજી મોઢે સાડલાનો ડૂચો દબાવી આંખો નિતારી રહ્યા.

નિરંજનની આંખો અને હૃદય ભરાઈ આવ્યા. એણે કહ્યું, 'બાપુ, અત્યાર સુધી એવું સાંભળ્યું છે કે નિઃસંતાન મા-બાપ બાળકોને દત્તક લે છે. હું તમને મા-બાપ તરીકે દત્તક લઈ નવો ચીલો ચીતરીશ. પણ, બીજું પણ કંઈ જોઈએ છે તમારી પાસેથી...' વૃદ્ધ બોલ્યા, 'દીકરા, જો... આ અમારો અસબાબ... અહીં જ પડ્યો છે. એ સિવાય બીજું કંઈ નથી.'

નિરંજન માજી પાસે ગયો. બંને હાથમાં માજીનું મોં પકડી બોલ્યો, "મા, તારી મમતાનો, તારા પાલવનો મીઠો છાંયો મને જોઈએ છે.' એમ કહીને માજીએ ઓઢેલી, ફાટેલી, મેલી સાડીનો પાલવ માથે મૂક્યો અને બોલ્યો, "બાપુ, તમારી લાગણીના ભીના સ્પંદનો મને જોઈએ છે... બોલો આપશો?" બોલતા બોલતા બંનેને ભેટી પડ્યો.આંખોમાં લાગણીઓના ઘોડાપૂર ઉમટી રહ્યા હતા.

વૃધ્ધ આ કળિયુગના શ્રવણને જોઈ રહ્યા. માજીએ ખીચડી બનાવી હતી. એક તૂટેલી રકાબીમાં લઈને નિરંજનને આપી. પ્રસિદ્ધ ઍડવોકેટ ખીચડી એ રીતે ખાઈ રહ્યો જે રીતે કૃષ્ણએ સુદામાના તાંદુલ ખાધા હતા.

નિરંજને બન્ને જણને ગાડીમાં બેસાડ્યા. બધો સામાન માજીને પૂછીને વૃદ્ધાશ્રમમાં આપી દીધો. પણ... "જોઈએ છે?" લખેલો પતરાનો ડબ્બો ડિક્કીમાં મૂકી દીધો.

એક આલીશાન બંગલા પાસે ગાડી ઉભી રહી. બંને જણના હાથ પકડી ગાડીમાંથી નીચે ઉતાર્યા અને બહારથી જ બૂમ પાડી... ગુંજા... ઓ ગુંજા... જો, કોણ આવ્યું છે? અને નિરંજનની પત્ની બહાર આવી. બન્ને વડીલોને જોયા. કંઈ પણ પૂછ્યા વિના સૌથી પહેલા પગે લાગી. હાથ પકડી અંદર લઈ ગઈ.

નોકર પાણી લઈ આવ્યો. નિરંજને ગુંજાને બધી વાત કરી. ગુંજા અને નિરંજને કહ્યું, આજથી તમે અમારા માતા-પિતા છો. અમે તમને મા ને બાપુ કહીશું. અને હા... તમે અમારા ઘરમાં નહીં પણ અમે તમારા ઘરમાં રહીએ છીએ. આ ઘર તમારું છે. બન્ને વૃદ્ધોની આંખોમાં ચોમાસુ બેઠું હતું. 'સદા સુખી રહો' કહી બંનેને આશીર્વાદ આપ્યા. સમય વીતવા લાગ્યો. બે વરસ થઈ ગયા.

દિવાળીના દિવસો ચાલી રહ્યા હતા. ઘર દીવડાઓ અને લાઈટિંગથી શોભી રહ્યું હતું. માજી દરરોજ નવી રંગોળીથી ઘરને સજાવતા હતા. દિવાળીના દિવસે ઘરમાં બનાવેલા મંદિરમાંથી પૂજા કરી મા બાપુ બહાર આવ્યા અને ચા પીવા બેઠા ત્યારે ડાઈનિંગ ટેબલ પર બે વરસ પહેલાંનો "જોઈએ છે?" લખેલો પતરાનો ડબ્બો જોયો. સામે નિરંજન અને ગુંજા બંને મા-બાપની સામે જોતા બેઠા હતા. મા એ પૂછ્યું, 'બેટા, આ શું છે? આ તો પેલો અમારો ડબ્બો!!'

નિરંજનના બાપુ બોલ્યા, 'બેટા, આ જોઈએ છે? એટલે શું?'

નિરંજન ઉઠ્યો અને મા-બાપુ પાસે ગયો ને બોલ્યો, 'મા... બાપુ... આ તમારી વહુ પૂછે છે કે તમને પૌત્ર કે પૌત્રી જોઈએ છે?' ને ગુંજા શરમાઈ ગઈ.

માજી ઉઠ્યા ને ગુંજાને માથે હાથ મૂકી આશિર્વાદ આપતા કહ્યું, 'હા, અમારે દાદા-દાદી બનવા સરસ મજાની તારા જેવી ઢીંગલી જોઈએ છે.' ઘરમાં બધાનો ખડખડાટ હાસ્યનો પડઘો પડી રહ્યો.

માજીએ કહ્યું, "વહુ, કાલથી નવું વરસ શરૂ થાય છે. આવતા વર્ષે તો આપણું ઘર બાળકની કિલકારીઓથી ગુંજતું હશે. આપણે બધા સાંજે ઈશ્વરનો આભાર માનવા દેવદર્શને જઈશું. નિરંજન અને પૂજાએ હા કહ્યું અને બંને વૃદ્ધો આકાશ સામે મીટ માંડીને પૂછી રહ્યા, "હે નિયતિ.... અકળ છે તારી ગતિ..." ■

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## વિદ્યાર્થી પુરસ્કાર યોજના

### બાળવર્ગથી ઉપરના ઉત્તીર્ણ થયેલા તમામ વિદ્યાર્થીઓ માટેનું ગૂગલ ફોર્મ

(નોંધ : ગૂગલ ફોર્મ ભરતાં પહેલાં નીચેની સૂચનાઓ અવશ્ય વાંચી જવી.)

### વર્ષ : ૨૦૨૫

(૧) આ પુરસ્કાર યોજના આ સમાજનાં નોંધાયેલા સભ્યો કે જેઓ અમદાવાદ - ગાંધીનગર અને તેની આસપાસના વિસ્તારમાં વસવાટ કરતાં કચ્છી જૈન પરિવારોનાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે છે.

(૨) આ વર્ષે તમામ વિદ્યાર્થીઓની શૈક્ષણિક માહિતી ફક્ત ગૂગલ ફોર્મથી જ સ્વીકારવામાં આવશે. ગૂગલ ફોર્મ ભરવા માટે નીચે આપેલ **QR Code** સ્કેન કરવો.

(૩) ગૂગલ ફોર્મમાં માંગ્યા પ્રમાણેની પૂરી વિગતો માર્કશીટ પ્રમાણે તા. ૨૦-૦૭-૨૦૨૫ સુધીમાં ભરી દેવું. પછી લીંક બંધ થઈ જશે.

(૪) ગૂગલ ફોર્મ સફળતાપૂર્વક સબમિટ થશે એટલે આપને **E-mail** પર કન્ફર્મેશન આવશે.

(૫) આખરી નિર્ણય સરસ્વતી સન્માન સમિતિ અને વિશિષ્ટ પુરસ્કાર સમિતિનો જ રહેશે.

(૬) નીચેની વિગતો અનુસાર ચાલુ વર્ષે ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓ પુરસ્કારને પાત્ર છે.

**[i]** બાળવર્ગથી ધોરણ-૯ સુધીના દરેક વિદ્યાર્થી પુરસ્કારને પાત્ર છે. પરંતુ ધોરણ-૫થી ઉપરના દરેક વિદ્યાર્થીએ પોતાની માર્કશીટની નકલ અપલોડ (ઍટેચ) કરવાની રહેશે.

**[ii]** ધોરણ-૧૦થી પૂર્વ સ્નાતક (**Under Graduate**) સુધીના તેમજ સર્ટીફિકેટ, ડિપ્લોમા કે તેની સમકક્ષ વર્ગની પરીક્ષામાં ૬૦.૦૦ ટકા ગુણ કે તેથી વધુ ગુણ મેળવી ઉત્તીર્ણ થયેલ દરેક વિદ્યાર્થી પુરસ્કારને પાત્ર છે.

**[iii]** સ્નાતક (**Graduate**) કોલેજની ફાઈનલ ડિગ્રીમાં ૫૦.૦૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવી ઉત્તીર્ણ થનાર દરેક વિદ્યાર્થી પુરસ્કારને પાત્ર છે.

**[iv]** અનુસ્તાનક (**Post Graduate**)માં ઉત્તીર્ણ થનાર દરેક વિદ્યાર્થી પુરસ્કારને પાત્ર છે.

★ ***વધુ માહિતી માટે સંપર્ક :***

*મનીષભાઈ આણંદજીભાઈ વીરા : ૯૪૨૬૮ ૬૧૧૩૬*
*અમીબેન નીતિનભાઈ શાહ : ૯૯૭૯૯ ૬૧૯૨૯*
*રોહિતભાઈ શાંતિલાલ સંઘવી : ૯૮૨૪૦ ૦૬૬૪૮*
*સ્મિતાબેન વિશાલભાઈ શાહ : ૯૪૨૬૮ ૪૨૦૪૪*
*અલ્પાબેન ચિરાગભાઈ ગાલા : ૭૫૬૭૧ ૦૮૯૬૯*
*ધનરાજભાઈ રામજી દેઢિયા : ૮૯૮૦૦ ૪૮૮૩૪*

*ગૂગલ ફોર્મ ભરવા માટે*
*આ **QR Code** સ્કેન કરો*

**મનીષ વીરા**

**કન્વીનર – સરસ્વતી સન્માન અને વિશિષ્ટ પુરસ્કાર સમિતિ**

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## ઇતર પ્રવૃત્તિ સન્માન યોજના

### ઇતર પ્રવૃત્તિ માહિતી પત્રક – Non Academic Activity Form

(નોંધ : ગૂગલ ફોર્મ ભરતાં પહેલાં નીચેની સૂચનાઓ અવશ્ય વાંચી જવી.)

**વર્ષ : ૨૦૨૫**

(૧) આપણા સમાજના કોઈ પણ સભ્યએ શૈક્ષણિક સિવાય રાજ્ય સ્તરે (State Level), રાષ્ટ્રીય સ્તરે (National Level) તથા આંતરરાષ્ટ્રીય સ્તરે (International Level) યોજાયેલ સ્પર્ધામાં મેડલ / એવોર્ડ / રેન્ક મેળવેલ હોય તેમણે માહિતી અને સર્ટીફિકેટની નકલ સાથે આ ગૂગલ ફોર્મ ભરવું. (દા.ત. સંગીત-વાદ્ય, ડ્રોઈંગ, રમત-ગમત, સાહિત્ય, ઓલિમ્પિયાડ વગેરે)

(૨) તા. ૦૧-૦૪-૨૦૨૪થી તા. ૩૦-૦૬-૨૦૨૫ સુધીમાં જ ઉપલબ્ધિ મેળવેલ હોય તેમણે જ ગૂગલ ફોર્મ ભરવું. આપની માહિતી ફક્ત ગૂગલ ફોર્મથી જ સ્વિકારવામાં આવશે. ગૂગલ ફોર્મ ભરવા માટે નીચે આપેલ QR Code સ્કેન કરવો.

(૩) ગૂગલ ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૨૦-૦૭-૨૦૨૫ છે. પછી લીન્ક બંધ થઈ જશે.

(૪) ગૂગલ ફોર્મ સફળતાપૂર્વક સબમિટ થશે એટલે આપને E-mail પર કન્ફર્મેશન આવશે.

(૫) આખરી નિર્ણય સરસ્વતી સન્માન સમિતિ અને વિશિષ્ટ પુરસ્કાર સમિતિનો જ રહેશે.

★ *વધુ માહિતી માટે સંપર્ક :*

*મનીષભાઈ આણંદજીભાઈ વીરા : ૯૪૨૬૮ ૬૧૧૩૬*
*અમીબેન નીતિનભાઈ શાહ : ૯૯૭૯૯ ૬૧૯૨૯*
*રોહિતભાઈ શાંતિલાલ સંઘવી : ૯૮૨૪૦ ૦૬૬૪૮*
*સ્મિતાબેન વિશાલભાઈ શાહ : ૯૪૨૬૮ ૪૨૦૪૪*
*અલ્પાબેન ચિરાગભાઈ ગાલા : ૭૫૬૭૧ ૦૮૯૬૯*
*ધનરાજભાઈ રામજી દેઢિયા : ૮૯૮૦૦ ૪૮૮૩૪*

*ઈતર પ્રવૃત્તિ માહિતી પત્રક*
*Non Academic Activity Form*
*માટે આ QR Code સ્કેન કરો.*

**મનીષ વીરા**
**કન્વીનર – સરસ્વતી સન્માન અને વિશિષ્ટ પુરસ્કાર સમિતિ**

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : એન્યુઅલ સ્ટાફ મીટિંગ – ૨૦૨૫

## કાર્યક્રમની તસવીરી ઝલક















પાલડી - એલિસબ્રિજ - વાસણા પોલીસ સ્ટેશન દ્વારા યોજવામાં આવેલ બ્લડ ડોનેશન કેમ્પ સમયે દીપ પ્રાગટ્ય કરતાં A.C.P. સાથે સમાજના ટ્રસ્ટીઓ તથા અન્ય મહેમાનો

અનુગ્રહ ટ્રસ્ટ દ્વારા આયોજિત બ્લડ ડોનેશન કેમ્પમાં ઉપસ્થિત શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટીશ્રીઓ



Since 1985

INDOTEX PAINTS

• Durable • Decorative • Protective • Anti-fungus
• Heat, Scrub and UV resistant • All weather proof

PRODUCTS • Exterior & Interior Emulsion • Textures • Putty • Distemper
• Primers • Enamel • Damp Proof • Satin Enamel • Zinc Yellow • Red Oxide
• Wood Primers • Road Marking • Aluminium Paint • Black Board Paint
• Touch wood • Epoxy enamels • Thinners

Contact No.: 9825033596 • 9712133596 • 9909444598
Web : www.indotexpaints.com • E-mail : indotexpaints@yahoo.co.in



સ્ટેપલરની એક પીન
કરોડોના દસ્તાવેજ સાચવી રાખે છે.
દુનિયામાં કોઈ પણ વ્યક્તિને એના કદથી નહીં,
એના ગુણથી પારખજો.



જે માણસ સારા વિચારો પકડી શકે છે,.
એ માણસે હાથમાં માળા પકડવાની
જરૂરત રહેતી નથી.

Bharat B. Gala
M. : 93270 05460

SHREE Raju ENTERPRISE
RE-ROLLING & JOB WORKS, S.S. PATTA-PATTI

323, G.V.M. M.S.A.V. Ltd., Odhav, Ahmedabad - 382 415.
E-mail : shreerajuenterprise@yahoo.co.in

With Best Compliments From

Sathwara Construction

C/174, Ambica Krupa, Ranip, Ahmedabad-382 480.
M. : 98985 76892
E-mail : sathwaraconstruction@gmail.com



સારું કામ અને સારી ભાષા
ફિક્સ ડિપોઝીટ સમાન છે;
સમય જતાં મૂડીની સાથે વ્યાજ પણ આપી જાય છે.



હંમેશાં એટલા નાના બનો કે
કોઈ પણ વ્યક્તિ તમારી સાથે બેસી શકે અને
પોતાના કામો થકી એવા મોટા બનો કે
તમે ઉભા થાવ ત્યારે કોઈ બેસી ન શકે.

૯૪૨૬૦ ૧૪૨૩૫
૯૪૨૯૫ ૦૦૬૦૦

શાંતિનાથ ડેકોરેટર્સ
(મહાવીર ગ્રુપ - ધામાવાળા)
લગ્ન તેમજ શુભ પ્રસંગે કલાત્મક ડેકોરેશનનું કામ કરનાર

બી-૭, એન.ડી. શ્રોફ માર્કેટ, વાસણા બસ સ્ટેન્ડ પાસે, વાસણા, અમદાવાદ-૭.

R.N.I. No. of RNP is 33266/1978 • Published on 1st of Every Month

• શુભેચ્છા સહ •



# પ્રભુલાલ એમ. સંઘવી

ઘાટકોપર, મુંબઈ.
મો. ૯૮૨૦૦ ૩૭૪૭૬

Chandrakant K. Gada
+91-9825069290

BLUE STAR INDUSTRIES

Stainless Steel Re-Rollers

Plot No. 130. G.I.D.C. Estate, Kalol - 382721,
Gandhinagar. Phone : (02764) 220330, 224330
E-mail : bluestar.indu1@gmail.com



SKYBLUE STATIONERY MART
EVERY THING THAT YOU THINK

**South Bopal** : 35, Gala Magnus, Opp. Safal Parisar-1, Ahmedabad
**Krutika Haria : 9099047163**

**Surdhara** : GF Shop No. 26, Maple Trade Centre, SAL Hospital Road, Thaltej, Ahmedabad.
**Piyush Salva : 9879568027**



ફ્યુઝન કિડની કેર પ્રા. લી.
FUSION KIDNEY INSTITUTE
Full UroNephro Solutions



ડો.હિમાંશુ શાહ [M.S. Mch.(યુરોલોજી)] ગોલ્ડ મેડાલીસ્ટ
ડાયરેક્ટર, ફ્યુઝન કિડની ઈન્સ્ટીટ્યૂટ, વતન – માંડવી, કચ્છ
પથરી, પ્રોસ્ટેટ, કિડની, બ્લેડર કેન્સર, મૂત્રમાર્ગ ના રોગ,
બાળકો ના પેશાબ ના રોગ ના નિષ્ણાંત

ગુલબાઇ ટેકરા BRTS બસ સ્ટેન્ડ ની સામે, પાંજરાપોળ યુનિવર્સિટી રોડ, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦૦૧૫
એપોઇન્ટમેન્ટ માટે : ૦૭૯-૬૧૩૪૬૧૩૪ ૦૭૯-૨૬૩૦૫૦૬૦,
સોમવાર થી શુક્રવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦ સાંજે ૦૪:૦૦ થી ૦૫:૦૦, શનિવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦
Website : www.fusionkidney.com Email : info@fusionkidney.com

BMCB BANK
ESTD 1995
Multi-State Bank

ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેંક લિ.
મીઠાખળી છ રસ્તા, અમદાવાદ–૬.
Tel. : 26400969 • www.bhujbank.com

બેંકની વિવિધ સગવડો

- FDR વ્યાજ દર upto 8.75% @ with monthly Interest.
- Flexi ચાલુ ખાતા અને બચત ખાતામાં વ્યાજ Max 5.5%@*
- RTGS / NEFT / DD / IBC / Ch. Book Chages : Nil*
- ATM Card ■ Lockers ■ Free SMS Alert ■ e-Stamping
- રૂા. ૧૩ કરોડ સુધીની બિઝનેસ લોન.
- ડિવીડંડ : • વર્ષ ૨૦૨૨ : ૧૦% • વર્ષ ૨૦૨૩ : ૧૨%
- IMPS, UPI, BBPS, Voice Box, QR Code Facility
- બેંકના રોકડ કામકાજનો સમય : સવારે ૧૦ થી સાંજે ૫

* Conditions apply



ભાઈ, ભાઈબંધ, ભાગીદાર અને ભગવાન –
આ ચારની સાથે ચાલાકી નહીં કરનાર
હંમેશાં ફાયદામાં રહે છે.

પાણી તો દરેકને એક જેવું જ અપાય છે. છતાં શેરડી મીઠી, દ્રાક્ષ ખાટી, કારેલું કડવું અને મરચું તીખું ઉગે છે;
એનું કારણ પાણી નહીં પણ બીજ છે. આપણે આપણા મનમાં જેવા વિચારોનું વાવેતર કરીશું એવું જ ઉગી નીકળશે.

*If undelivered please return to :*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી - એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૧ થી ૬૦૦૬

**To,**